ગ્રેજ્યુએટ પ્રવચનકાર પૂજ્ય મુનિરાજ શ્રી સુધર્મસાગરજી મ. સા.

જેઓની ઉત્કટ લાગણી – ભાવનાથી ગ્રન્થલેખન અને પ્રકાશન શક્ય બન્યા







સમર્પણ

પૂજ્ય ગુરુદેવ શ્રી સુધર્મસાગરજી મહારાજ સાહેબ

જેઓની હાર્દિક ભાવના – અંતઃકરણ પૂર્વકની પ્રેરણા – ઉત્કટ લાગણી
બીજા ભણે તે માટે કંઇક કરવાની તમન્ના - કાર્યબોજ વહન
ક્ષમતાં-આર્થિક આયોજન માટેનો દૃઢ વિશ્વાસ – કાર્યપૂર્ણ
કરાવવા માટેની ધીરજ - વિદ્યા વ્યાસંગ – તેમજ નિષ્કપટ
અને સરલ સ્વભાવજન્ય સબંધોથી આ ગ્રન્થ
લેખન પ્રકાશન શકય બન્યા.

તેઓશ્રીને કોટી કોટી વંદન સાથ સમર્પણ

તથા

દેવોને દુર્લભ, મનુષ્ય ભવમાં જ જેને પ્રગટ કરવાનો રાજમાર્ગ પ્રાપ્ત થાય
એવા સમ્યક્ દર્શન - જ્ઞાન - ચારિત્રાદિ ભવ્ય-દિવ્યગુણ પ્રાગટ્ય માટે
બાલ્યકાળથી સંયમ પ્રાપ્ત કરવા ભાગ્યવંત બનેલ અને નિસ્પૃહ
ભાવે વ્યાકરણ પ્રત્યેના પ્રેમથીજ પોતાનું કામ માની ત્રીજા
ભાગની પ્રેસ કોપી-સંદર્ભ સાહિત્ય સામે રાખીને-
અક્ષરશઃ તપાસી ક્ષતિરહિત બનાવવા પ્રયત્ન
કરનાર, પહેલેથી વચનબદ્ધ કરેલ હોઈ જેનું
નામ નિર્દેશન ન કરી શકવાનુ અત્યંત
દુઃખ રહે છે તેવા દીક્ષિત આત્માને
શતશઃ આભારીની સાથે

સાદર સમર્પણ

બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મ સાગર ગુરૂભ્યો નમઃ


અભિનવ "હેમ" લઘુપ્રક્રિયા


ભાગ ત્રીજો

મૂલ કર્તાઃ- પૂ. મહોપાધ્યાય વિનયવિજયજી ગણિવર્ય

ગ્રંથરચના પ્રેરણાદાતા

વિદ્યાભ્યાસંગી પૂ. મુનિરાજશ્રી સુધર્મસાગરજી મહારાજ





સંપાદન-અનુવાદ-સસંદર્ભ વિવરણ

ગ્રેજ્યુએટ પ્રવચનકાર પૂ. મુનિરાજ શ્રીસુધર્મસાગરજી મ. સા. ના શિષ્ય

પૂ. મુનિરાજ શ્રી દીપરત્નસાગરજી (M.Com. M.Ed.)

કિંમત-પઠન પાઠન

સંવત ૨૦૪૩ વીર સંવત ૨૫૧૩ સને ૧૯૮૭

પૂ. આગમોદ્ધારક આ દેવ શ્રી આનંદસાગરસૂરિજી મ. સા.



* મુદ્રક *
જલિયાણ પ્રિન્ટર્સ
અનુપમા કે સેન્ટર
દિપક ટોકિઝ પાસે
જામનગર

* પ્રકાશક *
અભિનવ શ્રુત પ્રકાશન
પ્રવિણચંદ્ર જે. મહેતા
ગેઇન "નિવાસ"
દર પેન્ટ ઓફિસ પાછળ
જામનગર

પ્રકાશકનું નિવેદન

લગભગ હજાર વર્ષ પૂર્વે પૂ. કલિકાલ સર્વજ્ઞ ભગવંતે રચેલ સિદ્ધહેમ વ્યાકરણને, લગભગ સવા બસો વર્ષ પૂર્વે પ્રક્રિયા રૂપે ફેરવ્યા પછીનું ગર્ભ-વિવરણ સહિતનું આ [illegible]મ ગુજરાતી પ્રકાશન છે જે [illegible] સાથે [illegible] થયેલા અમારા પૂજ્ય મુનિરાજ શ્રી સુધર્મસાગરજી મ. સા. ની અનન્ય પ્રેરણા-અંતઃકરણ પૂર્વકની ભાવના/લાગણી તથા તેમના શિષ્ય પૂ. મુનિ દીપરત્નસાગરજીની મહેનતનો પરિપાક છે.

પ્રથમ બે ભાગના પ્રકાશન બાદ ખૂબજ સુંદર અભિપ્રાયો અને સહકાર મળતા ટૂંક સમયમાં ત્રીજો ભાગ રજૂ કરતાં અમે ખૂબજ આનંદ અનુભવીએ છીએ. આ વ્યાકરણના જ્ઞાનથી પદ સિદ્ધિનું શુદ્ધ જ્ઞાન પામી શાસ્ત્રના અર્થની વિચારણા-ચિંતન. મનન દ્વારા [illegible] શાશ્વત સુખને પામો એજ શુભેચ્છા.

પુસ્તક પ્રકાશનમાં અત્યંત ઉપયોગી બનેલા અને તન મન ધનથી સહકાર આપનારા કાન્તિભાઈ-હર્ષદભાઈ-વિરેભાઈ, વહીવટી કાર્યવાહીમાં મદદરૂપ બનેલા મહેન્દ્રભાઈ તથા મનજીભાઈ ઉદારતાથી ફાળો આપનાર શ્રી જામનગર જૈનસંઘ સમસ્તના આભારી છીએ.

આ સમગ્ર ત્રીજા ભાગના કાગળના દ્રવ્ય સહાયક શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જૈન સંઘ-જામનગર ના આભાર સહ

પ્રવિણચંદ્ર જે. મહેતા
અભિનવ શ્રુત પ્રકાશન વતી

શ્રી નેમિનાથ ભગવાન



કૃષ્ણ બલભદ્રજી પૂજીત કસોટીના પ્રતિમાજી

(જે દહેરાસરજીનું બારણું મોટું થતું નથી અને શિખર થતું નથી)





શ્રી નેમિનાથ ભગવાન



જામનગરના શેઠજીના દહેરાસરજીના જૂના મૂળનાયકજી

(હાલ અરિહંત રૂપે ઉપર બિરાજમાન કરી પુનઃ પ્રતિષ્ઠા થયેલ છે)

બાલ બ્રહ્મચારી પ્રભુના દર્શન પૂર્વક અભ્યાસ કરતાં – અભ્યાસક નિર્મલ બ્રહ્મચર્ય પાળી પરંપરાએ શાશ્વત સુખને પામો એ શુભેચ્છા

અનુક્રમણિકા

પ્રસ્તાવના

૧૧૯૩-૯૫ ના સમય ગાળામાં પૂ. કલિકાલ સર્વજ્ઞ ભગવંત શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે સિદ્ધહેમ શબ્દાનુશાસનની રચના કરી. પછી તત્સમ્બન્ધી અન્ય સંસ્કૃત સાહિત્યની રચનાઓ થઇ, જુદાજુદા વિદ્વાનોએ અષ્ટાધ્યાયી ક્રમમાં રહેલા શબ્દાનુશાસનને પ્રક્રિયા ક્રમમાં ફેરવ્યો પણ તે બધામાં પૂ. મહોપાધ્યાય વિનયવિજયજી દ્વારા ૧૭૧૦ માં રચાયેલ "હૈમલઘુપ્રક્રિયા" વધુ પ્રચલીત બની. આજ પર્યન્ત તેનો અભ્યાસ પૂ. સાધુ-સાધ્વીજીઓ કરી રહ્યા છે. લગભગ ૩૨૫ વર્ષ થયા તેનું કોઈ ભાષાન્તર થયું નથી. તેથી લઘુપ્રક્રિયાનો અનુવાદ તથા વિવિધ ગ્રન્થોના નિચોડરૂપ એવો સંદર્ભ-વિવરણ યુકત ગ્રન્થ તૈયાર કરવાની યોજનાના ભાગરૂપે— "અભિનવ હેમ લઘુપ્રક્રિયા ભાગ-૩" પ્રગટ કરાય છે.

બીજા ભાગનુ વિમોચન અનન્ય ઉપકારી પૂજ્ય ગુરૂદેવ શ્રી સુધર્મસાગરજી મહારાજ સાહેબની નિશ્રામાં - જૈનસંઘ - જામનગરના પ્રમુખ ભાનુભાઇ દોશી ના અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રપતિ સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરતાં પંડિતવર્ય લાલજીભાઇ મોઢાના હસ્તે થયું.

પૂ. ગુરૂદેવ મુનિરાજ શ્રી સુધર્મસાગરજી અનન્ય પ્રેરણા, દૃઢ વિશ્વાસ, કાર્યબોજ પોતાને ખભે રાખીને મને લેખન કાર્યની સગવડ કરી આપવાનો ઉત્સાહ આ ગ્રન્થ પ્રકાશનમાં સંપૂર્ણ જવાબદાર છે જ – છતાં જો તેઓએ ભાનુભાઇ દોશી સાથે સુંદર અને સચોટ આયોજનપૂર્વક તથા જામનગર શિક્ષક સંઘના સેક્રેટરી વિજય આશર અને સુવર્ણચંદ્રક ધારક લક્ષ્મણભાઇ ગઢવીના હાર્દિક સહકાર યુકત સ્વાભાવિક વાતાવરણનું સર્જન ન કર્યું હોત તો ભાગ-૨ નું વિમોચન કઇ રીતે શકય બનત ?

રાષ્ટ્રપતિ સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્તા પંડિત લાલજીભાઇના હસ્તે વિમોચન સમયે તેમની વાગ્ધારાથી પ્રસન્ન ગાંભીર્ય છવાયું ડીસ્ટ્રીક જજ તથા અન્ય સંસ્કૃત વિદ્વાનો એ વૈવિધ્ય સભર છતા વિભિન્ન શબ્દોમાં સંસ્કૃત સાહિત્યના મહત્ત્વ દ્વારા અભિનવ હેમ લઘુપ્રક્રિયા ભા-૨ નું મહત્ત્વ પ્રતિપાદિત કર્યું, સંઘ સેક્રેટરી અને કોમર્સ કોલેજના પ્રિન્સીપાલ ભોગીભાઇ મહેતાએ શાસ્ત્રીય દૃષ્ટાન્ત સભર વિમોચન કાર્યક્રમની ભૂમિકા અને રજૂઆત કરી. આ રીતે ક્રમશઃ ભાગ-૩ પ્રાગટ્ય માટે પગરણ મંડાયા.

આ તકે બીજા ભાગ માટે અતિમદદરૂપ બનેલ શ્રી જામનગર સંઘ તથા પાઠશાળાના ટ્રસ્ટી - વીકુભાઇ - બીપીનભાઇ કેમ ભૂલાય ?

લઘુવૃત્તિના અભ્યાસકો પણ જે સંદર્ભ સાહિત્યનો ઉપયોગ ભાગ્યેજ કરતા હોય તેવા બૃહન્ન્યાસ ન્યાય સંગ્રહ. અન્ય પાંચેક પ્રક્રિયા ગ્રન્થો. કોશ વગેરેના યોગ્ય અવતરણો અને વિવરણો સહિતનો આ ત્રીજો ભાગ અને ગુજરાતી ભાષાના માધ્યમ દ્વારા કરાયેલી સરળ અને સ્પષ્ટ રજૂઆત પ્રક્રિયા અભ્યાસના અધ્યયન-અધ્યાપન તથા સિદ્ધહેમ શબ્દાનુશાસનનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં મદદરૂપ બનશે તેવી અતૂટ શ્રદ્ધા સહ .. ..

વ્યાકરણ અભ્યાસ શા માટે

વિદ્યાવ્યાસંગી પૂ. ગુરૂદેવશ્રી સુધર્મસાગરજી મ. સા. ની અંતકરણની પ્રેરણાથી આ અભિનવ "હેમ" લઘુપ્રક્રિયા. તૈયાર તો થઇ-પણ-વ્યાકરણ અભ્યાસની આવશ્યક્તા સમજ્યા વિના માત્ર ગતાનુગતિક રીતે એ બુકથી લઘુવૃત્તિનાં અભ્યાસને આપણાં નિસ્પૃહી પંડિતવર્ય શ્રી વજુભાઇ "કાળીમજુરી" સમાન ગણે છે—તેથી વ્યાકરણ અભ્યાસનું મહત્વ માનસમાં પ્રતિપાદિત કરીને ધ્યેય સિદ્ધિની દિશામાં કદમ માંડવા ઉચિત ગણાય.

કોઇપણ ભાષાનાં પ્રમાણિક અને સર્વાંગસંપુર્ણ અભ્યાસ માટે તેના વ્યાકરણનું જ્ઞાન નિતાન્ત આવશ્યક છે. વાણી દ્વારા માનવ પોતાના વિચારોને આકાર આપે છે—વાણીનુ નિયમન વ્યાકરણ થકી થાય છે તેથી વ્યાકરણના અભ્યાસ વિના શિષ્ટ વાણી વ્યવહાર મુશ્કેલ બને શાસ્ત્ર ગ્રન્થોના અધ્યયન અને પરિશીલન માટે વ્યાકરણ જ્ઞાન આવશ્યક છે. તેથી જ કહેવાય છે કે :-

0 "વ્યાકરણ એ ભાષાનું વ્યુત્પાદક શાસ્ત્ર છે. પ્રયોગનું શુદ્ધ સાચું જ્ઞાન કરાવનાર છે. ભાવમાં મૂર્ત જ્યોત પ્રગટાવનાર છે. સકલ શાસ્ત્રમાં દીપક સમાન છે ..શબ્દ ધાતુરૂપ દરિયો છે સંજ્ઞા-પરિભાષા-ન્યાયો-ગણો-ધાતુઓ-કારકો-અવ્યયો-પ્રત્યયો આદિને પ્રતિપાદન કરનાર અનુપમ ખજાનો છે. ગ્રન્થ રચનામાં સહાયક છે. ગ્રન્થ માર્ગમાં મુસાફરી કરનારને ભોમિયા તુલ્ય છે."

0 "લોકમાં અને શાસ્ત્રમાં આવતા શબ્દો જેના વડે સધાય એવું જે શબ્દ શાસ્ત્ર તેનું નામ વ્યાકરણ"
— આવશ્યકવૃત્તિ-પૂ. હરિભદ્રસૂરિજી

0 "વ્યાકરણ ભણવાથી પદની સિદ્ધિ થાય છે. પદની સિધ્ધિથી અર્થનો નિર્ણય થાય છે. અર્થ નિર્ણયથી તત્ત્વનું જ્ઞાન થાય છે તત્ત્વજ્ઞાનથી મોક્ષની પ્રાપ્ત થાય છે." શ્રીપ્રશ્ન વ્યાકરણ સૂત્ર

વાણી-વ્યવહારમાં પરોક્ષ બનેલી એવી સંસ્કૃત ભાષાના પથ પર કદમ માંડવા વ્યાકરણ એક માત્ર સાધન છે.

આ અભિનવ "હેમ" લઘુપ્રક્રિયાના અભ્યાસનું મહત્વ

જે રીતે અષ્ટાધ્યાયી (સિધ્ધહેમમાં સાત અધ્યાય) ક્રમમાં રચાયેલ વ્યાકરણોને કાળક્રમે પ્રક્રિયા ક્રમમાં પરિવર્તિત કરવાની આવશ્યક્તા ઉદ્‌ભવી અને જુદા જુદા પ્રક્રિયા પુસ્તકોની રચના થઇ, હેમ લઘુપ્રક્રિયાને પણ મુદ્રિત કરાવતા તેમાં "ટીપ્પણો" મુકી સ્પષ્ટીકરણો માટેનો પ્રયાસ થયો તે રીતે આ અનુવાદ સ્વઅધ્યયન અધ્યાપન કાર્યમાં તો ઉપયોગી થશે-તદ્‌ઉપરાંત તેમાં નિમ્નલિખિત વિશેષતાઓ સમાવિષ્ટ છે જેના વડે અભ્યાસ સાધન બનશે.

0 માત્ર એ બુક કરતાં વિશેષ જાણકારી મળે

0 સંદિગ્ધતા નિવારણ :- લઘુવૃત્તિના અભ્યાસમાં પણ ઉદ્‌ભવતી કેટલીક સમસ્યાઓનું અહીં બૃહદ્‌વૃત્તિ ન્યાસ, કે.શ જેવા સંદર્ભોમાંથી થયેલ ગુજરાતી અવતરણ સંદિગ્ધતા નિવારવા મદદરૂપ બને.

0 **અપૂર્ણવૃત્તિ કે વૃત્તિ અભાવે પૂરતો તુલ્યર્થ પૂરો પાડે :-** પ્રક્રિયાકારે કેટલાંક સૂત્રોની વૃત્તિ અધૂરું રાખી છે જેમકે- ત્યાદિ પરસ્મૈપદી સૂત્ર: ૭૧ સ્તાદેગ્નાનુ ની વૃત્તિમાં અમારા શબ્દની વૃત્તિ નોંધાઇ જ નથી ત્યા તુલ્યર્થ દ્વારા વૃત્તિની અપૂર્ણતા નિવારાઇ છે ત્યાદિ પરસ્મૈ સૂત્ર: ૭૧ ऋतां क्ङितीर् મા વૃત્તિ જ નથી ત્યા આ ગ્રન્થ તુલ્યર્થ દ્વારા **વૃત્તિ પૂરી પાડે છે.**

0 अनु पञ्चन्ते જેવા શબ્દો પ્રક્રિયાની વૃત્તિમાં છોડી દેવાયા છે પણ અર્થની દૃષ્ટિએ જરૂરી જણાતા તે શબ્દોને **યોગ્ય સ્થાન** આપેલ છે

0 **એક કરતાં વધારે સૂત્રોની વૃત્તિમાં યોગ્ય પૃથક્કરણ :-** તુદાદય: સૂત્ર ૮ मस्जे: स: માં બીજા ૨ અન્ય સૂત્રો જોડેલ છે પ્રક્રિયામા આવા કેટલાય સૂત્રોમા એક કરતા વધુ સૂત્રો આવે છે ત્યાં અભ્યાસકને ગોટાળો ન થાય તે માટે 'શેષવૃત્તિ' નામક અલગ વિભાગમા આ સૂત્રો પૃથક્કિત કર્યા છે

0 **સૂત્ર કે વૃત્તિના અભાવનું નિવારણ :-** અદાદિ સૂત્ર: ૫૭ गा: परोक्षायाम् મા એક વધારાનું સૂત્ર ક્વિ ત શિજિ જોડેલ છે પણ વૃત્તિ નથી ત્યા સિદ્ધહેમ બ્રહદ્વૃત્તિ ધરે વૃત્તિ નોંધી છે- એ રીતે ક્યાંક સૂત્રમાં વધારાની સૂત્રની વૃત્તિ છે પણ સૂત્ર નથી ત્યાં અલગ પેટા ક્રમાંક આપી સૂત્ર નોંધેલ છે

0 **મૂળ સૂત્ર બદલી દેવાયુ હોય ત્યાં મૂળ સૂત્ર આપવું –** જેમકે हनोऽघ्नि वा અદાદિ સૂત્ર: ૪૦ માં ખરેખર બે સૂત્ર છે हन. ૪/૩/૮૨ અને वधिसा ૪/૩/૮૩

0 સૂત્ર સમ્બન્ધી આમ કેમ જેવા પ્રશ્નોનું નિવારણ:- ચુરાદિ સૂત્ર: ૪ णिगनिट्टि માં ચિત્તિ સંચેતને ધાતુ નોંધેલ છે ખરેખર અહીં સ્ખલના છે ધાતુ चित्तिग संवेदने છે અને તે પણ આત્મને પદી છે

ઉપરોક્ત મુદ્દાઓ ઉપરાંત નીચેની બાબત નોંધપાત્ર છે.

---

0 **મહર્ષ સાહિત્ય:-** ન્યાયો, લિંગાનુશાસનથી લિંગ નિર્ણય. પ્રસંગોચિત ઉણાદિ વગેરેની મૂળ સંદર્ભો સહિત નોંધ કરેલ છે.

0 **મૂળવૃત્તિ.-** લઘુ પ્રક્રિયાની મૂળ વૃત્તિ દેવાથી મૂળગ્રંથની આવશ્યકતા ન રહે

0 **સાધનિકા:-** જરૂરી સાધનિકાને લીધે સંગતિત સૂત્ર સંબંધો સ્પષ્ટ બને

0 **પરિશિષ્ટ:-** અકારાદિ અને સિદ્ધહેમ સૂત્ર ક્રમથી પ્રક્રિયા અને લઘુવૃત્તિ બન્નેના અભ્યાસીઓને યોગ્ય માર્ગદર્શન મળે ધાતુ રૂપાવલી – તૈયાર રૂપો પૂરા પાડે છે

સંક્ષેપમાં આ અનુવાદ ગ્રંથ માત્ર પ્રક્રિયા ઉપરાંત વ્યાકરણ ના પાંચે અંગોના યથોચિત બોધ કરાવે છે જે અધ્યાપકને પણ ઉપયોગી થશે.

આ ગ્રન્થનો ઉપયોગ કઈ રીતે કરશો

પૂ. ગુરૂદેવશ્રી સુધર્મસાગરજી મ. સા. ની પ્રેરણાથી કેટલાંક દિશા સૂચનો

(૧) મૂળ સૂત્રના ત્રણ ક્રમાંકનો :- (1) સૂત્ર પૂર્વે પ્રકરણાનુસાર ક્રમાંક ૧. ૨. ૩, ...(2) સૂત્ર પછી સિદ્ધહેમનો ક્રમ (3) સૂત્ર પુર્ણ થતાં નીચે સળંગ ક્રમ દા. ત. ऋतेरि: સૂત્રનો ક્રમ ૧૧૮ છે. સિદ્ધહેમનો ક્રમ ૪/૧/૪૧ છે. અને સૂત્ર પુરૂ થતાં નીચે [૭૬૯] લઘુપ્રક્રિયાનો સળંગ સૂત્ર ક્રમાંક છે

(૨) સૂત્ર પૃથક્કરણ :- સૂત્ર પછી સૂત્ર પૃથક્કરણ વિભાગ છે જેમાં સન્ધિ રહિત સૂત્રોની નોંધ છે જેથી વૃત્તિની મદદ વિના પણ **સૂત્ર** મહદ્ અંશે **સ્પષ્ટ બનશે**. જેમકે गुरुनाम्यादेरनृच्छ्रूर्णो–गुरु नामि आदे: अन- ऋच्छ्र् उर्णो: કર્યુ.

(૩) વૃતિ :- ત્રીજો વૃત્તિ વિભાગ **પ્રક્રિયા વૃતિ** દર્શાવે છે જે અપ્રાપ્ય બનતી જતી હૈમ લઘુપ્રક્રિયાની જરૂરિયાત પુર્ણ કરશે.

(૪) વૃત્યર્થ :- લઘુપ્રક્રિયાની મૂળ વૃતિ (શેષવૃતિ સિવાયની) નો **અનુવાદ** દર્શાવે છે છતાં પ્રક્રિયામાં મૂળ વૃતિનો અભાવ, અપુર્ણતા કે અન્ય સંદિગ્ધતા હોય ત્યાં આવિભાગ દ્વારા સિધ્ધહેમ શબ્દાનુશાસનની મદદ વડે પ્રત્યેક સૂત્રની **વૃતિનો સરળ–સ્પષ્ટ** પુરો **અર્થ** અપાય છે

(૫) અનુવૃતિ :- આ વિભાગ **કેવળ જીજ્ઞાસુઓ માટે** છે સિધ્ધહેમ વ્યાકરણ પરથી બનેલી પ્રક્રિયાઓમાં અનુવૃત્તિક્રમ જળવાતો નથી. તેથી કેટલાંક સૂત્રોમાં ન જણાતી બાબત વૃતિમાં જોવા મળતાં અભ્યાસકને સંશય થાય કે આ બાબત વૃતિમાં કેમ ? જેમકે ભ્વાદી સુત્ર ૧૮૮ घस्वस: માં नाम्यादेः લખ્યુ. તેથી પૂર્વની અનુવૃત્તિ દર્શાવવા नामि अन्तस्था क वर्गात નોંધવું પડયું આ સંજોગોમાં અનુવૃતિ વિભાગના સૂત્રો જિજ્ઞાસા સંતોષવા દિશાસુચકછે.

(૬) વિશેષ વિભાગ:- વિશેષ હકિકતો માટે જ છે. સંદર્ભ સૂચિ મુજબના સાહિત્ય પરથી સૂત્ર સંબંધિ પ્રશ્નો, ખુલાસા વિશેષતા, ન્યાયો, વ્યુત્પતિ વગેરેની નોંધ છે જેના અભ્યાસથી સૂત્રો વધુ સ્પષ્ટ થશે, સારો અવબોધ થશે, સંશય નિવારણ શકય બનશે છતાં **વૃત્યર્થ** બરાબર **સમજી ને** આ **વિભાગ વાંચવો** કેમ કે જે રીતે મધ્યમવૃતિ કે આનંદ બોધિની ટીકામાં अवचुरी છે અને બૃહત્ન્યાસમાં न्या. स. વિભાગ છે તે રીતે અહીં 'વિશેષ' છે...........આ ઉપરાંત **વિશેષ ઉદાહરણો** પ્રક્રિયા સાથે સંબંધ ન હોવા માત્રથી છોડી દેવાયેલા સૂત્ર સંબંધિ દ્રષ્ટાંતો ને બૃહદવૃતિમાંથી અત્રે સ્થાન અપાયેલ છે... બૃહદ્હેમપ્રક્રિયામાંથી ઘણુ પાઠોની નોંધ લીધેલી છે જેના વડે સૂત્રના **બાકી કાર્યક્ષેત્રનો બોધ** શકય બનશે.

(૭) પાદનોંધ:- સંદર્ભોની પૃષ્ઠાંક સહિતની નોંધ છે જે વિશેષ માહિતી માટે અભ્યાસને મુળ સ્રોત પુરોપાડે **પાદનોંધ નિશાની** ∘•∘•∘•∘• આ રીતે છે.

(૮) શેષવૃતિ:- મૂળ સૂત્ર ઉપરાંતના અન્ય સૂત્રો કે **સંબંધિત અન્ય હકીકતો** અહીં નોંધેલ છે અંતર્ગત સૂત્રો [ ] આ કૌંસમાં સળંગ ક્રમ આપી નોંધેલ છે જો કે લંબાણ ભયે શેષવૃતિના સૂત્રોમાં માત્ર વૃત્યર્થ આપેલ છે.

આ ગ્રન્થ માં નાં સંક્ષેપો:- વ્યા – વ્યાકરણ. કારા–કારાન્ત. એ. વ.–એકવચન,
દ્વિવ.–દ્વિવચન, બ. વ.–બહુવચન, પ્ર.–પ્રથમા દ્વિ –દ્વિતીયા. તૃ –તૃતીયા
૧–व વર્તમાના ૨–स સપ્તમી ૩–पं પંચમી ૪–ह્ય હ્યસ્તની ૫–अ અદ્યતની
૬–प પરેક્ષા ૭आ આશી: ૮.શ્વ શ્વસ્તની ૯भ ભવિષ્યન્તી ૧૦क्रि ક્રિયાતિપતિ

આટલી સૂચનાથી સ્વઅધ્યયન શકય બને તે શુભેચ્છા

–દીપરત્નસાગર

ઋણ સ્વીકાર

પૂજ્ય મુનિરાજ શ્રી સુધર્મસાગરજી મહારાજ સાહેબ

જેમની અનન્ય પ્રેરણા, પરિશ્રમ ઉત્કટ લાગણી, કાર્યબોજ વહનશક્તિ, કૃપા આદિથી
આ ગ્રન્થ લેખન અને પ્રકાશન શક્ય બન્યા

પૂ. આ. દેવ સૂર્યોદયસાગર સૂરિજી મ. સા.	પૂ. આ. દેવ વિજય સૂર્યોદયસૂરિજી મ. સા.
સંસ્કૃત માર્ગોપદેશિકાનો અભ્યાસ કરાવી વ્યાકરણનો મજબુત પાયો નાખ્યો, પુસ્તકો આપ્યા	પોતાના વિનિત શિષ્યને આજ્ઞા કરતા 'ન્યાય સંગ્રહ„નો સુંદર અભ્યાસ થયો

પૂ. આ દેવ વિજય યશોદેવ સુરીશ્વરજી મ. સા.
જેમની વિશિષ્ટ પ્રેરણા અને આશી દિર્વા સિદ્ધહેમ વ્યાકરણ ભણાયુ

પૂ. મુનિશ્રી જિતરત્નસાગરજી. પૂ મુનિશ્રી મુક્તિરત્નસાગરજી, સાધ્વી શ્રી રમ્યજ્ઞાશ્રીજી
જેઓએ પોતાની નોધપોથીઓ એકાદ વર્ષ જેટલા લાંબા સમય માટે પૂર્ણ વિશ્વાસથી વાંચવા આપી.
પૂ.મુનિશ્રી નદિઘોષવિજયજી:- પુરતો સમય-સુંદર છણાવટ પૂર્વક "ન્યાય સંગ્રહ" ભણાવ્યો

નિસ્પૃહિ વિદ્ધવર્ય પંડિતજી વૃજલાલજી વાલજી ઉપાદયાય

સંશય નિવારવા પત્રોના તાત્કાલિક ઉત્તરો આપ્યા, પોતાનો મુક્ત અભિપ્રાય આપી નિશ્ચિંત છાપ મારી પંચાંગી વ્યાકરણનો બોધ કરાવ્યો આ ગ્રન્થની પ્રેસ કોપી તપાસવા સુંદરતમ વ્યવસ્થા કરાવી.

પંડિતવર્ય છબીલદાસજી સિદ્ધહેમના સુત્રોની વિશેષતા જણાવી અભિનવ પ્રકાશ પાડયો
પંડિતશ્રી ધીરુભાઇ (મોટા), ધીરુભાઇ (નાના), મહાદેવભાઇ-જેમનાથી સિદ્ધહેમનુ જ્ઞાન મળ્યું
શ્રી લાવણ્યસૂરિ જ્ઞાનમંદિર. અર્ધી ગુજરાતી સંઘે અભ્યાસ માટે પુસ્તકો આપ્યા

શ્રી ખુશાલભવન જૈન સંઘ અમદાવાદ

શ્રાવક પંડિતની ૮ માસ માટે સગવડ આપી જરૂરી તમામ પુસ્તકો ખરીદી આપ્યા, એક, ન મળતા પુસ્તકની આપ મેળે ઝેરોક્ષ કરાવી આ ગ્રંથ-પ્રમાણના સ્તંભો મુક્યા
સાધુ-બહુમાન વિવેક પુર્વક વાત કરવાની પદ્ધતિ સાધુની અનુકુળતા પ્રતિકુળતા મુજબ સગવડ કરવાની વૃત્તિ-પ્રવૃત્તિ ખુશાલ ભવન જૈન ઉપાશ્રયના દરેક જેટલી બહુજ ઓછા સંઘના ટ્રસ્ટીમા હશે ! ! !

[] પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાયક એવા તમામ પૂ શ્રમણ ભગવંતો તેમજ વ્યક્તિઓ અનેક ધો

શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જૈન સંઘ જામનગર

આ સમગ્ર ભાગ-૩ ના તમામ કામળ માટે ઉદાર હાથે દ્રવ્ય સહાય કરી

[એક ભ્રામક માન્યતાનું નિરસન]

લઘુપ્રક્રીયા એટલે માત્ર બે બુક નહીં

કેટલાક વિદ્વાન પદસ્થે, શ્રાવક પંડિતો વગેરે એવો મત ધરાવે છે કે લઘુપ્રક્રિયાનો અભ્યાસ હવે નિરર્થક છે કેમકે લઘુપ્રક્રિયા માત્ર બે બુકથી વિશેષ કંઇ નથી પણ હૈમ સંસ્કૃત પ્રવેશિકા પ્રથમા અને મધ્યમાં કે માર્ગોપદેશિકા અને મદિરાન્ત પ્રવેશિકા કરતાં **હૈમ લઘુપ્રક્રિયામાં નીચેની વિશેષતાઓ છે.**

૧ યઙન્ત ક્રિયા, યઙ્લુબન્ત પ્રક્રિયા તથા નામધાતુ પ્રક્રિયાનો બોધ થાય છે

૨ તદ્ધિત પ્રત્યયોની (મુખ્ય તથા અંતર્ગત કુલ ૩૯૦ જેટલા સૂત્રો દ્વારા) વ્યવસ્થિત વિભાગીકરણ સહિતચર્ચા

૩ બસો જેટલા સૂત્રો દ્વારા કૃદન્ત પ્રક્રિયાની ઝીણવટ ભરી છણાવટ

૪ સૂત્રોના અંતર્ગત રહસ્યોને પ્રગટ કરતી પરિભાષાઓનું સ્પષ્ટીકરણ

૫ ધાતુઓની અનુબંધ સાથે રજુઆત-દા.ત. कथण् માં ण् અનુંબંધન (૧૦) चुरादी ગણ સુચવે છે. क्रुधच् માં च् અનુબંધન (૪) दिवादि ગણ સુચવે છે

૬ ધાતુ પારાયણના ક્રમાનુસાર ધાતુઓનું જ્ઞાન – જે ધાતુરત્નાકર આદિ જોવામાં તથા "ધાતુપાઠ" તૈયાર કરવામાં મદદ રૂપ બને છે

૭ સિધ્ધહેમ શબ્દાનુશાનના અભ્યાસ માટે સુત્રોનુ યોગ્ય તાદાત્મ્ય

૮ બે બુકમાં માત્ર ૮૦૦ જેટલા સુત્રોનો સમાવેશ થાય છે. લઘુપ્રક્રિયામાં લગભગ ૧૭૦૦ થી ૧૮૦૦ જેટલા સૂત્રો સમાયા છે જેથી બુક કરતાં બમણાં સુત્રોનું જ્ઞાન થાય છે.

૯ લગભગ પોણાત્રણસો જેટલી ધાતુઓનું ધાતુરત્નાકરના ભાગોમાં થયેલ વિભાજન મુજબની પ્રક્રિયાઓ અનુસાર જ્ઞાન – સમજ.

૧૦ સંસ્કૃત માધ્યમના પ્રયોગ દ્વારા સંસ્કૃત વાંચન ક્ષમતાની ખીલવણી.

બે બુક એ "ગ્રામર – ટ્રાન્સલેશન મેથડ" અનુસાર તૈયાર થયેલ પુસ્તક છે. જે સંસ્કૃત ભાષાને વ્યવહારમાં પ્રયોજવાની પ્રાથમિક ભૂમિકા રૂપ છે. તેની અને પ્રક્રિયા વ્યાકરણની તુલનાજ અસ્થાને ગણાય

વળી કેટલાંક માને છે કે લઘુવૃત્તિ ' **[સિદ્ધહેમ શબ્દાનુશાન એટલે લઘુવૃત્તિ–માત્ર એવો ભ્રમ પ્રવર્તે છે.]** જ ભણલી જોઇએ પ્રક્રિયા નહી – મુર્ધન્ય વિદ્વાનોને જ્ઞાન હશે જ કે લઘુવૃતિ **એ પૂર્ણગ્રન્થ નથી પણ પૂર્ણતા તરફ ગતિ કરાવતો ગ્રન્થ છે લઘુપ્રક્રિયાની જેમ લઘુવૃત્તિ એ પણ માત્ર નિદર્શન ગ્રન્થ છે.** એટલેજ આ અનુવાદ ગ્રન્થમાં બૃહદ્વૃત્તિ, ન્યાયસંગ્રહ, લિંગાનુશાસન જેવા ગ્રન્થોના અવતરણો લીધાં છે લઘુપ્રક્રિયા એટલે માત્ર બે બુક માનીને લઘુવૃત્તિ તરફ અંગુલી નિર્દેશ કરતા વિદ્વાનોને એટલીજ વિજ્ઞપ્તિ કે જો સિદ્ધહેમનુ સુવ્યવસ્થિત જ્ઞાન પ્રાપ્ત કરવું એજ એક માત્ર લક્ષ્ય હોય તો બૃહદ્વૃતિ ના સ્પષ્ટ જ્ઞાન અને સમજ વિના માત્ર લઘુવૃત્તિનું અધ્યાપન અથવા તો માત્ર **લઘુવૃત્તિના અભ્યાસથી પૂર્ણ વ્યાકરણનો બોધ થવાની માન્યતા એ પણ લઘુપ્રક્રિયા એટલે માત્ર બે બુક જેવોજ ભ્રમ છે એ વાત નિર્વિવાદ સ્વીકારવી રહી.**

ખંભાતમાં **પંડિતવર્ય છબીલદાસજી** એ સાધુના દૃષ્ટાંત થકી કહેલુ કે લઘુવૃત્તિ ભણ્યા બાદ એમ થાય કે (अब मुझे कुछ नहीं आता) હવે મને વ્યાકરણમાં કાંઇ ખબર પડતી નથી તો માનવું તેઓ સિદ્ધહેમ શબ્દાનુશાસન વીશે કાંઇ જાણતા થયા છે.

–દીપરત્નસાગર

પંડિત વૃજલાલ વાલજી ઉપાધ્યાય

પ્રાધ્યાપક
શાન્તિભુવન જામનગર

વેદાન્તાચાર્ય



દીપરત્નસાગર દ્વારા સંપાદીત આ અભિનવ લઘુપ્રક્રિયાની મહેનત પ્રશંસનીય છે કાર્ય નિર્વિઘ્ને પરિપૂર્ણતાને પામે અને વધુને વધુ શ્રુત ભક્તિ દ્વારા બાલજીવોને માર્ગે લાવવા પ્રયત્નશીલ રહે એજ ભાવના.

— આ. દેવેન્દ્રસાગર સૂરિ

આપશ્રીની અભિનવ કૃતિનાં દર્શનથયાં, વિહંગાવલોકન કર્યું અને લેખકની વિશિષ્ટ દ્રષ્ટી અને લીધેલા પરિશ્રમ, વિવિધ વિશેષતાઓ જોઇ ઘણી પ્રસન્નતા અનુભવી. છેલ્લા ૩૦/૪૦ વરસથી ઉગતા વિદ્યાર્થીઓને વ્યાકરણ જ્યારે વ્યાધીકરણ જેવું થઇ પડયું છે અને આનું મુખ્ય ક્ષેત્ર ગણાતા આપશ્રી શ્રમણ સંઘમાં તેનું મહત્વ વિસરાતું જાયછે ત્યારે અનેક શાસ્ત્રોની પ્રાથમિક ચાવી જેવી આ વિદ્યાની જ્યોત જલતી રહે એના માટે જે કાંઇ પ્રયત્નો થાય તે આની ચિંતા કરનારાઓ માટે આવકાર્ય બની રહે છે.

ગુરૂનિશ્રા-કૃપા-વિદ્યાની લગન, બીજાને ઉપકારક બનવાની તમન્ના લેખકના ને અન્યના દિલમાં ઉપયોગી બની રહેશે - ધન્યવાદ-જ્ઞાનક્ષેત્રે કંઇક લાભ આપવા વિનંતી.

–યશોદેવ સૂરિની વંદના

પૂ. કલિકાલ સર્વજ્ઞ ભગવન્ શ્રી હેમચંદ્રસૂરિભ્યો નમઃ

॥ अर्हम् ॥

૦ આખ્યાત પ્રક્રિયા ભ્વાદયઃ ૦

આ વિભાગમાં આખ્યાત પ્રક્રિયાનું નિરૂપણ કરવાનું છે. आख्यात् – ક્રિયાપદ સામાન્ય વ્યવહારમાં आख्यान् – ક્રિયાપદ તરીકે ઓળખાય છે વ્યાકરણ અભ્યાસની ભાષામાં તેના મૂળ રૂપને "ધાતુ" તરીકે ઓળખાવાય છે. જેમકે "નમવું" એ નમવાની ક્રિયા દર્શાવતું પદ છે. તેને સંસ્કૃતમાં "नम्" ધાતુ (ગણ: ૧ – પરસ્મૈપદ) કહેવાયછે.

સંસ્કૃત વ્યાકરણમાં કુલ ૧૦ કાળ અને ૧૦ (નવ) ગણ આવેછે. દશે (નવે) ગણની મળીને કુલ ૨૦૦૦ જેટલી ધાતુ તથા અન્ય (कण्डु વગેરે) ધાતુ મળીને ૨૨૦૦ ધાતુનો સમાવેશ થયો છે. જેમાંથી આ પ્રકરણમાં માત્ર भ्वादि (भू વગેરે ધાતુના – પહેલા ગણ) નું અધ્યયન આવે છે.

પ્રત્યેક ધાતુને કર્તરી – કર્મણી – સનન્ત – યઙન્ત, यङ्लुबन्त વગેરે પ્રક્રિયા અનુસાર ભિન્નભિન્ન રૂપો તૈયાર થઇ શકે જેમાંથી આ ત્રીજા સમગ્ર વિભાગમાં માત્ર કર્તરી પ્રક્રિયામાં જ દશે ગણના રૂપોને લાગતા સૂત્રો પ્રક્રિયાકારે ગુંથેલ છે.

ગણ :– भ्वादि, अदादि–ह्वादि, दिवादि, स्वादि, तुदादि, रुधादि, तनादि, क्र्यादि, चुरादि (કલિકાલ સર્વજ્ઞ ભગવંતે ગણ-નવ લખ્યાછે. જેમાં ગણ ૨–૩ સાથે છે. વ્યવહારમા "દશ-ગણ" શબ્દ વધુ પ્રચલિત છે. પ્રક્રિયામાં પણ ह्वादय ધાતુનો અલગ ભાગ છે માટે દશ ગણ રૂપેજ આ ગ્રન્થમાં નિરૂપણ કર્યું છે.)

કાળ :– વર્તમાન, સપ્તમી (વિધ્યર્થ), પંચમી (આજ્ઞાર્થ), હ્યસ્તની, અદ્યતની પરોક્ષા, આશિર્વાદ, શ્વસ્તની, ભવિષ્યન્તિ, ક્રિયાતિપત્તિ.

સંક્ષેપમાં કહીએતો આ પ્રકરણમાં भ्वादि ગણના પરસ્મૈપદી – આત્મનેપદી તથા ઉભયપદી – ધાતુઓના રૂપોને ૧૦ કાળની કર્તરી પ્રક્રિયામાં શીખવાના છે.





કલીકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્ર સૂરિમહારાજ

પૂ. મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી ગણિવરેભ્યો નમ:

ઉભાદય: - પરસ્મૈપાદિન:

(૧) क्रियार्थो धातुः 3/3/3

✱ સૂત્રપૃથ૦ '– क्रिया-अर्थः धातु.

★ વૃત્તિ :– क्रिया अर्थो यस्य स धातुः स्यात्। स च त्रेधा गणजो नामजः सौत्रश्च तत्र गणजः यथाह –

"भ्वादयः कानुबन्धाः स्युरदादयः चानुबन्धा दिवादयः ।
स्वादयस्तान्तकाश्च, तानुबन्धास्तुदादयः ।
रुधादयः पानुबन्धा यानुबन्धास्तनादयः ।
क्र्यादयः शानुबन्धाश्च, णानुबन्धाश्चुरादयः ।

अननुबन्धाश्च भ्वादयः । तत्र नाम्नः प्रत्ययकारणाद् धातुत्वं यान्ति ते नामधातुः । सौत्राश्च कण्ड्वादयः सूत्रग्रहणाच्च । प्रत्येकमेते त्रिविधाः परस्मैपदिन आत्मनेपदिन उभयपदिनश्च ।

इदनुबन्ध ङानुबन्धाः कर्त्र्यात्मने। ईदनुबन्धः ...

ञानुबन्धस्तूभयपदी परस्मैपदी शेषः

卐 વૃત્યર્થ :– વાચન બોલવારૂપ કરવાની શુદ્ધ ક્રિયા એવો જેનો અર્થ છે તે "ધાતુ" કહેવાય છે જેનો ક્રિયા અર્થ છે તે ધાતુ) તે ત્રણ પ્રકારે છે (૧) गणजः = ગણ ધાતુ (૨) नामजः = નામ ધાતુ (૩) सौत्रः સૌત્ર ધાતુ

0 गणजः ગણ ધાતુ નવ પ્રકારના છે (વર્તમાન વ્યવહારમા તે દશનો ઉલ્લેખ છે)

૧ अदादि (બીજો-ત્રીજો) ગણને ઓળખવા क અનુબન્ધ
૨ दिवादि (ચોથા) ગણનો च અનુબંધ
૩ स्वादि (પાંચમા) ગણનો ट અનુબન્ધ
૪ तुदादि (છઠ્ઠા) ગણનો त અનુબન્ધ
૫ रुधादि (સાતમા) ગણનો प અનુબન્ધ
૬ तनादि (આઠમા) ગણનો य અનુબન્ધ
૭ क्र्यादि (નવમા) ગણનો श અનુબન્ધ
૮ चुरादि (દશમા) ગણનો ण અનુબન્ધ છે

અનુબન્ધો ટુંકમાં યાદ રાખવા માટે – क-च-ट-त-प-य-श-ण અનુબન્ધ)

અહીં જે भ्वादि ગણની વાત છે તે ગણ ઉક્ત અનુબન્ધ રહિત છે

0 नामजः જ્યાં નામ જ પ્રત્યયના સંબંધથી ધાતુપણાને પામે છે તે નામ ધાતુ કહેવાય છે

0 सौत्र सौत्र ધાતુ कण्डू વગેરે (कण्ड्वादयः) તથા ધાતુપાઠ વગેરે જરૂરી તેમજ સૌત્રમાં – ત્રુ – સ્તમ્ભુ – ચુલુમ્પ વગેરે ગ્રહણ થાય [1]

આ પ્રત્યેક ધાતુઓ ત્રણ રીતે જાણવા (૧) પરસ્મૈપદી ધાતુ (૨) આત્મનેપદી ધાતુ (૩) ઉભયપદી ધાતુ

इ અને ङित् ई અનુબન્ધ હોય ત્યાં પ્રયોજાય ત્યારે આત્મનેપદી અને દીર્ઘ ई તથા ञ् અનુબન્ધ વાળા ધાતુ ઉભયપદી તથા બાકી જે રહે તે પરસ્મૈપદી ધાતુ જાણવા

卐 વિશેષ :– 0 ક્રિયા સૂચક શબ્દની ધાતુ સંજ્ઞા થવાથી આગળ જણાવાશે તે રીતે જુદાજુદા પ્રત્યયો લાગશે. દા.ત. भू + ति વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચન પરસ્મૈપદીનો પ્રત્યય થાય.

0 कृतिः = કરવું એવો અર્થ થાય જેમકે :– શું કરે છે ? તો બધું છે

0 क्रिया = कृतिः – પ્રવૃત્તિ–વ્યાપાર એ બધાં એકાર્થક શબ્દો છે. [2]

0 क्रिया.. દા.ત. રાંધે છે – તેની આસપાસ જ બધાં કારકો ગોઠવાય. જેમકે કોણ રાંધે છે ? ચૈત્ર. શું ? = ચોખા. શેના વડે ? ચા માટે ? = ચૈત્ર માટે. ક્યાં ? થાળીમાં

0 इंगित 3/3/૯૫ સૂત્રથી इ કાર, ङ કાર કર્તૃગામિનિ ફળમાં પરસ્મૈપદી સમજવા

0 ईङितः कर्तरि ૩/૩/૨૨ ई કાર અને ङ કાર કર્તરિ પ્રયોગમાં આત્મનેપદી થાય.

0 शेषात् परस्मै 3/3/૧૦૦ આત્મનેપદ સિવાયના પરસ્મૈપદી થાય

[૬૫૨]

(૨) नवाद्यानि शतृक्वसू च परस्मैपदम् 3/3/19

★ સૂત્રપૃથ૦ :– नव-आद्यानि शतृ क्वसू च परस्मैपदम्

★ વૃત્તિ :– सर्वासां त्यादि विभक्तीनामाद्यानि नव वचनानि शतृक्वसू च प्रत्ययौ परस्मैपद-संज्ञानि स्युः

☐ पराणि कानानशौ चात्मनेपदम्

• • • • • • • • • • • • • • • •

* 1 લઘુપ્રક્રિયા દીપિકા પૃ ૨૧૮

* 2 મધ્યમ વૃત્તિ અવચૂરિ ભાગ ૨, પૃ ૧

🕉 વૃત્યર્થ –: આ સર્વ ત્યાદિ (વર્તમાના) વગેરે વિભક્તિઓનાં પૂર્વના નવ-નવ પ્રત્યયો તેમજ (કૃદન્તના) શતૃ અને ક્વસૂ પ્રત્યયોની પરસ્મૈપદ સંજ્ઞા થાય છે.

🕉 વિશેષ :- 0 शत्रानशावेष्यति तु सस्यो ૫/૨/૨૦ થી શતૃ પ્રત્યય
0 तत्र क्वसुकानौ तद्वत् ૫/૨/૨ થી ક્વસુ પ્રત્યય
0 આદ્ય નવ :- કુલ ૧૮ પ્રત્યયો સાથે આવશે(જુઓ સૂત્ર : ૪) તેમાંના પહેલાંના નવ-નવ પ્રત્યયો તે આદ્ય –તેને પરસ્મૈપદ સમજવા અને પછીના નવ તે આત્મનેપદ સમજવા
0 ધાતુપાઠ :- ગણ – (૧) भ्वादि માં ક્રમાંક ૧ થી ૫૮૫ ધાતુ પરસ્મૈપદી છે.

▣ શેષવૃત્તિ:- (૧) पराणि कानानशौ चात्मनेपदम् ૩/૩/૨૦ વર્તમાના વગેરે દશે વિભક્તિઓના બાકી રહેલા નવ-નવ પ્રત્યયો અને (કૃદન્ત ના) કાન્-આનશ્ પ્રત્યયોની આત્મનેપદ સંજ્ઞા થાય. [૪૫૯]

[૬૫૩]

(૩) त्रीणि त्रीण्यन्ययुष्मदस्मदि ૩/૩/૧૭

★ સૂત્રપૃથ૦ :- त्रीणि त्रीणि अन्य युष्मद् अस्मदि
★ વૃત્તિ :- सर्वासां विभक्तिनां त्रीणि त्रीण्येक-द्वि-बहु-वचनान्यन्यदर्थे युष्मदर्थेऽस्मदर्थे च यथाक्रमं स्युः ।

🕉 વૃત્યર્થ :- સર્વ (વર્તમાના વગેરે દશ) વિભક્તિઓના ત્રણ ત્રણ વચનો અનુક્રમે એકવચન – દ્વિવચન – બહુવચન ત્રણે * અન્ય (ત્રીજો પુરૂષ) યુષ્મદ્ (બીજો પુરુષ) અસ્મદ્ (પહેલો પુરુષ) ના સમજવા

🕉 વિશેષ :- 0 આરંભમાં જણાવ્યા મુજબ વિભક્તિઓ દશ છે. વર્તમાના, સપ્તમી, પંચમી, હ્યસ્તની, અદ્યતની, પરોક્ષા, આશી:, શ્વસ્તની, ભવિષ્યન્તી, ક્રિયાતિપત્તિ – તેના ત્રણ વચનો, ત્રણ પુરૂષો – તે સમજવા સૂત્ર : ૪ માં વર્તમાના માં જણાવ્યા મુજબ જોવા જેમકે :-
अन्यद् (ત્રીજો પુરૂષ) એ.વ. – तिव्, દ્વિ વ. :- तस्, બ.વ : अन्ति

0 अन्यद् = ત્રીજો પુરૂષ = તે, તેઓ
0 युष्मद् = બીજો પુરૂષ = જેમની સાથે વાત થતી હોય તે – તું – તમે
0 अस्मद् = પહેલો પુરૂષ = પોતાને માટે–હું–આપણે

[૬૫૪]

(૪) सति ૫/૨/૧૯

★ વૃત્તિ –: आरब्धा समाप्तवस्तुविषयः कालः सन् वर्तमानस्तदर्थाद् धातो र्वर्तमाना स्यात् ।
▣ वर्तमाना ૩/૩/૬

परस्मैपदानि			आत्मनेपदानि		
तिव्	तस्	अन्ति	ते	आते	अन्ते
सिव्	थस्	थ	से	आथे	ध्वे
मिव्	वस्	मस्	ए	वहे	महे

🕉 વૃત્યર્થ :- આરંભ થયો છે. પણ પૂર્ણ થયો નથી તેવો વસ્તુ વિષય તે કાળ. તેને "सन्" વર્તમાન કહેવાય છે. વર્તમાન બનાવને સૂચવતા ધાતુથી વર્તમાન કાળ અર્થમાં વર્તમાના ના પ્રત્યયો લાગે.

★ અનુવૃત્તિ :- स्मे च वर्तमाना ૫/૨/૧૬ થી वर्तमाना

🕉 વિશેષ :- 0 પ્રત્યયોમાં "व्" इत् છે शिद् अवित् ૪/૩/૨૦ સૂત્ર માટે वित् પ્રત્યયો કર્યા છે
0 વર્તમાન કાળ ચાર અર્થમાં સમજવો * 1
(૧) પ્રવૃત્તોપરત :- જેમકે–હમણાં જીવ ઘાત કરતો નથી.
(૨) વૃત્તાવિરત :- આ કુમારો રમે છે.
(૩) નિત્ય પ્રવૃત્ત :- પર્વતો ઉભા છે.
(૪) સામીપ્ય :- આ હું આવુ છું એટલે કે આવ્યો અથવા આવીશ

▣ શેષવૃત્તિ :- (૨) वर्तमाना ૩/૩/૬ નીચે મુજબ વર્તમાના વિભક્તિના પ્રત્યયો છે.

પુરુષ	એ.વ	દ્વિ.વ.	બ.વ.	એ.વ.	દ્વિ.વ.	બ.વ.
ત્રીજો	तिव्	तस्	अन्ति	ते	आते	अन्ते
બીજો	सिव्	थस्	थ	से	आथे	ध्वे
પહેલો	मिव्	वस्	मस्	ए	वहे	महे

દા.ત. नमति – अहीं नम् ધાતુને 'તે નમે છે"

* અન્ય, યુષ્મદ્, અસ્મદ્ ત્રણે અનુક્રમે ત્રીજો, બીજો, પહેલો પુરૂષ તરીકે વ્યવહારમાં પ્રચલિત છે. અહીં પણ તેજ રીતે નોંધ્યા છે.

* 1 ચાર અર્થ :- હૈમપ્રકાશ – ઉત્તરાર્ધ – પૃ. ૪૭૭
* 2 વર્તમાના ની જેમ દશે કાળના અલગ અલગ પ્રત્યયો આગળના સૂત્રોમાં આવશે.

એવા અર્થમા વર્તમાના નો ત્રીજો પુરુષ એકવચનનો પરસ્મૈપદ પ્રત્યય "તિવ્" લાગ્યો છે – એ જ રીતે આત્મનેપદ ધાતુમાં કર્તરિ થાય [૪૧૦]

[૬૫૫]

(૫) ગતાઃ શિતઃ ૩/૩/૧૦

★ વૃત્તિ :– વર્તમાના સપ્તમી પઞ્ચમી હ્યસ્તન્યઃ શિતો જ્ઞેયાઃ । 'भू सत्तायाम्' । भू तिव् इति स्थिते ।

卐 વૃત્ત્યર્થ :– વર્તમાના, સપ્તમી (વિધ્યર્થ) પંચમી (આજ્ઞાર્થ), હ્યસ્તની એ ચારેની "શિત્" સંજ્ઞા થાય છે

0 भू सत्तायाम् (ગણ ૧) ભ્વાદિ પરસ્મૈપદ – અકર્મક I સત્તા હોવી, વિદ્યમાનતા હોવી.

0 ધાતુ भू + પ્રત્યય तिव् એ સ્થિતિ છે

★ અનુવૃત્તિ :– (૧) વર્તમાના ૩/૩/૬ (૨) સપ્તમી ૩/૩/૭ (૩) પઞ્ચમી ૩/૩/૮ (૪) હ્યસ્તની ૩/૩/૯

卐 વિશેષ :– 0 સૂત્ર વર્તમાના ૩/૩/૬ માં વર્તમાના ના પ્રત્યયો દર્શાવાયા એ જ રીતે સૂત્ર ૩/૩/૭ થી ૩/૩/૯ માં અનુક્રમે સપ્તમી, પઞ્ચમી, હ્યસ્તની ના પ્રત્યયો દર્શાવાશે.

0 भू + तिव् એ સ્થિતિનો અર્થ भू ધાતુને વર્તમાના –પરસ્મૈપદ – ત્રીજો પુરુષ એકવચન નો तिव् લાગે ત્યારે કેવું રૂપ થાય તેની સાધનિકાનો પ્રારંભ દર્શાવેલ છે.

0 શિત્ પ્રત્યયો એટલે 'श' અનુબંધવાળા પ્રત્યયો જે શિત્ કાર્ય માટે છે એટલે કે આ ચાર કાળ શિત્ છે બાકીના છ કાળ અશિત્ સમજવા

0 भू ધાતુ સર્વપ્રથમ મંગલિકને માટે છે. *

[૬૫૬]

(૬) કર્તર્યનદ્ભ્યઃ શવ્ ૩/૪/૭૧

★ સૂત્રપૃથક્ :– कर्तरि अन – अद्भ्यः शव्

★ વૃત્તિ :– अदादि वर्जाद् धातोः कर्तरि विहिते शिति शव् प्रत्ययः स्यात् । शकार–वकारौ इतौ ।

卐 વૃત્ત્યર્થ :– અદાદિ ગણ (ગણ : ૨) ના ધાતુઓને છોડીને (અન્ય તમામ ધાતુઓને) કર્તરિ પ્રયોગમાં શિત્ (વર્તમાના, સપ્તમી પંચમી, હ્યસ્તની) પ્રત્યયો લાગે તે પહેલા [વિકરણ] પ્રત્યય રૂપે શવ્ [अ] પ્રત્યય લાગે છે શવ્ માં श કાર व કાર બન્ને इत् છે

★ અનુવૃત્તિ :– ક્યઃ શિતિ ૩/૪/૭૦ થી શિતિ

卐 વિશેષ :– 0 શવ્ પ્રત્યયમા श કાર व કાર બન્ને શિત્ અને વિત્ કાર્યો માટે છે

0 અન–અદ્ભ્યઃ :– ગણ અદાદિ (क અનુબંધવાળા) (ગણ ૨ અને અન્તર્ગત ગણ : ૩ બન્ને) ના તમામ ધાતુઓનુ વર્જન સમજવું – (બૃહદ્‌વૃત્તિ ભા. ૧ પૃ. ૨૫૦ પર અદાદિ ગણપાઠ આપેલ છે કુલ ૮૫ ધાતુ છે अद् થી ह्नुङ् સુધી)

0 અહીં अनद्भ्यः જ લખ્યું છે પણ વાસ્તવિક રીતે જોતાં ગણ – ૧ ભ્વાદિ અને ગણ – ૧૦ ચુરાદિ માંજ શવ્ [अ] લાગશે બાકીના ગણો માટેના પ્રત્યયોના ફેરફારો હવે પછીના સૂત્રોમાં કહેવાશે.

0 કર્તરિ કેમ કહ્યું ?

ભાવે – કર્મણી પ્રયોગ છે માટે 'शव्' ન લાગ્યો

0 अनद्भ्यः કેમ કહ્યું ?

अत्ति = તે ખાય છે. – अद् ધાતુ છે

[૬૫૭]

(૭) નામિનો ગુણોઽક્ङિતિ ૪/૩/૧

★ સૂત્રપૃથક્ :– नाम्नः गुणः अ–क्ङिते

★ વૃત્તિ :– कित्–ङित् वर्जे प्रत्यये परे नाम्यन्तस्य धातोः गुणः स्यात् ।

भवादेशः । स धार्मिको भवति । तौ भवतः । "लुगस्यादेत्यपदे" इत्यकारलोपे, ते भवन्ति । त्वं भवसि । युवां भवथः । यूयं भवथ ।

卐 વૃત્ત્યર્થ :– कित्, ङित् (क् અને ङ् इत् છે તેવા) પ્રત્યયો વર્જિત અન્ય પ્રત્યયો લાગે ત્યારે (નામ્યન્ત) અન્તે નામી સ્વર હોય તેવા ધાતુઓનાં નામી સ્વર નો ગુણ થાય છે

(भू + शव् + ति એ સ્થિતિ છે તેમાં આ સૂત્રથી भू ના ऊ નો ગુણ થતાં भो થશે. भो + शव् (अ) = ઓદૌતોઽવાવ્ ૧/૨/૨૪ થી भो નું भव् + अ થશે)

0 स धार्मिको भवति = તે ધાર્મિક છે.

0 तौ भवतः = તે બે છે.

0 ते भवन्ति = તેઓ છે.

(નોંધ :– भू ધાતુના વર્તમાન કાળના રૂપોની અહીં વ્યાખ્યાન છે – તેની તેના સાધનિકા "વિશેષ" માં જુઓ)

卐 વિશેષ :– 0 ગુણ થવા માટે गुणोऽरेदोत्

* "मङ्गलार्थत्वात् प्रथमतस्य भूधातोः" ધાતુપારાયણમ્ પૃ. ૧

૩/૩/૨ સૂત્ર છે. તેનાથી ऋ વર્ણનો अर्, इ વર્ણનો ए, उ વર્ણનો ओ થાય * 1

0 ङित् વત્ થવાના વિધાનો ૪/૩/૧૭ થી ૪/૩/૨૦ સૂત્રમાં સિદ્ધહેમ વ્યા. માં છે

0 कित् વત્ થવાના વિધાનો ૪/૩/૨૧ થી ૪/૩/૪૧ માંછે.

0 नामिन: એમ કેમ કહ્યું ?
याति – તે જાયછે. या એ નામ્યન્ત નથી.

0 अ क्ङिति કેમ કહ્યુ ?
भूत: – અહીં क्त એ कित् પ્રત્યય છે.

भू सतायाम् ધાતુ ક્રમાંક 1

સાધનિકા (૧) क्रियार्थो धातु: ૩/૩/૩ થી ધાતુ સંજ્ઞા (૨) त्रिणि त्रीण्य...दि: ૩/૩/૧૭ થી (अन्यद्) ત્રીજો વગેરે પુરૂષ અને વચનો (૩) सति ૫/૨/૧૯ સૂત્રથી વર્તમાનાને वर्तमाना ના પ્રત્યયો લાગે (૪) वर्तमाना ૩/૩/૬ થી तिव् तस् વગેરે પ્રત્યયો (૫) नवाद्यानि... ...म् ૩/૩/૧૯ થી પહેલાં નવ પરસ્મૈપદી પ્રત્યયો (૬) एता: शित: ૩/૩/૧૦ થી शित् સંજ્ઞા * 2

(1) भवति (૧) भू+तिव् (૨) कर्तर्य.. शव् ૩/૪/૭૧ થી – भू+शव्+तिव् (૩) भू+अ+ति – (કેમકે श्–व् અપ્રયોગિત્ છે) (૪) नामिनो गुणो...ति ૪/૩/૧ થી ऊ નો ગુણ થતા * 3 – भो + अ + ति (૫) ओदौत: ऽवाव् થી अव् – भव् + अ + ति (૬) भवति = તે છે. (ત્રી.પુ. એ.વ.)

(2) भवत: (૧) भू+तस् (ત્રીજો પુરૂષ દ્વિ. વ.) (૨) ઉપર મુજબ – भवतस् (૩) सोरु: ૨/૧/૭૨ થી भवतर् (૪) र: पदान्ते...यो: ૧/૩/૫૩ થી વિસર્ગ – भवत: થશે = તેઓ બે છે

(3) भवन्ति (૧) भू + अन्ति (ત્રીજો પુરૂષ બ.વ.) (૨) भव् + अ+अन्ति– (૩) लुगस्य...दे ૨/૧/૧૧૩ થી પૂર્વ अ લોપ – भवन्ति = તેઓ છે

(4) भवसि – भू + सि – બીજો પુરૂષ એ વ

(5) भवथ: भू + थस् – બી પુ દ્વિ વ. – તમે બે છો

(૬) भवथ भू + थ = બી પુ એ.વ. – તમે છો

[૬૫૮]

(૮) मव्यस्या: ૪/૨/૧૧૩

★ સૂત્રપૃથ૦ :- म – वि अस्य आ:

★ વૃત્તિ :- धातो विहिते मादौ वादौ च प्रत्यये परे अत आ: स्यात् । अहं भवामि । आवां भवाव: । वयं भवाम: ।

अन्यदर्थादिद्वय – त्रययोगे पराश्रयमेव वचनम् । स च त्वं च भवथ: । स च त्वं चाहं च भवाम: ।

卐 વૃત્ત્યર્થ :- ધાતુથી વિહિત એવા म કારાદિ व કારાદિ પ્રત્યય લાગે ત્યારે અન્ત્ય अ નો आ થાય છે. अहं भवामि = હું છું, आवां भवाव: = અમે બે છીએ, वयं भवाम: = અમે બધાં છીએ.

0 એકજ વાક્યમાં अन्यद्, युष्मद्, अस्मद् માંથી બે કે ત્રણ પુરૂષ સાથે હોય ત્યારે જે पर – છેલ્લે હોય તેને આશ્રીને ક્રિયા કરવી. જેમકે.– स च त्वं च = भवथ: અહીં युष्मद् પરમાં છે માટે બી.પુ. દ્વિ.વ. નો थस् થયો. स च त्वं च अहं च = वयम् भवाम: માં अस्मद् પરમાં છે માટે ૫. પુ–બ.વ. નો मस् થયો.

卐 વિશેષ :- 0 अस्य કેમ કહ્યું ?
चिनुव: અહીં वस् પ્રત્યય પૂર્વે उ છે માટે आ ન થયો.

0 (7) भवामि = (૧) भू + मि (૨) भव + मि (૩) આ સૂત્રથી પૂર્વના अ નો आ – भवामि

(8) भवाव: – भू + वस्

[9] भवाम: – भू + मस्

— વર્તમાના – પરસ્મૈપદ – પૂરૂ થયું —

भू सतायाम् - ધાતુ ક્રમાંક 1 *

	એ.વ.	દ્વિ વ.	બ.વ.
ત્રી. પુ.	भवति	भवत:	भवन्ति
બી. પુ.	भवसि	भवथ:	भवथ
૫. પુ.	भवामि	भवाव:	भवाम:

[૬૫૯]

[૯] विधि निमन्त्रणामन्त्रणधीष्ट संप्रश्न प्रार्थने ૫/૪/૨૮

o o o o o o o o o o o o o o o o o o o o o

* 1 आसन्न પરિભાષા – ૭ – ૪ – ૧૨૦

* 2 આ ૭ સૂત્રો ફરી વખત સાધનિકામાં અપાયા નથી - તે બધાંનું કાર્ય થયા પછી तिव् વગેરે પ્રત્યયો લાગશે તેમ સમજી લેવું.

* 3 आद्यन्तवदेकस्मिन्- ન્યાય ૫, ૫ ૭.

* અહીં भू ધાતુના કર્તરી–વર્તમાનાના રૂપો આપેલછે. અભ્યાસકે દરેક રૂપો આ રીતે તૈયાર કરવા–આ ગ્રન્થમાં આપેલ ધાતુ ક્રમાંક મુજબ–ધાતુ–રત્નાકરમાં રૂપો છે.

★ सूत्रपृथ० :- विधि निमन्त्रण आमन्त्रण अधीष्ट सम्प्रश्न प्रार्थने ।

★ वृत्ति -: विधिः क्रियायां प्रेरणं । विध्यादिषु सप्तमी स्यात् ।

☐ सं म स्तादिष्वारे सप्तमी । सप्तमी ३/३/७ ।

परस्मैपदिनः			आत्मनेपदिन.		
यात्	याताम्	युस्	ईत	ईयाताम्	ईरन्
यास्	यातम्	यात	ईथास्	ईयाथाम्	ईध्वम्
याम्	याव	याम	ईय	ईवहि	ईमहि

卐 વૃત્ત્યર્થ :- વિધિ :- ક્રિયામાં પ્રેરણા કરવી 0 (નિમન્ત્રણ :- પ્રેરણા કર્યા પછી નેમ ન કરીએ તો દોષ લાગે ત્રિકાલ્યમ્ આવશ્યક કુર્યાત્ – ઉપવાસાદિ આવશ્યક કરે. 0 આમન્ત્રણ – પ્રેરણા છતાં ઇચ્છા અનુસાર વર્તી શકાય. इह आसीत – અહીં બેસો 0 અધીષ્ટ – સત્કાર પૂર્વકની પ્રેરણા. व्रतं रक्षेत – વ્રતનું રક્ષણ કરો. 0 સમ્પ્રશ્ન – પ્રયોગ કરનારની ધારણાને લગતો પ્રશ્ન – શું હું વ્યાકરણ ભણું કે ન્યાય? પ્રાર્થના = વિનંતી) 0 વિધિ વગેરેમાં સપ્તમી (અને પંચમી) થાય.

★ અનુવૃત્તિ :- ક્ષ્યાર્થે સપ્તમી પઞ્ચમ્યૌ ૫/૪/૨૭

卐 વિશેષ :- 0 સપ્તમી (વિધ્યર્થ) ના અંગે સિદ્ધહેમ વ્યા. માં ૫/૪/૨૧ થી ૫/૪/૨૮ સૂત્રોમાં વિધાનો છે

☐ શેષવૃત્તિ:- (૩) सम्भावनेऽलमर्थे तदर्थानुक्तौ ૫/૪/૨૨ ક્રિયા કરવાની શક્તિની સંભાવના જણાતી હોય અને अलम् અર્થના સૂચક શક્તિવાચી શબ્દનો પ્રયોગ ન કર્યો તમામ કાળમાં ધાતુને સપ્તમી ના પ્રત્યયો લાગે

0 अपि मासम् उपवसेत् = મહિનાના ઉપવાસ કરી શકે [૪૬૧]

(૪) સપ્તમી ૩/૩/૭ સપ્તમી એટલે કે વિધ્યર્થના ત્રણે વચન અને ત્રણે પુરુષના પ્રત્યયો :-

પરસ્મૈપદિનઃ			આત્મનેપદિન		
यात्	याताम्	युस्	ईत	ईयाताम्	ईरन्
यास्	यातम्	यात	ईथास्	ईयाथाम्	ईध्वम्
याम्	याव	याम	ईय	ईवहि	ईमहि

આ પ્રત્યયો विधि निमन्त्रण .. ૫/૪/૨૮ માં જણાવ્યા મુજબ વિધિ વગેરે અર્થોમાં થાય છે [૪૬૨]

[10] यः सप्तम्याः ४/२/१२२

★ वृत्ति :- आत् परस्य सप्तम्या या शब्दस्य इः स्यात् । शिष्यो गुरुसेवी भवेत् । भवेदमीमत्त्वः आदद्यात् । भवेताम् ।

☐ आत् परस्य याम्युसोरियमियुसौ । भवेयुः । भवेः भवेतम् भवेत । भवेयम् भवेव भवेम ।

卐 વૃત્ત્યર્થ -: अ થી પર રહેલાં સપ્તમી ના या નો इ થાય છે

0 शिष्यो गुरुसेवी भवेत् – શિષ્ય ગુરુ સેવી થાય.

0 भवेदमी भत्त्व आदद्यात् આદરથી આ જન્ય થાય

બન્ને ઉદાહરણમાં भू ધાતુને यात् પ્રત્યય લાગ્યો છે भू + शव् + यात् – અહીં (शव्) अ થી પર यात् હોવાથી या નો इ થયો – भव + ईत्

0 भवेताम् = भू + याताम् = भू + अ + ईताम् = भव + ईताम् થઇ भवेताम् બન્યું.

★ અનુવૃત્તિ :- आतामाते आथामाथे आदिः ४/२/१२१ થી आदिः

卐 વિશેષ :- अ થી પર કેમ કહ્યું ?

अद्यात् – अद् ધાતુ વ્યંજનાન્ત છે.

0 भू ધાતુના સપ્તમી [વિધ્યર્થ] ના રૂપો

(શ્રીકારવાગાષ્ટો પુરુષ સાધનિકા)

(1) भवेत् – (ત્રી.પુ. એ.વ.) भू ધાતુ –(૧) विधि निमन्त्रणा ..૫/૪/૨૮ થી સપ્તમી, સપ્તમી ૩/૩/૭ થી પ્રત્યયો यात् વગેરે भू + यात् (૨) कर्तर्य...शव् ૩/૪/૭૧ થી भू + शव् + यात् (૩) भव् + अ + यात् (भू નો ગુણ થઇ अव्) (૪) यः सप्तम्याः ४/२ १२२ થી भव + इत् (૫) अवर्णस्य . ए १/२/६ થી भवेत्

(2) भवेताम् (ત્રી.પુ દ્વિ.વ.) (૧) भू + याताम्

(3) भवेयुः (ત્રી.પુ બ.વ.) (૧) भू + युस्

(૨) याम्युसो: ...४/२/१२३ થી भू + अ + इयुस्

[4] भवे: [બી પુ એ.વ] [૧] भू + यास्

[૨] भू + शव् + यस् [૩] भव + इस् [૪] भवेस्

[૫] સોરુ. ૨/૧/૭૨, र. पदान्ते...વો ૧/૩/૫૩ થી भवेः

[5] भवेतम् [બી.પુ. દ્વિ.વ.] भू + यातम्

[6] भवेत (બી પુ બ.વ.) भू + यात

[6] भवेयम् [પ્ર પુ એ.વ.] [૧] भू + याम्[૨] भू+ शव् + याम (૩) याम्युसो:...સૂ ४/२/१२३ થી भू+ शव् + इयम् (૪) भवेयम्

(8) भवेव (પ પુ દ્વિ.વ.) भू + याव
(9) भवेम (પ પુ. બ.વ) भू + याम

सप्तमी ના રૂપો *

	એ.વ	દ્વિ.વ.	બ વ.
ત્રી.પુ.	भवेत्	भवेताम्	भवेयु:
બી.પુ.	भवे:	भवेतम्	भवेत
પ.પુ	भवेयम्	भवेव	भवेम

■ શેષવૃત્તિ :- (५) याम्युसो: इयमियुसौ ४/२/१२३ ધાતુના अ કાર પછી આવેલા सप्तमी ના याम (પ પુ એ.વ.) ને બદલે इयुस् પ્રત્યય થાયછે. જેમકે भवेयु: = તેઓ થાય. [४६३]

[६६१]

(११) प्रैषाऽनुज्ञावसरे कृत्य पञ्चम्यौ ५/४/२९

★ સૂત્રપૃથ૦ :- प्रैष अनुज्ञा अवसरे कृत्य पञ्चम्यौ

★ વૃત્તિ :- न्यत्कारपूर्विका प्रेरणा प्रैष: । प्रैषादिषु कृत्या: पञ्चमी च स्यु: ।

■ विध्यादिषु आशिषि च पञ्चमी वक्तव्या: पञ्चमी ३/३/८ परस्मैदिन: तुव्, ताम्, अन्तु । हि, तम्, त। आनिव्, आवव्, आमव् ।

आत्मनेपदिन: - ताम्, आताम्, अन्ताम् । स्व, आथाम्, ध्वम् । ऐव्, आवहैव्, आमहैव् । अध्यनायोद्यतो भवतु चैत्र: । भवताम् । भवन्तु । 'आशिषि तुह्यो स्तातङ् वा आयुष्यमान् भवतु भवतात् भवान् ।

卐 વૃત્ત્યર્થ :- प्रैषा :- તિરસ્કાર પૂર્વકની પ્રેરણા (अनुज्ञा :- ઇચ્છા પૂર્વકની સંમતિ, अवसर કામ કરવાનો સમય) પ્રૈષા, અનુજ્ઞા અવસર અર્થમાં पञ्चमी (આજ્ઞાર્થ) ના પ્રત્યયો લાગે

0 અધ્યયનાય उद्यतो भवतु चैत्र: ચૈત્ર ભણવાને માટે ઉદ્યત થાય.

卐 વિશેષ :- 0 આ સૂત્ર पञ्चमी આજ્ઞાર્થ ક્યારે થાય તે અંગેના વિધાન કરેછે. અને भू (ધાતુ-1) ના રૂપો આપેછે.

(1) भवतु :- भू + तुव् (ત્રી.પુ એ વ.) (૧) प्रैषाऽनुज्ञा ... રે ५/४/२९ થી पञ्चमी, पञ्चमी ३/३/८ થી तुव् વગેરે પ્રત્યયો (૨) भू + शव् + तुव् - कर्तर्य शव् ३/४/७१ (૩) नामिनो गुणो થી भव् + अ + तुव् (૪) तुव् માં व् અપ્રયોગી છે તેથી भवतु

(2) भवताम् - (ત્રી.પુ. દ્વિ.વ.) भू + ताम्

(3) भवन्तु - (ત્રી.પુ. બ.વ) भू + अन्तु

(૧) - नामिनो गुणो થી ગુણ : भव् + अ + अन्तु

(૨) लुगस्या...दे થી પૂર્વ अ લોપ भव् + अन्तु

■ શેષવૃત્તિ :- 0 आशिषि आशी: पञ्चम्यौ ५/४/३८ (વૃત્તિમાં જણાવ્યા મુજબ વિધિ વગેરેમાં સૂત્ર- ૫/૪/૨૮-ત્વાદિ સૂત્ર :- ૯ થી અને आशिषि અર્થમાં આ સૂત્રથી પચમી થાય) આશીર્વાદ અર્થમાં ધાતુને आशी: તથા પંચમી વિભક્તિના પ્રત્યયો લાગે જેમ કે :- શ્રેયસ્વી भवतु શ્રેયસ્વી થાઓ-જુઓ સૂત્ર-૩૦

(૬) पञ्चमी ३/३/८ પંચમી (આજ્ઞાર્થ) માં નીચેના પ્રત્યયો વપરાય છે.

तुव्	ताम्	अन्तु	ताम्	आताम्	अन्ताम्
हि	तम	त	स्व	आथाम्	ध्वम्
आनिव्	आवव्	आमव्	ऐव्	आवहैव्	आमहैव्

પરસ્મૈપદીમાં भवतु જોયું [४६४]

(७) आशिषि तु-ह्यो तातङ् ४/२/११९

આશીર્વાદ અર્થમાં પંચમી વિભક્તિ ના तुव् અને हि પ્રત્યયને બદલે तातङ् પ્રત્યય વિકલ્પે થાય છે. भवतात् - (ત્રી.પુ એ.વ) - भव + तु વિકલ્પે भव + तातङ् = भवतात् [४६५]

[६६२]

(१२) अत: प्रत्ययाल्लुक् ४/२/८५

★ સૂત્રપૃથ૦ :- अत: प्रत्ययात् लुक्

★ વૃત્તિ :- धातो: परो योऽदन्त: प्रत्ययस्तत: परस्य हेर्लुक् स्यात् । भव

■ भवतात्, भवतम, भवत। भवानि भवाव, भवाम।

卐 વૃત્ત્યર્થ :- ધાતુથી પર રહેલા अदन्त પ્રત્યય પછી આવેલ (પંચમી બી પુ એ.વ. ના) हि પ્રત્યયનો લોપ થાય છે.

भव તું થા (બી.પુ એ વ.) भव + हि [शव्] એ अ છે માટે પછીનો हि નો લોપ.

★ અનુવૃત્તિ :- हु धुटो हे र्धि: ४/२/८३ થી हे:

卐 વિશેષ :- 0 अ થી પર કેમ રહ્યું ? प्राप्नुहि = તું મેળવ - અહીં उ કાર પછી हि છે માટે લોપ ન થાય

○ ○ ○ ○ ○ ○ ○ ○ ○ ○ ○ ○ ○ ○ ○ ○ ○ ○ ○

* ધાતુરત્નાકર માં ઉપર મુજબ રૂપો છે. અભ્યાસક પણ આ રીતે તમામ ધાતુ માટે રૂપો તૈયાર કરવા.

(4) भव (ત્રી.પુ એ.વ) ની સાધનિકા (1) भू+हि [२] भू+शव् [अ] + हि [३] भव + अ [४] भव ૪/૨/૮૫ માતાત્ - भू + तातङ् आशिषि. .इ. ૪/૨/૧૧૯ થી तात

☐ શેષવૃત્તિ :- (5) भवतम् (ત્રી.પુ -દ્વિ.વ.)भू+तम्
(6) भवत - (ત્રી પુ બ.વ) - भू + त
(7) भवानि - (પ્ર પુ. એ વ) भू+आनि (અહીં ध् અપ્રયાગી છે
(8) भवाव (પ્ર પુ દ્વિ વ.) = भू + आव।
(9) भवाम (પ્ર.પુ બ.વ) = भु + आम।

[૬૬૩]

(૧૩) અનદ્યતને હ્યસ્તની ૫/૨/૭

★ સૂત્રપૃથ૦ :- अन् - अद्यतने हृस्तनी

★ વૃત્તિ :- आन्याय्यादुत्थाना दान्याय्याच संवेशना-दहरुभयत. सार्धं रात्र वाद्यतनः कालस्तस्मिंऽन्योऽनद्य-तनस्तस्मिन भूतार्थाद् धातोर्ह्यस्तनी स्यत् ।

☐ स्यात इत्येये लोकविज्ञायते प्रयोक्तुः शक्यदर्शन विषयेऽपि भुक्तवत्ने ह्यस्तनी स्यात् । 0 ह्यस्तनी ३/३/९ परस्मैपदेदिनः :- दिव, ताम्, अन्, सि्, तम्, त । अम् व म । आत्मनेपदिनः त आताम्, अ त । थस्, आथाम्, ध्वम्, । इ, वहि, महि।

卐 વૃત્યર્થ :- [ધર્મ - નીતિ શાસ્ત્રાનુસાર] ન્યાય પૂર્વક ઉત્થાન [ઉઠવું] થી ન્યાયપૂર્વક શય્યા ગ્રહણ [સૂવું] કાલ તે अद्यतन काल અથવા આગલી અર્ધી રાત્રિ એટલે બાર વાગ્યાથી આવતી રાત્રિના બાર વાગ્યાનો સમય તે अद्यतन काल - તેથી અન્ય તે अनद्यतन काल કહેવાય. તે કાલને ભૂતકાળના અર્થવાળા ધાતુને હ્યસ્તની ના પ્રત્યયો લાગે છે

卐 વિશેષ :- 0 संवेश = शय्या *
0 ह्यस्तनी મા हास् = વ્યતીત કાળ

☐ શેષવૃત્તિ.- (૧૮) स्यात इत्येये ૫/૨/૮ ક્રિયા પ્રત્યક્ષ ન હોય તો પણ પ્રસિદ્ધ હોય અને પ્રયોગ કરનારથી જોઈ શકાય તેવી હોય તો તે પરોક્ષક્રિયા સૂચવના ધાતુને હ્યસ્તનીના પ્રત્યયો લાગે [૪૬૬]
(૯) હ્યસ્તની 3/3/૯ હ્યસ્તન ભૂતકાળના પ્રત્યયો ત્રણે વચન અને ત્રણે પુરુષ

* અભિધાન ચિન્તામણી દેવકાણ્ડ શ્લો૦ : ૩૧૩
निद्रा प्रमीला शयनं संवेश...याः

પરસ્મૈપદી			આત્મનેપદી		
दिव्	ताम्	अन	त	आताम्	अन्त
सिव्	तम	त	थास्	आथाम	ध्वम्
अम्	व	म	इ	वहि	महि

હ્યસ્તનીમા કાત अमवत् [૪૬૭]

[૬૬૪]

(૧૪) अड्धातोरादिर्ह्यस्तन्यां चामाङा । ૪/૪/૨૯

★ સૂત્રપૃથ૦ :- अड् धातोः आदिः ह्यस्तन्या च अ-माङा ।

★ વૃત્તિ :- ह्यस्तन्यद्यतन्यो क्रियाति-पत्तेश्च विषये धातोरादिरड् स्यात् न तु माङ् योगे । अमवद् भो जिनार्चा। विशमे वा । अमवत, अमवताम अमवन् । अमवः, अमवतम्, अमवत अमवम्. अमवाव, अमवाम ।

卐 વૃત્યર્થ :- હ્યસ્તની, અદ્યતની, ક્રિયાતિ-પત્તિના વિષયમાં-ધાતુની આદિમાં-પૂર્વે अड् (अ) આગમ થાય છે જો माङ् નો યોગ ન હોયતો.
0 अमवद् भो जिनार्चा - ગઇકાલે જિન-પૂજા થઈ.
(विशमे वा ૧ ૩/૫૧ થી વિકલ્પે પ્રથમ અક્ષર થાય) अभवन्-(તે હતો) વગેરે भू ધાતુના હ્યસ્તન ભૂતકાળના રૂપો છે -જેની સાધનિકા-"વિશેષ"માં જુઓ

★ અનુવૃત્તિ:- वाऽद्यतनी क्रियातिपत्त्योः गाङ् ૪/૪/૨૮ થી अद्यतनी क्रियातिपत्त्योः

卐 વિશેષ :- 0 माङ् અવ્યય છે - (જુઓ चादयोऽसत्त्वे ૧/૧/૩૧)
0 माङ् નિષેધ કેમ ?
मा स्म कार्षित् - તેણે ન કર્યું. माङ् યોગે अकार्षित् ન થયુ.
0 धातोरादिः કેમ કહ્યું ?
प्रायाः = प्र + अ + याः = तु ગયો અહીં प्र એ ધાતુ નથી, પણ या ધાતુ છે.

भू ધાતુના હ્યસ્તનીના રૂપોની સાધનિકા (1) अभवत् (ત્રી પુ એ વ) તે હતો. (૧) भू+दिव् (૨) दिव्માં व् અપ્રયોગી છે અને इ કાર ઉચ્ચારણ માટે છે તેથી भू+द् *(૩) કર્તરિ... शव्-भू+शव्+त (૪) नामिनो ગુણો भव्+अ+त् (૫) अड्धातो ૪/૪/૨૯ થી अ+भव+त्
(2) अभवताम (ત્રી પુ. દ્વિ.વ.) भू+ताम्

* અહીં અને અન્યત્ર द् નો त् લખ્યો છે તે માત્ર શુદ્ધ ભણનારની આશાએ છે. ખરેખર द्-त् બન્ને લેવા.

(3 अभवन् (त्री.पु ब.व.) भू+अन् (१) उपर मुजब-अभव्+अ+अन् (२) लुगस्या दे थी अ लोप- अभव्+अन् (9) अभवाम=भू+म (१) अभव्+अ+म् (२) मव्यस्या: ४,४/११३ थी आ थता अभव्+आ+म

ह्यस्तनी-भू धातुना रूपो

पुरुष	ए.व	द्वि.व.	ब.व
त्री.	अभवत्	अभवताम्	अभवन्
बी.	अभव:	अभवतम्	अभवत
प.	अभवम्	अभवाव	अभवाम

[६६५]

(१५) अविवक्षिते ५/२/१४

★ वृत्ति :- परोक्षत्वेनाविवक्षिते परोक्षे भूतानद्यतने ह्यस्तनी स्यात् । अभवद् वीरः ।

卐 वृत्त्यर्थ :- परोक्षानी विवक्षा न करी होय त्यारे परोक्ष बनाव होयतो पण अनद्यतन काळमां धातुने ह्यस्तनीना प्रत्ययो लगाडवा.

0 अभवद् वीर:- वीर भगवान थया (परोक्ष घटना छे. छतां विवक्षा नथी करी माटे ह्यस्तनी लाग्युं)

★ अनुवृत्ति :- परोक्षे

卐 विशेष :- ५५८.

[६६६]

(१६) स्मे च वर्तमाना ५/२/१६

★ वृत्ति :- भूतानद्यतने वर्त्तमानाद् धातोः स्मे पुरादौ चोपपदे वर्तमाना स्यात् । शिष्यास्तव भवन्ति स्म । पुरा भवति

卐 वृत्त्यर्थ :- अनद्यतन भूतकाळमां वर्तता धातुनी साथे जो स्म अने पुरा वगेरे शब्दोनो संयोग होय तो (भूतकाळ छतां) वर्तमाना ना प्रत्ययो लागे छे पुरा भवति-पहेलां हतुं, शिष्यास्तव भवन्ति स्म = तारा शिष्यो हता (बंने उदाहरणोमां भुतकाळ अर्थ छे पुरा भवति एटले अभवत् अर्थ थाय.)

★ अनुवृत्ति :- वाद्यतनी पुरादौ ५/२/१५थी पुरा वगेरे

卐 विशेष :- 0 पुरादौ मां आदि शब्दनुं ग्रहण प्रयोग अनुसरण माटे छे.*

[६६७]

* आदि-मध्यमवृत्ति अवचूरी भा. २, पृ १९३

(१७) अद्यतनी ५/२/४

★ वृत्ति :- अद्यतनकाले भूतार्थाद् धातोरद्यतनी स्यात् ।

卐 वृत्त्यर्थ :- * अद्यतन काळमां भूत अर्थमां धातुने अद्यतनी ना प्रत्ययो लागे.

卐 विशेष :- 0 अद्यतन काळनो अर्थ सूत्र १३ अनद्यतने ह्यस्तनी मां जणाव्या मुजबनो समजवो - टुंकमां कहीए तो अद्यतन एटले "आजनो भूतकाळ"

[६६८]

(१८) विशेषाऽविवक्षाव्यामिश्रे ५/२/५

★ सूत्रपृथ० :- विशेष अ-विवक्षा-व्यामिश्रे

★ वृत्ति :- अद्यतनादि विशेषा ऽविवक्षायां व्यामिश्रणे च सति भूतार्थाद् धातोरद्यतनी स्यात् ।

■ अद्यतनी ३/३/११

परस्मैपदिनः-दि. ताम, अन् । सि. तम्, त । अम्, व, म ।

आत्मनेपदिनः - त. आताम्, अन्त । थास् आथाम्, ध्वम् । इ, वहि, महि ।

卐 वृत्त्यर्थ -: अद्यतन, ह्यस्तन के परोक्षानी विशेष विवक्षा न होय त्यारे अने व्यामिश्र - बे काळ भेगा थयेला जणाववा माटे - भूत अर्थमां धातुने अद्यतनी ना प्रत्ययो लागे.

卐 विशेष :- 0 व्यामिश्रकाळ :- अद्य ह्यो वा अभुक्ष्महि - आजे अथवा काले अमे खाधुं

0 विशेषाविवक्षा केम कह्युं ?

अपिवाम पय: - अमे दुध पीधुं अहीं ह्यस्तनी छे.

■ शेषवृत्ति :- (१०) अद्यतनी...3/3/११ अद्यतनीमां नीचेना प्रत्ययो लागे.

परस्मैपदी			आत्मनेपदी		
दि	ताम्	अन्	त	आताम्	अन्त
सि	तम्	त	थास्	आथाम्	ध्वम्
अम्	व	म	इ	वहि	महि

नोंध :- अद्यतनी ना प्रत्ययो ह्यस्तनी जेवा ज छे. पण वास्तवमां वपराय त्यारे घणा फेरफारो थायछे. [४६८]

[६६९]

* अद्यतन - ह्यस्तनी सुधी चार काळ शित काळ हता - हवेना ७ काळ अशित काळ छे.

(१९) सिजद्यतन्याम् ३/४/५३

★ સૂત્રપૃથ૦ :- सिच् अद्यतन्याम्

★ વૃત્તિ :- अद्यतन्यां परस्यां धातोः परः सिच् स्यात् । इकार उच्चारणार्थः, च कारो विशेषार्थः.

卐 વૃત્યર્થ :- અદ્યતની ના પ્રત્યયો લાગ્યા હોય ત્યારે ધાતુથી પર (મૂળધાતુ પાસે) सिच् (स्) ઉમેરાય છે. - सिच् મા इ કાર ઉચ્ચારણ માટે છે. અને च् કાર વિશેષ અર્થમા છે. (भू ધાતુ भू + स् + दि એ રીતે સમજવું)

★ અનુવૃત્તિ :- धातोः ...तन्त्र् ३/४/४१ થી धातोः

卐 વિશેષ :- 0 સૂચન :- અદ્યતની ના રૂપોમા सिच् નો આગમ-લોપ વગેરે થયા બાદ રૂપો કઈ રીતે તૈયાર થાય તે આગળના સૂત્રોમા દર્શાવેલ છે જ્યા તેની વ્યવસ્થિત સમજ માટે "હેમ સંસ્કૃત પ્રવેશિકા" મધ્યમા - પાઠ ૨૭-૨૮-૨૯ મા આપેલા ૭ પ્રકારો જોઈ જવા

[૪૭૦]

(२०) पिबैति दा भूस्थः सिचो लुप् परस्मै न चेट् ४/३/६६

★ સૂત્રપૃથ૦ :- पिब-एति-दा-भू-स्थः सिचः लुप् परस्मै न च इट्

★ વૃત્તિ :- देवे दा संज्ञा धातवः । एभ्यः परस्य सिचः परस्मैपदे लुप् स्यात्, तत्र योगे न चेट्

卐 વૃત્યર્થ :- पिब् આદેશવાળો पा ધાતુ (पा-पाति - રક્ષણ કરવુ નહીં) एति, इण्, इक् ધાતુ, दा સંજ્ઞાવાળા ધાતુ, भू અને स्था ધાતુઓને લાગેલ सिच् નો લોપ થાય છે અને લુપ થવાથી इट् આગમ થતો નથી. (स्ताद्यशितोऽत्रोणादेरिट् થી इट्‌ની પ્રાપ્તિ હતી)

卐 વિશેષ :- સૂત્રમાં लुक् ન કરતા लुप् કર્યું તે સ્થાનિવત્ ભાવની અપ્રાપ્તિ માટે છે

0 दा સંજ્ઞા વાળા ધાતુ :- दाम्=દેવુ, देङ्= પાલન કરવું दुदाञ् = આપવુ, दोच् = છેદન કરવુ, दैङ्= શોધવું, डुधाञ् = ધારણ કરવું

0 परस्मै એમ કેમ કહ્યુ ?

अदास्त दानेश चैत्रेण - કર્મણી પ્રયોગ - આત્મનેપદ છે માટે स् લોપ ન થયો.

0 दा સંજ્ઞક કેમ કહ્યું ?

अदासीद् भाजनम्

0 ઉદાહરણ :- (सिच् લોપ અંગેના)

पा - अ + पा + स + त् = अपात्=તેણે પીધું

दा - अ + दा + स् + त् = अदात् = તેણે દીધું

स्था - अ + स्था + स् + त् = अस्थात् = તે રહ્યો

(૪૭૧)

(०१) भवतेः सिज्लुपि ४/३/१२

★ સૂત્રપૃથ૦ - भवतेः सिच् लुपि

★ વૃત્તિ - सिचो लुपि भवतेर्गुणो न स्यात् । अद्-धात्वादिष्वागमः । अभूत् अत्र भूत्वः । अभूवम्

卐 વૃત્યર્થ :- सिच् નો લોપ થતા भू ધાતુ ને ગુણ થતા નથી. अड्धातो ४/४/२९ થી अ આગમ થતા अभूत् રૂપ બન્યું अभूत् अत्र भूविः આમાં વધારા થયો (હતો)

★ અનુવૃત્તિ .- (૧) नामिनो गुणोऽक्ङिति ४/३/१થી गुण (२) न वृद्धि ४ ३/११ થી न

卐 વિશેષ :- अभूत्‌મા सिच् પ્રત્યયનો લોપ થયો છે માટે भू નું भो થયું નહીં

0 भवतेः સૂત્રમા तिव् પ્રત્યયાન્ત भवति શબ્દ મુકવાથી यङ्लुबन्त પ્રયોગમા આ સૂત્ર લાગશે નહીં. એટલે કે भू નો ગુણ થઈ શકશે. *

-: भू अभूत्‌ની સાધનિકા :-

(1) अभूत् ત્રી.પુ. એ.વ. भू+दि (त्) (१) सिजद्यतन्याम् ३/४/५३ થી भू+सिच्+त् (२) पिबैति दा भूस्थः... ४/३.६६ થી सिच् લોપ-भू+त् (३) भवतेः सिज्लुपि ४/३,१२ થી ગુણ ન થાય. (४) अड्धातो ..दा ४/४/२९ થી अट् આગમ થતા अ+भू+त्

(2) अभूताम् भू+ताम्-ઉપર મુજબ.

[૪૭૨]

(०२) भुवो वः परोक्षाऽद्यतन्योः ४/२/४३

★ સૂત્રપૃથ૦ :- भुवः वः परोक्षा-अद्यतन्योः

★ વૃત્તિ :- भुवो धात्वोरन्तस्य परोक्षाद्यतन्योर्न् स्यात् । अभू न्

☐ अभूः, अभूत्म, अभूत । अभूवम्, अभूव, अभूम।

卐 વૃત્યર્થ :- ऊ અન્તે છે તેવા भू ધાતુ

* ન્યાય :- नि यङ्लुबन्तस्य .. न यङ् लुपि-ન્યાય- १८, ५ १८

ના ઉપાન્ત્ય સ્વરનો ऊत् (ऊ) થાયછે. – પરોક્ષા–અદ્યતનીમાં જેમકે :– अभूवन् તેઓ હતા અહીં भू ધાતુનું પ્રથમ ધાતોરિવર્ણો ૨/૧/૫૦ થી भुव् થયું અને આ સૂત્રથી भूव थशे.

★ અનુવૃત્તિ :– (૧) ऊद् दुषो णौ ૪/૨/૪૦ થી ऊ (૨) उपान्त्यस्य ૪/૨/૩૫

卐 વિશેષ :– 0 व् અન્ત્ય કેમ કહ્યું ?
अभूत् :– અહીં व् અન્ત્ય નથી માટે આ નિયમ ન લાગ્યો
0 परोक्षाऽद्यतन्योः કેમ કહ્યું ?
भविष्यति – થશે. ભવિષ્યકાળ છે.

■ શેષવૃત્તિ :– (3) अभूवन् – ત્રી.પુ બ.વ. भू+अन् [૧] सिजद्यतन्याम् ૩/૪/૫૩ થી भू+सिच् +अन् [૨] पिबैतिदा...चेट् ૪/૩/૬૬ થી भू + अन् [૩] धातोरिवर्णो ૨/૧/૫૦ થી भुव् + अन् [૪] भुवो वः ये: ૪/૨/૪૩ થી भूवन् થયું. [૫] अड्धातो...ड्मा ૪/૪/૨૯ થી अ + भूवन्
(4) अभूः બી.પુ. એ.વ. – भू + सि
(5) अभूतम् બી.પુ. દ્વિ.વ. भू + तम्
(7) अभूवम् પ.પુ એ.વ. भू + अम्
સાધનિકા अभूवन् મુજબ આ રીતે નવે રૂપો સમજી લેવા

[૪૭૩]

(૨૩) परोक्षे ૫/૨/૧૨

★ વૃત્તિ :– भूतानद्यतने परोक्षार्थाद् धातोः परोक्षा स्यात् ।
■ परोक्षा ૩/૩/૧૨
परस्मैपदिनः – णव् , अतुस् , उस् । थव् , अथुस् अ । णव् , व, म ।
आत्मनेपदिनः – ए, आते, इरे । से, आथे, ध्वे । ए, वहे, महे ।

卐 વૃત્યર્થ –: અનદ્યતન ભૂતકાળમાં પરોક્ષ અર્થમાં ધાતુને परोक्षा ના પ્રત્યયો લાગે છે. (પરોક્ષ–ભૂતકાળનો એવો બનાવ જે કોઇ રીતે જોઈ શકાતો ન હોય તે अक्ष्णोः परः – આંખથી પર) (ઉદાહરણ–૨૭ માં સૂત્રમાં)

★ અનુવૃત્તિ :– अनद्यतने ह्यस्तनी ૫/૨/૭ થી अनद्यतने

卐 વિશેષ :– 0 પરોક્ષાની વિવક્ષા ન હોય તો હ્યસ્તની કે અદ્યતની નો પ્રયોગ થાય.
0 કરેલી વાત છૂપાવવા કે વિસ્મરણ થતાં પરોક્ષ ન હોવા છતાં परोक्षा ના પ્રત્યયો લાગે છે * 1

■ શેષવૃત્તિ :– (૧૧) परोक्षा...3/3/૧૨ પરોક્ષા માં ત્રણે વચન – પુરૂષના પ્રત્યયો

પરસ્મૈપદી			આત્મનેપદી		
णव्	अतुस्	उस्	ए	आते	इरे
थव्	अथुस्	अ	से	आथे	ध्वे
णव्	व	म	ए	वहे	महे

भू + णव् – એ સ્થિતિ થશે. [૪૬૯]

[૪૭૪]

(૨૪) द्विर्धातुः परोक्ष ङे प्राक् तु स्वरे स्वरविधेः ૪।૧।૧

★ સૂત્રપૃથ૦ :– द्विः धातुः परोक्षा–ङे प्राक् तु स्वरे स्वरविधेः

★ વૃત્તિ :– परोक्षायां ङे च परे धातु– द्विः स्यात् । स्वरादौ द्वित्वनिमि-ते स्वरस्य कार्यात् प्रागेव ।

卐 વૃત્ત્યર્થ :– પરોક્ષા પ્રત્યયો લાગ્યા હોય, તથા ङ (अ) પ્રત્યય (णि श्रि द्रु...ङः તથા टूवे श्वेर्वा- ૩/૪/૫૮–૫૯) લાગ્યો હોય ત્યારે ધાતુનો દ્વિર્ભાવ થાય છે. એટલે કે બે વખત બોલાય છે.–જો સ્વરાદિ પ્રત્યય લાગ્યા હોય તો સ્વરનું કાર્ય કરતા પૂર્વે દ્વિર્ભાવ કરવો પછી સ્વર નિમિત્તક કાર્ય કરવું જેમકે :– भू + णव् (अ) = भूभू+णव्

卐 વિશેષ .– 0 દ્વિર્ભાવ ધાતુનો થાય– ઉપસર્ગનો ન થાય.
0 સ્વર કાર્ય પૂર્વે જ દ્વિર્ભાવ થવાથી ગુણ – વૃદ્ધિથી અનિષ્ટરૂપ ન થાય. જેમકે :– निनाय–नी નું निनी થયું. જો સ્વરકાર્યથી વૃદ્ધિ કરે તો नैनै થાય.
0 प्राक्तु स्वरे स्वरविधे –એ *અધિકાર વચન છે જે સિદ્ધહેમ વ્યા. ના ૪/૧/૧૨ સૂત્ર સુધી સમજવાનું છે.
0 प्राक्स्वरे કેમ કહ્યું ?
जेघ्रीयते–તે ઘણું સુંઘે છે. – जेघ्री+य+ते અહીં यङ् પ્રત્યય છે-સ્વરાદિ નથી તેથી घ्रा ના आ નો घ्राध्मोर्यङी ૪/૩/૯૮ થી ई કરી પછી દ્વિર્ભાવ કર્યો.

* 1 બૃહદ્‌વૃત્તિ – ન્યાસાદિ યુક્ત – પંચમોધ્યાય સૂત્ર – ૫/૨/૧૨
2 અધિકાર – હેમપ્રકાશ ઉતરાર્ધ – પૃ. ૪૮૫

(૨૫) भू स्वपोरदुतौ ૪/૧/૭૦

★ સુત્રપૃથ૦ :– भू– स्वपः अद्–उतौ

★ વૃત્તિ :– भूस्वपोः परोक्षायां द्वित्वे पूर्वस्य यथासं–ख्यमदुतौ स्याताम् ।

卐 વૃત્યર્થ :– भू અને स्वप् ધાતુને પરોક્ષા વિભક્તિના પ્રત્યયો લાગતા દ્વિર્ભાવ થાય ત્યારે અનુક્રમે अत्, उत्, થાયછે.

(भूभू + णव् = बभू + णव् – આ સૂત્ર લાગી ब થાય) – એજ રીતે स्वप् નુ सुस्वप् થાય છે.

★ અનુવૃત્તિ :– परोक्षायाम्...૪/૧/૬૮

卐 વિશેષ :– 0 परोक्षा મા જ કેમ કહ્યુ ?
बुभूषति – सनन्त નો પ્રયોગ છે. सन થી દ્વિર્ભાવ થયો માટે ब न થયો.

[૪૭૬]

(૨૬) द्वितीयतुर्ययोः पूर्वौ ૪/૧/૪૨

★ વૃત્તિ :– द्वित्वे सति पूर्वयोर्द्वितीय–तुर्ययोर्यथा-सङ्ख्यमाद्य-तृतीयौ–स्याताम् ।

卐 વૃત્યર્થ :– દ્વિત્વ થયે છતે (દ્વિર્ભાવમાના) પૂર્વના બીજા અને ચોથા વર્ણનો અનુક્રમે પ્રથમ અને તૃતીય (વર્ગીય વ્યંજન) થાય દા. ત. भू નો દ્વિર્ભાવ भूभू થયો તેથી પૂર્વનો તૃતીય बुभू થાય.

★ અનુવૃત્તિ :– पूर्वस्य अस्ये स्वरे य्वोः इयुव् ૪/૧/૩૭ થી पूर्वस्य

卐 વિશેષ :– 0 તુર્ય :– चतुरो यच्च ૭/૧/૧૬૪ થી चतुर ને य પ્રત્યય લાગીને चा નો લોપ થતા તુર્ય બન્યું
0 द्वितीय – तुर्ययोः કેમ કહ્યુ ?*
पपाच–અહીં પ્રથમ વર્ણનો દ્વિર્ભાવ થયો છે

[૪૭૭]

(૨૭) नामिनोऽकलिहलेः ૪/૩/૫૧

★ સુત્રપૃથ૦ :– नामिनः अ–कलि–हलेः

★ વૃત્તિ :– नाम्यन्तस्य धातोर्नामिनो वा कलि हलि वर्जस्य ञ्णिति वृद्धिः स्यात् । तत आवादेशे भुवो व स्लुगे च । बभूव श्री वीरः । बभूवतुः बभूवुः ।

卐 વૃત્યર્થ :– नाम्यन्त ધાતુ અને कलि हलि વર્જિત नाम ધાતુનો ञित् કે णित् પ્રત્યય લાગતા ધાતુના અન્ત્ય નામિ સ્વરની વૃદ્ધિ થાય છે.
भू ધાતુ–बभू+अ (णव्)–આ સૂત્રથી વૃદ્ધિ થતાં बभौ+अ (ओदौतो...થી) बभाव (भुवो वः परोक्षा...) बभूव–શ્રી વીર થયા (શાસ્ત્રથી જાણીએ છીએ પણ પરોક્ષ છે.)
–સાધનિકા જુઓ "વિશેષ" મા

★ અનુવૃત્તિ :– (૧) ञ्णिति ૪/૩/૫૦ (૨) मृजोऽस्य वृद्धिः ૪/૩/૪૨ થી वृद्धि

卐 વિશેષ :– 0 कलि, हलिનું વર્જન કેમ કર્યું ?
अचकलत् તે कलि એવો શબ્દ બોલતો હતો – અહીં क ની વૃદ્ધિ થઈ का ન થયો
0 भू પરોક્ષા ના રૂપોની સાધનિકા :–
(1) बभूव :– ત્રી.પુ. એ.વ. (૧) परोक्षा ૫/૨/૧૨ થી परोक्षा નો પ્રત્યય – भू + णव् (अ)
(૨) द्विर्धातु परोक्षा ૪/૧/૧ થી भूभू + अ
(૩) भूस्वपो... ૪/૧/૭૦ થી बभू + अ
(૪) द्वितीय तुर्ययो ૪/૧/૪૨ થી बभू + अ
(૫) नामिनो...૪/૩/૫૧ – ण् કાર થી વૃધ્ધિ, बभौ+अ
(૬) ओदौतो...वृ – बभाव
(૭) भुवोवः परोक्षा ૫/૨/૪૩ થી बभूव
(2) बभूवतुः – भू + अतुस् – ત્રી.પુ. દ્વિ.વ.
बभू + अतुस् = (स्थिवत् થતા धातोरिवर्णो થી बभुव् દીર્ઘ बभूव + अतुस
(3) बभूवुः – भू+उस् – ઉપર મુજબ स् નો र् (सोरुः २/१/७२), र् નો વિસર્ગ (रः पदान्ते . १/३/५३થી)

[૪૭૮]

(૨૮) स्कसृवृभृस्तुद्रुश्रुस्रोर्व्यञ्जनादेः परोक्षायाः ૪/૪/૮૧

★ સુત્રપૃથ૦ :– स्क अ–सृ वृ भृ स्तु द्रु श्रु स्रोः व्यञ्जनादेः परोक्षायाः

★ વૃત્તિ :– स्कृञः स्रादिवर्जेभ्यश्च सर्वधातुभ्यः परस्या व्यञ्जनादेः परोक्षाया आदिरिट् स्यात् । बभूविथ

बभूवथुः बभूव । बभूव, बभूविव, बभूविम ।

卐 વૃત્યર્થ :– सृ, वृ, भृ, स्तु, द्रु, श्रु અને स्रु સિવાયના તમામ ધાતુઓને તેમજ स् કાર યુક્ત कृ (स्कृ) ધાતુને પરોક્ષાના વ્યંજનાદિ પ્રત્યય લાગે ત્યારે

---

* द्वितीय...બૃહદ્વૃત્તિ ભા. ૧ પૃ ૨૬૧

પ્રત્યયની આદિમાં इट् થાય છે. बभु+इ+थ=बभुविथ–તું થયો હતો.

★ અનુવૃત્તિ :– ऋ वृ व्ये अदः इट् ૪/૪/૯૧થી इट्

卐 વિશેષ :– स्क्र એવા નિર્દેશથી स् વાળી कृ ધાતુનું ગ્રહણ થશે માત્ર कृ ધાતુનું નહીં. જેમકે चकृव માં इ ન લાગ્યો.

0 असृ વગેરે કેમ કહ્યું ?

ससृव – અમે બે (સ્વપ્નમાં) સર્યા અહીં व–પરોક્ષાનો વ્યંજનાદિ પ્રત્યય છે. પણ सृ નું વર્જન છે માટે इ ન થાય.

0 भू ધાતુના બાકીના રૂપોની સાધનિકા

(4) बभुविथ :– भू+थव् – બીપુ એવ.

(૧) द्विर्धातु परोक्षा...૪/૧/૧ થી भूभू + थव्

(૨) द्वितीय तुर्ययो...૪/૧/૪૨ થી बूभू + थव्

(૩) भूस्वपो...तौ – ૪/૧/૭૦ થી बभू + थव्

(૪) स्क्रसृवृ...य्याः ૪/૪/૮૧ થી बभू+इ + थ

(૫) नामिनोगुणो – ओदौतोवाव् बभव् + इथ

(૬) भूवो वः परोक्षा ૪/૨/૪૩ થી बभूविथ

(5) बभूवथुः બી.પુ. દ્વિ.વ. – भू + अथुस्-भूभू + अथुस् = बूभु + अथुस् = बभू + अथुस् = बभुव + अथुस् = बभूवथुस् = बभूवथुः

ઉપર મુજબ સાધાનકા સમજવી.

(6) (7) बभूव – બી પુ. બ.વ. અને પ પુ એ.વ. – બન્ને ત્રી.પુ એવ મુજબ

(8) - बभूविव, (૧) बभूविम – બન્ને ઉપર મુજબ (ऊ નો उव् – धातोरिवर्णो – ૨/૧/૫૦ થી)

[૪૭૯]

(૨૯) कृतास्मरणाऽतिनिह्नवे परोक्षा ५/२/११

★ સુત્રપૃથ૦ :– कृत अस्मरण अति निह्नवे परोक्षा

★ વૃત્તિ :– अनयोरर्थयोरपरोक्षेऽपि भूते परोक्षा स्यात्। सुप्तोऽहं किल विललाप । नाहं कलिङ्गं जगाम ।

卐 વૃત્યર્થ –: (જાતે) કરેલ (ક્રિયા વગેરેનું) વિસ્મરણ (ભૂલાઈ જવું) તથા અતિ જુઠું બોલવું, એ બન્ને અર્થમાં અપરોક્ષ હોવા છતાં પણ ભૂતકાળ માં परोक्षा ના પ્રત્યયો લાગે છે.

0 सुप्तोऽहं किल विललाप । ખરેખર ! સુતા એવા મેં વિલાપ કર્યો હોય. (અહીં ઉંઘમાં થયેલ રૂદનનું સ્મરણ કર્તાને નથી)

0 नाऽहं कलिङ्गं जगाम् – હું કલિંગ ગયો જ નથી *

★ અનુવૃત્તિ :– अनद्यतने ह्यस्तनी ५/२/७ થી अनद्यतने

卐 વિશેષ :– 0 સિદ્ધહેમ વ્યા. ની વૃત્તિમાં જણાવ્યા મુજબ अनद्यतन भूत અર્થમાં પરોક્ષાના પ્રત્યયો થાય

0 विललाप– वि+लप् ધાતુ ૫ પુ. એ.વ (૧) वि+लपूलप् (૨) व्यञ्जनस्य...लुक् ૪/૧/૪૪ થી वि+ललप्+णव् (૩) વૃદ્ધિ થતાં विललाप થયું.

0 जगाम् – गम् ધાતુ (૧) गगम्+अ (૨) गहोर्जः ૪/૧/૪૦ થી जगम्+अ (૩) વૃદ્ધિ થતાં जगाम થયું.

0 પહેલા પુરુષ એ વ. માં પરોક્ષાના ક્ષેત્રને શક્ય બનાવવા માટેનો આ વિકલ્પ છે.

[૪૮૦]

(૩૦) आशिष्याशीः पञ्चम्यौ ५/४/३८

★ સુત્રપૃથ૦ :– आशिषि आशीः– पञ्चम्यौ

★ વૃત્તિ :– परस्येष्टाशंसनमाशीस्तदर्थाद् धातोराशीः पञ्चम्यौ स्याताम् ।

■ आशीः ३/३/१३

परस्मैपदानि:– क्यात्, क्यास्तां, क्यासुस्, क्यास्, क्यास्तं, क्यास्त, । क्यासं, क्यास्व, क्यास्म ।

आत्मने पदानि :– सीष्ट सीयास्तां सीरन् सीष्ठास्, सीयास्थां, सीध्वं । सीय, सीवहि सीमहि ।

ककारो गुणनिषेधार्थः । भूयाद् भद्रं सद्भ्यः । भूयास्ताम्, भूयासुः । भूयाः, भूयास्तम्, भूयास्त । भूयासम्, भूयास्व, भूयास्म ।

卐 વૃત્યર્થ :– અન્યના ઈષ્ટની ઈચ્છા અને આશીર્વાદ અર્થમાં ધાતુને आशीः વિભક્તિના (आशीः ૩/૩/૧૩) તથા પંચમી વિભક્તિના (पञ्चमी ૩/૩/૮) પ્રત્યયો લાગે છે. જેમકે :–

भूयाद् भद्रं सद्भ्यः – સંત પુરૂષોનું કલ્યાણ થાઓ. भद्र ના યોગે ચતુર્થી થઈ છે।

卐 વિશેષ – 0 आशिः કેમ કહ્યું ?

चिरं जिवति मैत्रः–મૈત્ર લાંબુ જીવેછે. અહીં આશીર્વાદ નથી

* કોઈ પ્રશ્ન કરે કે તારા વડે કલિંગમાં બ્રાહ્મણ હણાયો –તો કર્તા કહે કે હું ગયો જ નથી. (જુઠું બોલવું)– લઘુપ્રક્રિયા ટીપ્પણ – ૨૨૮

☐ શેષવૃત્તિ :- (૧૨) આશીઃ...૩/૩/૧૩ આશીર્વાદ સૂચક પ્રત્યયો ત્રણે પુરુષ-વચન

પરસ્મૈપદી

क्यात्,	क्यास्ताम्	क्यासुस्
क्यास्	क्यास्तम्	क्यास्त
क्यासम्	क्यास्व	क्यास्म

આત્મનેપદી

सीष्ट	सीयास्ताम्	सीरन्
सीष्ठास्	सीयास्थाम्	सीध्वम्
सीय	सीवहि	सीमहि

0 भू ના રૂપોની સાધનિકા :

નોંધ :- भू ધાતુને આ પ્રત્યયો સીધા જ લાગશે. કેમ કે ગુણ થશે નહીં. પ્રત્યયમા મૂકેલો 'क्' કાર ગુણ નિષેધ માટે છે તેથી भू+क्यात् = भूयात् આજ રીતે નવે રૂપે સમજવા.

	એ. વ	દ્વિ. વ.	બ. વ.
ત્રી પુ.	भूयात्	भूयास्ताम्	भूयासुः
બી પુ	भूयाः	भूयास्तम्	भूयास्त
પ. પુ	भूयासम्	भूयास्व	भूयास्म

[૪૬૦]

[૯૮૧]

(૩૧) અનદ્યતને શ્વસ્તની ૫/૩/૫

★ વૃત્તિ :- अनद्यतनेऽविषयार्थाद् धातोः श्वस्तनी स्यात् ।

☐ શ્વસ્તની ૩/૩/૧૪

परस्मैपदानि - ता, तारौ, तारस् । तासि तास्थस्, तास्थ । तास्मि, तास्वस्, तास्मस्

आत्मनेपदानि ता, तारौ, तारस्, तासे, तासाथे, ताध्वे । ताहे, तास्वहे, तास्महे ।

卐 સૂત્રાર્થ :- 0 અનદ્યતન ભવિષ્ય અર્થમાં ધાતુને શ્વસ્તની (૩/૩/૧૪)ના પ્રત્યયો લાગે છે. (અનદ્યતન - આવતી કાલનો કાળ)

卐 વિશેષ :- 0 દ્વાત્રિંશે-ભવિષ્યની અને શ્વસ્તની અથવા આવતા ૨૪ કલાક અને તેની પછીનો દિવસ બને અર્થ હોય તો શ્વસ્તની ન થાય.

* न विद्यते अद्यतनो यत्र इति अनद्यतन

☐ શેષવૃત્તિ :- (૧૩) શ્વસ્તની...૩/૩/૧૪ શ્વસ્તની ના ત્રણે પુરુષ અને વચનના પ્રત્યયો

પરસ્મૈપદી			આત્મનેપદી		
ता	तारौ	तारस्	ता	तारौ	तारस्
तासि	तास्थस्	तास्थ	तासे	तासाथे	ताध्वे
तास्मि	तास्वस्	तास्मस्	ताहे	तास्वहे	तास्महे

[૪૬૧]

[૯૮૨]

(૩૨) स्ताद्यशितोऽत्रोणादेरिट् ૪/૪/૩૨

★ સૂત્રપૃથ0 :- स्-त्-आदि-अशितः अत्र उणादेः इट्

★ વૃત્તિ :- धातोः परस्य स्तकारादेरशितः आदिरिट् स्यात्, न तु त्र प्रत्यये उणादिषु च । भविता श्वः पूजोत्सवः । भवितारौ, भवितारः भवितासि, भवितास्थः, भवितास्थ भवितास्मि, भवितास्वः, भवितास्मः ।

卐 સૂત્રાર્થ :- ધાતુને લાગેલા स् કારાદિ त् કારાદિ અશિત પ્રત્યયોની આદિમાં इट् (इ) થાય છે પણ 'त्र' પ્રત્યય તથા ઉણાદિ પ્રત્યયોને છોડીને

0 भविता श्वः पूजोत्सवः આવતી કાલે પૂજાનો ઉત્સવ થશે અહીં भू ધાતુને त કારાદિ એવો ता પ્રત્યય લાગ્યો છે માટે भू+इट्+ता થઈને भविता બન્યું.

卐 વિશેષ :- 0 નોંધ :- त् કારાદિ ઉદાહરણ જોયું - स् કારાદિ માટે જુઓ સૂત્ર : ૩૩

0 त्र નું વર્જન કેમ કર્યું ?

दाम्+त्र=दात्र (नी दाप् शस् यु० ५/२/८८)

0 ઉણાદિ વર્જન કેમ કર્યું ?

वद्+स=वत्सः *

0 શ્વસ્તનીના રૂપોની સાધનિકા

નોંધ :- દરેક રૂપની પૂર્વે इ લાગીને પછી પ્રત્યય લાગે.

भविता ત્રી પુ એ વ. (૧) અનદ્યતને શ્વસ્તની થી भू+ता

(૨) स्ताद्यशितो . ૪/૪/૩૨ થી भू + इ + ता

(૩) नामिनो गुणो ૪/૩/૧ થી भो + इ + ता

(૪) ओदौतोऽवाव् થી भव् + इ + ता-(એ-જ-રી-તે)

	એ. વ	દ્વિ. વ.	બ. વ.
ત્રી.પુ	भविता	भवितारौ	भवितारः
બી.પુ	भवितासि	भवितास्थः	भवितास्थ
પ.પુ	भवितास्मि	भवितास्वः	भवितास्मः

[૯૮૩]

* અનદ્યતન - હેમપ્રકાશ - ઉત્તરાર્ધ - પૃ ૪૮૭

* ઉણાદિ સૂત્ર ૫૬૪ मावावद्...सः

(33) भविष्यन्ती ५/३/४

★ वृत्ति :- सामान्यतो भविष्यदर्थाद् धातोः भविष्यन्ती स्यात् ।

■ भविष्यन्ती ३/३/१५

परस्मैपदिनः स्यति, स्यतस्, स्यन्ति । स्यसि, स्यथस्, स्यथ । स्यामि, स्यावस्, स्यामस् । आत्मनेपदिनः स्यते, स्येते, स्यन्ते । स्यसे, स्येथे, स्यध्वे । स्ये, स्यावहे, स्यामहे । इड़ागमे । भविष्यति, भविष्यतः भविष्यन्ति-इत्यादि ।

卐 વૃત્યર્થ :- સામાન્ય રીતે ધાતુઓને ભવિષ્યકાળના અર્થમાં भविष्यन्ती ના પ્રત્યયો લાગે. (ભાવિ માટે ભવિષ્ય કાળ વપરાય) જેમકે :- भविष्यति-તે થશે.

卐 વિશેષ :- 0 ર૫૮

■ શેષવૃત્તિ :- (૧૪) भविष्यन्ती...3/3/१५

ભવિષ્યન્તીના ત્રણે પુરુષ અને વચનના પ્રત્યયો

પરસ્મૈપદી			આત્મનેપદી		
स्यति	स्यतस्	स्यन्ति	स्यते	स्येते	स्यन्ते
स्यसि	स्यथस्	स्यथ	स्यसे	स्येथे	स्यध्वे
स्यामि	स्यावस्	स्यामस्	स्ये	स्यावहे	स्यामहे

भू ધાતુના ભવિષ્યન્તીના રૂપો :-

(1) भविष्यति ત્રી પુ. એ.વ. (૧) भविष्यन्ती ५/३/४થી भू+स्यति (२) स्ताद्यशितो...४/४/३८ થી भू+इ+स्यति (३) नामिनो गुणो...४/३/१ થી भो+इ+स्यति (४) ओदौतोवाव् १/२/२४ થી भव्+इ+स्यति (५) नाम्यन्तस्था...२/३/१५-भविष्यति આજ રીતે દરેક રૂપો સાધી શકાય.

ત્રી પુ.	भविष्यति	भविष्यतः	भविष्यन्ति
બી.પુ.	भविष्यसि	भविष्यथः	भविष्यथ
પ પુ	भविष्यामि	भविष्यावः	भविष्यामः

0 સામાન્યથી એટલું જ યાદ રાખવું કે વર્તમાનાના પ્રત્યય પૂર્વે स्य લાગતા ભવિષ્યન્તીના પ્રત્યયો થાય.

[૬૮૪]

(३४) पुरायावतोर्वर्तमाना ५/३/७

★ સુત્રપૃથ૦ :- पुरा-यावतोः वर्तमाना

★ वृति :- अनयोरुपपदयोर्भविष्यदर्थाद् धातोर्वर्तमाना स्यात् । पुरा भवति । यावद् भवति । भविष्यतीत्यर्थः

■ कदाकर्ह्योर्नवा । कदा भवति । कदा भविष्यति । कर्हि भवति । कर्हि भविष्यति ।

卐 वृत्यर्थ :- ધાતુની સાથે 'पुरा' અને 'यावत्' શબ્દનો સંબંધ હોય તો ભવિષ્યકાળ અર્થમાં પણ વર્તમાનાના પ્રત્યયો લાગે છે. - पुरा भवति-પહેલા છે (થશે) यावद् भवति-જ્યાં સુધી છે (થશે)

★ અનુવૃતિ :- भविष्यन्ती ५/३/४

卐 વિશેષ :- 0 * पुरा શબ્દ અદ્યતન કાળમાં અને यावत् શબ્દ ક્રમાર્થમાં વર્તે છે.

■ શેષવૃત્તિ :- (१५) कदा-कर्ह्योः नवा ५/३/८ कदा અને कर्हि શબ્દોનાં સંબંધમાં ભવિષ્યકાળના અર્થમાં ધાતુને વર્તમાનાના પ્રત્યયો વિકલ્પે થાય. कदा भवति-ક્યારે થનાર છે વિકલ્પે कदा भविष्यति ક્યારે થશે. એજ રીતે कर्हि भवति કે भविष्यति ક્યારે થનાર છે કે થશે. [૪૭૩]

[૬૮૫]

(३५) माङ्यद्यतनी ५/४/३९

★ સુત્રપૃથ૦ :- माङि अद्यतनी

★ वृत्ति :- माङ्युपपदे धातोरद्यतनी स्यात् । सर्वविभक्त्यपवादः माङ् योगेऽडागमाभावः । मा भूत् ।

卐 वृत्यर्थ -: माङ् (मा અવ્યય चादयोऽसत्वे १/१/३१) નો યોગ હોય તો ધાતુને અદ્યતનીના પ્રત્યયો લાગે. આ સુત્ર સર્વ વિભક્તિનો અપવાદ છે. मा અવયવના યોગે अट् આગમ થતો નથી.

मा भूत् = ન હોય. - અદ્યતની ત્રી.પુ. એ.વ. નો दि પ્રત્યયય લાગ્યો છે.

卐 વિશેષ :- 0 (१) भू + दि (२) सिजद्यतन्याम् ३/४/५३ થી भू + सिच् + दि (3) पिबैतिदा...चेट् ४/३/६६ થી सिच् લોપ થતા भू + दि = भूत् થયું

[૬૮૬]

(३६) सस्मे ह्यस्तनी च ५/४/४०

★ वृत्ति :- सस्मे माङ्युपपदे ह्यस्तनी अद्यतनी च स्यात् । मा स्म भवत् । मा स्म भूत् ।

卐 वृत्यर्थ :- स्म સહિત माङ् (मा) ના યોગમાં હ્યસ્તની, અદ્યતનીના પ્રત્યયો લાગે.

मा स्म भवत् । मा स्म भूत् = ન હોય

★ અનુવૃતિ :- माङि अद्यतनी ५/४/३९

卐 વિશેષ :- 0 भू + दिव् (હ્યસ્તની)

* पुरा...मध्यमवृत्ति अवचूरि - २, पृ. २१०

(૪૬) श्रौतिकृवुधिवुपाघ्राध्मास्थाम्नादाम्दृश्यर्तिशदसदः शृकृधिपिबजिघ्रधमतिष्ठमनयच्छपश्यर्च्छशीयसीदम् ४/२/१०८

★ वृत्ति :- श्रौत्यादीनां यथोद्दिष्टानां शिति शृ प्रभृतयः यथासंख्यादेशाः स्युः ।
पिबति, पिबतः, पिबन्ति १ । पिबेत्, पिबेताम्, पिबेयुः । पिबेः, पिबेतम्, पिबेत । पिबेयम्, पिबेव, पिबेम २ । पिबतु । पिबतात्, पिबताम्, पिबन्तु । पिब । पिबतात्, पिबतम्, पिबत ३ । अपिबत्, अपिबताम्, अपिबन् ४ । पिबतिर्दिति सिच्लोपे अपात्, अपाताम् ।

卐 વૃત્યર્થ :- શિત્ પ્રત્યયો લાગ્યા હોય ત્યારે શ્રુ (શ્રૌતિ) નો શૃ, કૃવ્ નો કૃ, ધિવ્ નો ધિ, પા નો પિબ્, ઘ્રા નો જિઘ્ર, ધ્મા નો ધમ્, સ્થા નો તિષ્ઠ, મ્ના નો મન, દા નો યચ્છ્, દૃશ્ નો પશ્ય, ઋ નો ઋચ્છ્, શદ્ નો શીય્ અને સદ્ નો સીદ્ આદેશ થાય છે.

0 ધાતુ : પાં-પાને=પીવું (ગણ : ૧-ભ્વાદિ પરસ્મૈ ક્રમ –2) ના રૂપો આ સૂત્ર અંતર્ગત બતાવાયા છે.

0 1 : વર્તમાના :- પિબતિ – તે પીએ છે.
2 : સપ્તમી :- પિબેત્ – તેણે પીવું જોઇએ
3 : પંચમી :- પિબતુ – તે પીએ
4 : હ્યસ્તની :- અપિબત્ – તેણે પીધું
આ રીતે ભૂ ની જેમ બધા રૂપો થશે

★ અનુવૃત્તિ :- ઋત: ષ્ઠિવુ ૪/૨/૮૯ થી શિતિ

卐 વિશેષ :- 0 * યઙ્ પ્રત્યયનો લોપ થયો હોય ત્યાં આ આદેશ થતા નથી, માટે શ્રુ અને ઋ ને શિત્ પ્રત્યય તથા કૃ ધિ,દા,દૃશ્ એ અનુબંધયુક્ત લીધા છે.

0 ધાતુઓ :-

ધાતુ	અર્થ	ગણ	ક્રમ
શ્રુ ટ્-શ્રવણે	સાંભળવું	૫-સ્વાદિ	1296
કૃવુટ્-હિંસાકરણે	હિંસા કરવી	૫-સ્વાદિ	1310
ધિવુટ્-ગતૌ	ગતિ કરવી	૫-સ્વાદિ	1311
પા-પાને	પીવું	૧-ભ્વાદિ	2
ઘ્રા ગન્ધોપાદાને	સૂંઘવું	૧-ભ્વાદિ	3
ધ્મા-શબ્દાગ્નિ સંયોગયોઃ	ધમવું	૧-ભ્વાદિ	4

ધાતુ	અર્થ	ગણ	ક્ર
ष्ठा-गति निवृत्तौ	ઉભવું	૧-ભ્વાદિ	5
म्ना-अभ्यासे	અભ્યાસ કરવો	૧-ભ્વાદિ	6
दाम् दाने	આપવું	૧-ભ્વાદિ	7
दृश्-प्रेक्षणे	જોવું	૧-ભ્વાદિ	4[illegible]
ऋ-प्रापणे	મેળવવું	૧-ભ્વાદિ	2[illegible]
शद्लृ-शातने	છોલવું	૧-ભ્વાદિ	9[illegible]
षद्लृँ-विशरण गत्यव	સડવું-ફરવું	૧-ભ્વાદિ	9[illegible]

पां-पाने સાધનિકા

(1) વર્તમાના :- पा+तिव् – (ભૂ ની જેમ)
(૧) શ્રૌતિકૃવુ... सीदम् ४/२/१०८ થી पिब्+ति (२) पिब्+शव् (अ)+ति (३) अतः થી अ લોપ पिब्+अ+ति (४) पिबति – ત્રી. પુ એ વ

(2) સપ્તમી :- पिबेत् – ત્રી. પુ એ. વ. पा+यात् (१) श्रौतिकृवु ४/२/१०८થી पिब्+यात् (३) पिब्+शव् (अ)+यात् (४) यः सप्तम्याः ४/२/१२२થી पिब+इत्

(3) પંચમી :- पिबतु – ત્રી પુ. એ. પુ

(4) હ્યસ્તની – अपिबत्* – ત્રી પુ. એ વ પા+दिव् (त्)=(१) पिब्+शव्+त् (२) अड्धातोः થી अ–अपिबत्

(5) અદ્યતની :- अपात् ત્રી.પુ એ.વ. पा+दि (१) सिजद्यतन्याम् ३/४/५३થી पा+सिच्+त् (२) पिबैतिदा... ४/३/६६ पा+त् (सिच् લોપ (३) अड्धातोः ४/४/२९ अ+पा+त् (शित् હોવા નથી માટે पिब् આદેશ ન થાય.

0 अपाताम् :- ત્રી પુ દ્વિ.વ. पा + ताम्

[૫૯૨]

(૪૭) सिजविदोऽभुवः ४/२/९२

★ સૂત્રપૃથ૦ :- सिच् – विदः अभुवः

★ વૃત્તિ :- अभुवः सिच्प्रत्ययान्ताद् विदश्च धातोः परस्यानः पुस् स्यात्

卐 વૃત્યર્થ :- ભૂ પ્રત્યય સિવાય સિચ્ પ્રત્યય વાળા તથા વિદ્ ધાતુથી પર અન્ ને. પુસ્ (ઉસ્) આદેશ થાય છે

★ અનુવૃત્તિ :- वा द्विषातः अनः पुस् ४/२/९१ થી अनः पुस्

* त्रिा घातुस्त्वेन...यङ्लुपि न्याय સંગ્રહ, ન્યાય : ૧૮, પૃ ૧૮

* હ્યસ્તની અદ્યતનીમાં પહેલાં द् આવે રૂપ તૈયાર થયા બાદ त् મુદ્રણમાં અહીં ભુલ્વાળાને આથીને પહેલેથી त् કર્યો.

卐 विशेष :– 0 अभुवः કેમ કહ્યું ?
ત્રી પુ. બ.વ. भू ધાતુમાં अभूवन् રૂપ થાય.
0 विद् – હ્યસ્તની ત્રી.પુ. બ.વ – अविदुः અહીં विद् + अन् નો विद् + पुस् થયોછે.

[૬૯૩]

(૪૩) इडेत्पुसि चातो लुक् ४/३/९४

★ સુત્રપૃથ૦ :– इट्–एत्–पुसि च आतः लुक्
★ વૃત્તિ :– क्ङिडत्यशिति स्वरे इटि एति पुसि च परे आदन्तस्य धातोरन्तस्य लुक् स्यात् । अपुः
अपाः, अपातम् , अपात । अपाम् , अपाव, अपाम ।

卐 વૃત્યર્થ :– અશિત् (एताः शितः ३/३/१० સિવાયના) એવા સ્વરાદિ कित् , ङित् પ્રત્યયો તેમજ इट्, एत् અને पुस् પ્રત્યયો લાગ્યા હોય ત્યારે આ કારાન્ત ધાતુના आ નો લોપ થાયછે. દા.ત. अपुः – ત્રી.પુ. બ.વ. – અદ્યતની पा + अन् = पा + पुस् = अ + पा + उस् આ સૂત્રથી आ લોપ થતાં अ + प् + उस् = अपुः = તેઓએ પીધું

★ અનુવૃત્તિ :– दीर्यू दीङः क्ङिति स्वरे ४/३/९३ थी क्ङिति स्वरे

卐 વિશેષ :– 0 સ્વરાદિ અશિત् कित् पपुः (પરોક્ષા ત્રી પુ. બ.વ.) पा + उस्
0 इट् :- पपिथ (પરોક્ષા બી પુ. એ.વ.) पपा + इ + थव् = पप् + इथ = पपिथ
0 अशित् કેમ કહ્યું ?
या + अन्ति = यान्ति – તેઓ જાયછે. અહીં વર્તમાના (शित्) નો પ્રત્યય છે.
0 સ્વર જ કેમ કહ્યું :
ग्लयते – ग्ला + य + ते – સ્વર નથી.
0 * अपुः અદ્યતની ત્રી પુ. બ.વ. સાધનિકા
(૧) पा + अन् (૨) सिजद्यतन्याम् ३/४/५३ – पा+सिच् + अन् (३) सिज्विदो...४/२/९२ पा + सिच् + पुस् (४ पिबैति...चेट् ४/३/६६ पा + पुस् (५) अड्धातो ४/४/२९ अ + पा + उस् (६) इडेत्पुसि ...४/३/९४ अ + प् + उस् (७) अपुः

▣ શેષવૃત્તિ :– અદ્યતની માં पा ધાતુના અન્ય રૂપો ની સાધનિકા :–

अपाः – બી.પુ. એ.વ. – पा + सि (१) पा + सिच् + सि (२) पा + सि (३) अ + पा + स्
આજ રીતે બાકીના રૂપો સાધવા.

[૬૯૪]

(૪૪) ह्रस्वः ४/१/३९

★ વૃત્તિ :– द्वित्वे सति पूर्वस्य ह्रस्वः स्यात्

卐 વૃત્યર્થ :– દ્વિત્વ થયા પછી પૂર્વમાં આવેલા દીર્ઘસ્વરનો હ્રસ્વ સ્વર થાય છે. (ઉદા. જુઓ સૂત્ર : ४६ માં)

★ અનુવૃત્તિ :– द्विर्धातु परोक्षा...४/१/१ थी द्विर्भाव, पूर्वस्यास्वे स्वरे य्वोः इयुव् ४/१/३७ थी पूर्वस्य

卐 વિશેષ :– 0 સ્પષ્ટ

[૬૯૫]

(૪૫) आतो णव औः ४/२/१२०

★ સૂત્રપૃથ૦ :– आतः णवः औः
★ વૃત્તિ :– आतः परस्य णव औः स्यात्

卐 વૃત્યર્થ :– ધાતુના आ થી પર णव् પ્રત્યયનો (પરોક્ષાના) औ થાય છે.
0 पा ધાતુ+णव् પ્રત્યય=पापा–દ્વિત્વ થયા બાદ આ સૂત્રથી औ–पापा+औ ह्रस्वः ४/१/३९ થી पपौ થશે (જુઓ સૂત્ર : ४६)

卐 વિશેષ :– 0 आ કેમ કહ્યું ?
0 बभूव – परोक्षा ત્રી.પુ. એ.વ. અહીં भू માં ऊ છે માટે णव् નો औ ન થાય.

[૬૯૬]

(૪૬) इन्ध्यसंयोगात् परोक्षा किद्वत् ४/३/२१

★ સુત્રપૃથ૦ :– इन्धि–असंयोगात् परोक्षा कित् वत्
★ વૃત્તિ :– इन्धेरसंयोगान्ताच्च परा अवित्परोक्षा किद्वत् स्यादिति कित्वादिडेत्पुसीत्यलुक् । पपौ, पपतुः पपुः ।

卐 વૃત્યર્થ :– इन्ध् અને (અન્તે સંયોગ વગરના) असंयोगात् ધાતુથી પર રહેલા अवित् પરોક્ષાના પ્રત્યયો कित् જેવા થાય છે. कित् થવાથી इडेत्पुसिचातोलुक् ४/३/९४ સૂત્ર લાગી અન્ત્ય आ નો લોપ થાય છે.

★ અનુવૃત્તિ :– शित् अवित् ४/३/२० थी अवित्

卐 વિશેષ :– 0 अवित् કેમ કહ્યું ?
वित् પ્રત્યય હોયતો कित् वत् થતા નથી દા.ત निनयिथ – नी + थव् = निनी + थव् = निने + इ + थव्

* સાધનિકા :– ક્રિયારત્ન સમુચ્ચય

= નિનયિથ (ક્િત્ ન થતાં ગુણ થઈ ગયો)

0 પા – ધાતુ – પરોક્ષાના રૂપો :-

0 1 પપૌ – ત્રી પુ એ વ. पा + णव्

(૧) દ્વિર્ધાતુ પરોક્ષા ..૪/૧/૧ થી पापा + णव्

(૨) હ્રસ્વઃ ૪/૧/૩૯ થી पपा + णव्

(૩) आतो णव औः ૪/૨/૧૨૦ – पपा + औ

(૪) ऐदौत् सन्ध्य. ૧/૨/૧૨ – पपौ

0 2 :- पपतुः – ત્રી પુ. દ્વિ. વ – पा + अतुस्

(૧) पपा + अतुस् – ઉપર મુજબ. (૨) इन्ध्य संयोगात् ૪/૩/૨૧ થી કિત્–વત્, इडेत्पुसि ૪/૩/૯૪ पप्+अतुस्

(૩) सोरु, रःपदान्ते થી पपतुः

0 पपु :- पा + उस् ઉપર મુજબ.

[૪૮૭]

(૪૭) सृजिदृशिस्कृस्वरात्वतस्तृनित्यानिटस्थवः ૪/૪/૭૮

★ સૂત્રપૃથ૦ :- सृजि – दृशि – स्कृ – स्वर अत्वतः तृन् – नित्य – अनिटः थवः

★ વૃત્તિ :- सृजिदृशिभ्यां स्कृगः स्वरान्तादकारवतश्च तृनि नित्यानिटो विहितस्य थव आदिरिड् वा स्यात् । पपाथ, पपिथ, पपथुः, पप । पपौ पपिव पपिम ।

卐 સૂત્રાર્થ :- सृज्, दृश्, स्कृ ધાતુઓને તથા તૃન્ પ્રત્યય લાગતા નિત્ય इट् નથી લાગતો (અનિટ્) એવા સ્વરાંત તથા જેમાં अ છે તેવા અનિટ્ ધાતુઓથી थ પૂર્વે વિકલ્પે इट् થાય છે. જેમકે :- पपाथ પક્ષ પપિથ–તેં પીધું હતું. पा + थव् – બી. પુ એ વ (જુઓ વિશેષમા – સાધનિકા)

★ અનુવૃત્તિ :- स्ताद्यशितोऽत्रोणादेरिट् ૪/૪/૩૨ થી इट्, ऋतः स्वरानाम्नो...च ૪/૪/૩૨ થી नवा

卐 વિશેષ :- 0 थव् કેમ કહ્યું ?

0 पपुः – અહીં पा + अतुस् છે.

0 *સ્વરાન્ત કહેવાથી स्कृ ધાતુનું ગ્રહણ થઈ જાય છતાં જે અલગ ગ્રહણ કર્યું છે તે ऋतः ૪/૪/૮૦ સૂત્રના પ્રતિષેધને બાધન (અટકાવવા) માટે છે.

0 ઉદાહરણ :-

सृज् :- ससृज्+थव्=ससर्ज्+इ+थ=ससर्जिथ=તેં સર્જ્યું.

* સ્વરાન્ત...મધ્યમવૃત્તિ અવચૂરિ ભા. ૨ – પૃ. ૧૪૭

या – ययौ+थव्=ययाथ વિકલ્પે इ લાગે તો ययिथ = તું ગયો

0 पा પરોક્ષાની સાધનિકા :-

4 : पपाथ પક્ષે पपिथ બી પુ એ.વ.

(૧) पा + थव् (૨) દ્વિર્ધાતુ પરોક્ષા ૪/૧/૧ पापा+थव् (૩) હ્રસ્વઃ ૪/૧/૩૯ पपा + थ (૪) सृजिदृशि ...थ ૪/૪/૭૮ થી વિકલ્પે इट् લાગે – જે ન લાગે તો पपाथ રૂપ થાય. – લાગે તો इडेत्पुसि ૪/૪/૭૮ થી आ લોપ. पप् + इ + थ થતાં पपिथ બનશે.

6 :- पप બી પુ બ વ. – पा + अ, पापा + अ, पपा + अ, पप् + अ

8 :- पपिव :- पा + व – પ.પુ. એ વ. पापा+व, पपा + व, पपा + इट् + व, पप् + इव = पपिव – વગેરે (૫) પરોક્ષાના રૂપો છે.

[૪૮૮]

(૪૦) गापास्थासादामाहाकः ૪/૩/૯૬

★ વૃત્તિ :- एषां क्ङित्याशिष्येः स्यात् । पेयात्, पेयास्ताम्, पेयासुः । पेयाः, पेयास्तम्, पेयास्त । पेयासम्, पेयास्व, पेयास्म ।

卐 સૂત્રાર્થ :- गा, पा, स्था, सा, दा, मा, हा ધાતુને आशीः વિભક્તિના कित्, ङित् પ્રત્યયો લાગ્યા હોય ત્યારે आ નો ए થાય છે (क्यात् વગેરે પ્રત્યયોમાં क्–અપ્રયોગી છે માટે कित् થવાથી आ નો ए થશે.)

0 (1) पा+क्यात्=पे+यात्=पेयात् ત્રી પુ. એ વ. એજ રીતે (2) पेयास्ताम्–ત્રી પુ દ્વિ.વ. વગેરેમાં આજ રીતે आ નો ए થાય.

★ અનુવૃત્તિ :- संयोगादेः वा आशिषि एः ૪/૩/૯૫ થી आशिषि एः

卐 વિશેષ :- 0 पा ધાતુ પહેલા ગણનો લેવાનો છે. કેમકે गा અને स्था નુ સાહચર્ય છે.

0 हाक् ધાતુમાં क् – इत् છે. તેથી यङ् लुबन्त માં आ નો ए ન થાય. વળી क् – इत् હોવાથી हा ધાતુ પરસ્મૈપદી જ થશે યઙ્લુબન્તમાં "जहायात्" રૂપ થશે.

0 कित् ङित् કેમ કહ્યું ?

पा+सीष्ट આત્મનેપદી–ત્રી પુ. એ વ. નું पासीष्ट રૂપ થશે.

0 અન્ય ઉદાહરણ :-

गा – गेयात् — स्था – स्थेयात्

0 ધાતુ પરિચય :–
(૧) गैं – गीत ગાવું   ૧–ભ્વાદિ – 37
(૨) पां – पाने – પીવું   ૧–ભ્વાદિ – 2
(૨) पैं – शोषणे – શોષણ કરવું   ૧–ભ્વાદિ – 47
(૩) स्था–गतिनिवृतौ ઉભા રહેવું   ૧–ભ્વાદિ – 5
(૪) गैं – क्षये – क्षय પામવું   ૧–ભ્વાદિ – 44
(૪) षोंच्–अन्त–कर्मणी વિનાશ કરવો ૪–दिवादि–1150
(૫) दां – दाने – આપવું   ૧–ભ્વાદિ – 7
(૬) मांक् – माने – માપ કરવું   ૨–અદાદિ–1073
(૭) ओहांक्–त्यागे – ત્યજવું   ૩–અદાદિ–હ્વાદિ– 1131

0 पेयात् વગેરે (૬) आशिः વિભક્તિના રૂપોની સાધનિકામાં આ એકજ સૂત્ર મહત્ત્વું છે. આ નો ए થાય છે.

[૬૯૯]

(૪૯) एकस्वरादनुस्वारेतः ४/४/५६

★ **સૂત્રપૃથ૦** :– एकस्वरात् अनुस्वारेतः

★ **વૃતિ** :– एकस्वरादनुस्वारेतो धातोस्ताद्यशित इड् न स्यात् । पाता, पातारौ, पातारः । पास्यति, पास्यतः, पास्यन्ति अपास्यत्, अपास्यताम्, अपास्यन् इत्यादिवत्

■ घ्रां गन्धोपादने । जिघ्रति १ । जिघ्रेत् २ । जिघ्रतु । जिघ्रतात् ३ । अजिघ्रत् ४ ।

卐 **વૃત્યર્થ** :– જે ધાતુ એક સ્વરવાળો હોય અને (ધાતુપાઠમાં) અનુસ્વાર इत् વાળો હોય તેવા ધાતુઓને અશિત્ એવા स् કારાદિ त् કારાદિ પ્રત્યયોની પૂર્વે इट् આગમ થતો નથી. જેમકે :– (૮–શ્વસ્તની) पा+ता = पाता – તે પીશે. त् કારાદિ પ્રત્યય છે. स्ताद्यशितो ...૪/૪/૩૨ થી इट् ની પ્રાપ્તિનો આ સૂત્ર નિષેધ કરેછે.
(૯–ભવિષ્યન્તિ) पा + स्यति = पास्यति તે પીશે. – स् કારાદિ પ્રત્યય છે. માટે इट् ન થાય.
(૧૦–ક્રિયાતિપત્તિ) पा + स्यत् = अपास्यत् – જો ...તો તેણે પીધું હોત.
(આ રીતે સૂત્ર ૪૧, ૪૩, ૪૬ થી ૪૯ મળીને पा– ધાતુના દશે કાળના રૂપો પૂરા થયા)

★ **અનુવૃતિ** :– स्ताद्यशितोऽत्रोणादेरिट् ४/४/३२ થી इट्, न वृद्भ्यः ४/४/५५ થી न.

卐 **વિશેષ** :– 0 एकस्वरात् કેમ કહ્યું ? अवधीत् – તેણે વધ કર્યો.

0 [1]*अनुस्वारेत् કેમ કહ્યું ? श्वि – श्वयिता

■ **શેષસૂત્ર** :– [2]*घ्रां गन्धोपादने સુંઘવું ગણ–૧–ભ્વાદિ પરસ્મૈ. ક્રમાંક–3 श्रौति... ૪/૨/૧૦૮ થી घ्रा નો जिघ्र આદેશ शित् કાળોમાં થાય.
(૧ – વર્તમાના) जिघ्रति તે સુંઘે છે.
घ्रा + शव् (अ) + तिव् (भू ની જેમજ)
(૨ સપ્તમી) जिघ्रेत – घ्रा + यात्, जिघ्र+शव् (अ)+यात्, जिघ्र++अ+इ्त् (यः सप्तम्याः ४/२/१२२थी यानो इ)
(૩ – પંચમી) जिघ्रतु પક્ષે जिघ्रतात्
घ्रा+तुव्=जिघ्र+शव्+तुव् વિકલ્પે (आशिषि तु-ह्योस्तातङ् ४/२/११९ થી) जिघ्र+शव्+तात्
(૪ – હ્યસ્તની) अजिघ्रत् – તેણે સુંઘ્યું.

[૭૦૦]

(૫૦) ट्घे घ्राशाच्छासो वा ४/३/६७

★ **સુત્રપૃથ૦** :– ट्घे – घ्रा – शा – च्छा – सः वा

★ **વૃતિ** :– एभ्यः पञ्चभ्यः परस्य सिचः परस्मैपदे लुब् वा स्यात् । अघ्रात् । पक्षे सः ।

卐 **વૃત્યર્થ** :– ट्घे, (धा), घ्रा, शा, छा અને सा ધાતુને પરસ્મૈપદમાં લાગેલ सिच् પ્રત્યયનો વિકલ્પે લોપ થાયછે. अघ्रात् — घ्रा + दि (त्) (सिच् अद्यतन्याम् થી) અદ્યતનીમાં सिच् (स्) લાગે. घ्रा+स्+त्–આ સૂત્રથી વિકલ્પે લોપ થાયતો अघ्रात् રૂપ થાય. લોપ ન થાયતો अघ्रासिन् રૂપ થાય. (જુઓ સૂત્ર : ૫૩)

★ **અનુવૃતિ** :– सिचो लुप् परस्मै न चेट् ४/३/६६ થી सिच्

卐 **વિશેષ** :– 0 આ સૂત્રથી વિકલ્પે सिच् ન લાગે તો इट् પણ ન લાગે.

0 ધાતુ પરિચય :–
(૧) ट्घें–पाने – પીવું – ધાવવું (૧) - ભ્વાદિ 28
(૨) घ्रां–गन्धोपादने–સુંઘવું(૧)–ભ્વાદિ–પરસ્મૈ 3
(૩) शोंच्–तक्षणे–છોલવું (૪) દિવાદિ–પરસ્મૈ 7
(૪) छोंच्–छेदने – છેદવું (૪) દિવાદિ–પરસ્મૈ 1149
(૫) षोंच्– अन्त कर्मणि – વિનાશ કરવો (૪) દિવાદિ–પરસ્મૈ 1150

[૭૦૧]

1* अनुस्वार–સેટ–અનિટ કારિકાનું પરિશિષ્ટ ખાસ જોવું.
2* ધાતુ પારાયણમ્ – પૃ. ૭ ધાતુ – ૩

(૫૧) મ: મિજન્તેર્ડિમ્યો: ૪/૩/૬૫

★ સૂત્રપૃથ૦ :– મ મિચ્–અ–ન્તે: ટિ–મ્યો:

★ વૃત્તિ – મિજન્તાત્ ધાતોરમ્તશ્ચ પરયોર્દિયાગસ્ગિત્ સ્યાત્ ।

卐 વૃત્યર્થ :– મ્ અન્તે હોય તેવા મિચ્ અન્તવાળા ધાતુથી તેમજ દામ્ ધાતુથી – દિ અને મિ પ્રત્યય લાગે ત્યારે તે પ્રત્યયોની પૂર્વે ઇત્ આગમ થાય છે (ઉદા સૂત્ર ૫૩ માં)

★ અનુવૃત્તિ :– ઇટ: સ્યાત્ ઇત્ ૪/૩/૬૨ થી ઇત્

卐 વિશેષ :– 0 નોંધ :– ઇટ પ્રત્યય કરતા અલગ પ્રત્યય દર્શાવવા ત્ કારવાળો ઇત્ પ્રત્યય કર્યો છે

0 મિચ્ અન્તે કેમ કહ્યું ?

અસૂત્ – મૂ પછી મ્ નથી.

0 અપ્ ધાતુ ગણ: ૨–અદાદિ નો લેવો.

આત્ – અસ્ + દિત્ (ત્) અદ્યતની ત્રી. પુ એ. વ.

આસ્ + ઈ + ત્ = આસીત્ = તે હતો

[૭૦૨]

(૫૨) યમિરમિનમ્યાત: મોઽન્તશ્ચ ૪/૪/૮૬

★ સૂત્રપૃથ૦ :– યમિ નમિ રમિ આત: મ: અન્ત: ચ

★ વૃત્તિ :– યમાદિભ્યસ્ત્રિભ્ય આદન્તેભ્યશ્ચ પરસ્મૈપદે મિચ આદિરિટ્ સ્યાદેષા ચ મ્ અન્ત. ।

卐 વૃત્યર્થ :– યમ્, રમ્, નમ ધાતુ તથા આ કારાન્ત ધાતુઓને લાગેલા પરસ્મૈપદના મિચ પ્રત્યયની આદિમાં ઇટ થાયછે અને મ્ તથા આ પછી ત્ ઉમેરાયછે. ઉદા. સૂત્ર : ૫૩ માં)

★ અનુવૃત્તિ :– ક્ર વૃત્તે અદ ઇટ ૪/૪/૮૦ થી ઇટ્

卐 વિશેષ :– 0 ઉદા. :– અનંસીત્–તે નમ્યો નમ્+ત્ અદ્યતની ત્રી પુ. એ વ. નમ્+મિચ્ (મ્)+ત્, નમ્+મ્+ઇટ+મિચ્+ત્ (આ. સૂત્રથી મિચ્ પૂર્વે ઇટ અને મ આગમ) અ+ન+મ્+ઇ+મિચ્+ઈ+ત્ અનંસીત (મિચ્ નો ઇટ ઈતિ થી લોપ)

[૭૦૩]

(૫૩) ઇટ ઈતિ ૪/૩/૭૧

★ વૃત્તિ :– ઇટ: પરસ્ય મિચ ઈતિ પરે લુક્ સ્યાત્ । અગ્રાત્

☐ અગ્રાસ્મ અગ્રાસ્થામ્, અગ્રુ: અગ્રાસ્મિ: । અગ્રા: । અગ્રાસ્ત.. અગ્રાસ્મ । અગ્રાસિષ્ટમ, અગ્રાત, અગ્રાસિષ્મ, અગ્રામ । અગ્રસિષ્મ । પક્ષાન્તરે ગ્રામા

卐 વૃત્યર્થ – ઇટ પછી મિચ્ આવેલો હોય અને પછી ઈત્ પ્રત્યય હોય તો મિચ્ નો લોપ થાય છે જેમકે અગ્રાસીત–તેણે સુંઘ્યું–અહીં અદ્યતનીના ત્રી પુ એ વ નું રૂપ છે તેમા મિચ્ પૂર્વે ઇટ્ અને પછી ઈત્ પ્રત્યય હોવાથી મિચ્ નો લોપ થયો છે. (સાધનિકા–વિશેષમા)

★ અનુવૃત્તિ :– પુર્ ઇસ્માલ્લુક્ ૪/૩/૭૦ થી લુક્

卐 વિશેષ :– 0 મિચ્ નો લોપ થવા છતાં લુક્ મળ્યુ તે સ્થાનીવત્ કરવા માટે નહીં તો મિચ્ લોપ થતા તે નિમિત્તનો ઈત્ પણ લોપાય

0 આ સૂત્ર માત્ર સેટ ધાતુઓને જ લાગશે

0 ઇટ્ કેમ કહ્યું ?

અકાર્ષીત્ – કૃ ધાતુ અનિટ્ છે તેથી ઇટ્ ન લાગતા મિચ્ પણ ન લોપાય

☐ શેષવૃત્તિ :– * ગ્રા – અદ્યતની – સાધનિકા

(1) અગ્રાત્ વિકલ્પે અગ્રાસીત – ત્રી. પુ એ. વ.

(૧) ગ્રા + દિવ (ત્)

(૨) ગ્રા + મિચ્ + ત – મિજદ્યતન્યામ્ ૩/૪/૫૩

(૩) અ + ગ્રા + મિચ + ત – અડધાતાગ –૪/૪/૨૯

(૪) અગ્ર નુ–ઘ્રે–ગ્રા–ગા ૪/૩/૬૭ થી મિચ્ નો લોપ

(૪) અગ્રા + મિ + ઈત્ – મ: મિજન્તે ૪/૩/૬૫

(૫) અગ્રા + મ + ઇટ્ + મિચ્ + ઈત્ + ત
યમિરમિ...શ્ચ–૪/૪/૮૬ થી સ્–ઇટ્

(૬) અગ્રા + મ્ + ઇ + ઈ + ત્ – ઇટ ઈતિ ૪/૩/૭૧

(૭) અગ્રાસીત

(2) અગ્રાતામ પક્ષે – અગ્રાસિષ્ટામ્ ત્રી. પુ. દ્વિ. વ.
ગ્રા + તામ – (અગ્રાત્ ની જેમ) – વિકલ્પે

(૧) ગ્રા + તામ

(૨) અ + ગ્રા + મિચ્ + તામ (ઉપર મુજબ)

(૩) અ+ગ્ર+મ્+ઇટ્+મિચ્+તામ્–યમિનમિ...૪/૪/૮૬ થી મ્ – ઇટ્

(૪) અગ્રાસિ + તામ – નામ્યન્તસ્થા થી ષ્

(૫) અગ્રાસિષ્ટામ – તવર્ગસ્ય થી ટ્

(3) અગ્રુ: વિકલ્પે અગ્રાસિષુ: ત્રી. પુ બ. વ.

* ગ્રા – અદ્યતની – ક્રિયારત્ન સમુચ્ચય.

(૧) घ्रा + अन्
(૨) अ + घ्रा + सिच् + अन् (ઉપર મુજબ)
(૩) अघ्रा+सिच्+पुस् (सिज्विदो ૪/૩/૯૨થી)अन्નોपुस्
(૪) अघ्र+उस्-ट्धे घ्राशा...૪/૩/૬૭ વિકલ્પે સિચ્ લોપ
(૫) अघ्रुः-इडेत्पुसि...૪/૩/૯૪ આ લોપ વિકલ્પે
(૪) अघ्रा+स्+इट्+सिच्+उस्-यमिरमि...૪/૪/૮૬
स् - इट्
(૫) अघ्रासिपुः - स् ના र् ના વિસર્ગ
આ રીતે બધા રૂપો સમજવા
परोक्षा - घ्रा નું દ્વિત્વ घ्राघ्रा

[૭૦૪]

(૫૪) (द्वित्वे) व्यञ्जनस्यानादेर्लुक् ૪/૧/૪૪

★ સુત્રપૃથ૦ :- द्वित्वे व्यञ्जनस्य अनूआदेः लुक्
★ વૃતિ :- द्वित्वे पूर्वस्यानादेर्व्यंञ्जनस्य लुक् स्यात् । द्वितीय-तुर्ययोः पूर्वौ इति घस्य गत्वे ।

卐 વૃત્યર્થ :- (પરોક્ષા વગેરેમાં) ધાતુનો દ્વિર્ભાવ થયા બાદ પૂર્વમાં આવેલા અનાદિ વ્યંજનનો લોપ થાયછે. (द्वितीय-तुर्ययोपूर्वौ ૪/૧/૪૨ થી घ નો ग થશે) ધાતુ :- घ्रा, द्वित्व घ्राघ्रा - હ્રસ્વ - घ्रघ्रा, આ સૂત્રથી લાગી અનાદિ વ્યંજન (घ् + र्) र् નો લોપ થતાં - घ्रघ्रा, गघ्रा થયું.

★ અનુવૃતિ :- (૧) द्विर्धातु પરોક્ષા...૪/૧/૧ થી द्विः
(૨) पूर्वस्यास्वे ૪/૧/૩૭ થી पूर्वस्य

卐 વિશેષ :- 0 નોંધ :- સિદ્ધહેમ વ્યા. માં द्वित्वे શબ્દ સૂત્રમાં નથી. પ્રક્રિયાકારે અનુવૃત્તિ માટે મુકેલછે
0 અનાદિ વ્યંજનનો લોપ કેમ કહ્યું ?
पच् - पच्पच् - पपच् અહીં च् લોપાયો प નહીં કેમકે તે આદિ છે.
0 વ્યંજનનો જ લોપ થાય સ્વરનો નહીં.

[૭૦૫]

(૫૫) गहोर्जः ૪/૧/૪૦

★ સૂત્રપૃથ૦ :- ग-होः जः
★ વૃતિ :- द्वित्वे सति पूर्वयोग'होर्जः स्यात् । जघ्रौ जघ्रतुः जघ्रुः ।

卐 વૃત્યર્થ :- દ્વિત્વ થયા પછી પુર્વના ग અને ह નો ज થાયછે.
(૬-પરોક્ષા) घ्रा નું ત્રી.પું. એ.વ. जघ्रौ - તેણે સુંઘ્યુ હતું (પુર્વસૂત્ર : ૫૪ માં) गघ्रा રૂપ હતુ. આ સૂત્રથી ग નો ज થતાં जघ्रा + औ પ્રત્યયથી जघ्रौ થયું

★ અનુવૃતિ :- द्विर्धातु परोक्षा ૪/૧/૧ થી द्विः

卐 વિશેષ :- 0 ઉદાહરણ :- ધાતુ हस् દ્વિત્વ - हहस् + ण = जहास् - તે હસ્યો.

(૬-પરોક્ષા) - घ्रा ની સાધનિકા
जघ्रौ - घ्रा + णव् ત્રી.પુ એ.વ.
(૧) द्विर्धातु परोक्षा ૪/૧/૧ - घ्राघ्रा + णव्
(૨) ह्रस्वः ૪/૧/૩૯ - घ्रघ्रा + णव्
(૩) व्यंञ्जनस्या - ૪/૧/૪૪ - घघ्रा + णव्
(૪) द्वितीय तुर्ययो - ૪/૧/૪૨ - गघ्रा + णव्
(૫) गहोर्जः ૪/૧/૪૦ जघ्रा + णव्
(૬) आतोणव् ૪/૧/૧૨૦ जघ्रा + औ
(૭) जघ्रौ - ૧/૨/૧૨ ऐदौत् સન્ધ્ય.
2 - जघ्रतुः - घ्रा + अतुस् - ત્રી. પુ. દ્વિ. વ.
(૧) जघ्रा + अतुस् - ઉપર મુજબ
(૨) इन्ध्यसंयोगा ૪/૩/૨૧ થી कित्वत्
इडेत्पुसि ૪/૩/૯૪ થી जघ्र् + अतुस्
3 - जघ्रुः - घ्रा + उस् ત્રી.પુ. બ વ. ઉપર મુજબ

[૭૦૬]

(૫૬) संयोगादेर्वाशिष्येः ૪/૩/૯૫

★ સુત્રપૃથ૦ :- संयोगादेः वा आशिषि एः
★ વૃત્ત :- संयोगादेरादन्तस्य क्ङित्याशिष्येर्वा स्यात् । घ्रेयात् / घ्रायात्, घ्रेयास्ताम् / घ्रायास्ताम्, घ्रेयासुः । घ्रायासुः । ७
घ्राता ८ । घ्रास्यति ९ । अघ्रास्यत् १० ।
ध्मांशब्दाग्निसंयोगयोः । धमति १ । धमेत् २ । धमतु । धमतात् ३ । अधमत् ४ । अध्मासीत् ५ । दध्मौ ६ । ध्मेयात् / ध्मायात् ७ । ध्माता ८ । ध्मास्यति ९ । अध्मास्यत् १० ।

卐 વૃત્યર્થ :- આદિના સંયોગવાળા એવા आ કારાન્ત ધાતુને आशिः વિભક્તિના કિત્-ઙિત્ પ્રત્યયો લાગે ત્યારે અન્ત્ય आ નો ए વિકલ્પે થાય છે. જેમકે घ्रा+क्यात्-આશી-ત્રી પુ એ.વ.-घ्रायात् વિકલ્પે घ्रेयात् (આદિમાં घ्र એ घ्+र् સંયોગ છે. ધાતુ आ કારા છે. क्यात् એ કિત્ પ્રત્યય છે, માટે आ નો ए વિકલ્પ થયો.) એ જ રીતે ત્રી. પુ. દ્વિ. વ માં घ्रायास्ताम् પક્ષે घ्रेयास्ताम् થશે.

★ અનુવૃત્તિ :- ईडेन्स्तुमिचानोऽञ्जः ४/१/९८थी ध्मा, धेट् दाद: क्विति स्वरे ४/३/९३ थी क्विति

卐 વિશેષ :- 0 અયોગ કેમ કહ્યું ?
याताम्-ने अत्र या धातुमा संयोग नथी
0 आशी: विभक्ति કેમ કહ્યું ?
घ्राना-श्वस्तनी છે. માટે વિકલ્પ રૂપ ન થાય
0 क्ङिति કેમ કહ્યું ?
ध्मासीष्ट - सीष्ट प्रत्यय क्ति ङि न नथी.

□ શેષવૃત્તિ :- घ्रा (७) આશીર્વિભક્તિના રૂપો :- દરેકમા ક્તિ પ્રત્યય છે તેથી બધા જ બબ્બે રૂપો થશે घ्रेयात / घ्रायात् જેવા.
(८) શ્વસ્તની :- घ्राता + घ्रा + ता
(९) ભવિષ્યન્તી - घ्रास्यति - घ्रा + स्यति
(१०) ક્રિયાતિપત્તિ :- अघ्रास्यत् - घ्रा + स्यत
આ રીતે घ्रा ના રૂપો સમાપ્ત થાય છે સૂત્ર :- ८९ થી ५६ તૈયાર રૂપો-રૂપાવલી પરિશિષ્ટમા જુઓ.
0 ध्मा - शब्दाग्नि - संयोगयो :- ધમવું ગણ -१ ભ્વાદિ પરસ્મૈપદી - ક્રમ 4
0 ध्मा - *शब्दादि - મુખેથી વગાડવું જેમકે - શંખ
अग्निसंयोग - ધમવું - જેમકે સોની સોનાને ધમે છે.
१ - ध्मा ના રૂપો घ्रा જેવા જ થાય છે. માત્ર अद्यतनीमा ફેર છે. તેમા જે વિકલ્પે सिच् લોપાય છે તે ध्मामा ન લોપાતા માત્ર એક - એક રૂપ જ થશે. જેમકે :- अध्मासीत्, अध्मासिष्टाम् વગેરે
२ - शित् કાળમા ध्मा નો धम् આદેશ થશે - श्रौत्कृत् ४/२/१०८ સૂત્રથી.
३ - धमति, धमतु, વગેરે વૃત્તિમા દર્શાવ્યા મુજબના ચારે કાળના રૂપો છે પરિશિષ્ટમાં આપ્યા છે.

[७०७]

(५७) ष. सोऽष्ट्यैष्ठिवष्वष्कः २/३/९८

★ સૂત્રપૃથ૦ :- ष: स: अ - ष्ट्यै - ष्ठिव् - ष्वष्क
★ વૃત્તિ :- धाते धात्वादे: ष: स: स्यात् तु ष्ट्यैष्ठिवष्वष्काम् । (निमित्ताभावे नैमित्तिकस्याप्य भाव इति) ष्ठस्य थ: स्था ।
षिञ्चे १ । स्विद्य् २ । स्तुष्णु / स्तिषत् ३ / संस्त्यत् ४ । अस्तत् अस्वताम् , अस्युः ५ ।

•••••••••••••••
* ध्मा - हेमप्रकाश उत्तरार्ध - पृ. ५०५

卐 સૂત્રાર્થ :- ધાતુપાઠમાં ધાતુની આદિના મૂર્ધન્ય ष ને બદલે દન્ત્ય स् સમજવો. આ નિયમ ष्ट्यै, ष्ठिव् અને ष्वष्क ને લાગતો નથી (*નિમિત્તના અભાવે નૈમિત્તિકને પણ અભાવ થાય છે) મૂર્ધન્યને સ્થાને દન્ત્ય स् થતા ठ નો પણ (દન્ત્ય) थ् થશે ધાતુ-स्था-બનશે.
0 ष्ठा गति निवृत्तौ ઉભવું ગણ :- (१) - ભ્વાદિ - પરસ્મૈપદી - ક્રમ 5
0 श्रौत्कृत् .. ४/२/१०८ થી शित् કાળમાં स्था નો तिष्ठ આદેશ થશે તેથી (१ - વર્તમાના) तिष्ठति વગેરે ચારે કાળમા રૂપો ગતિ મુજબ થશે

★ અનુવૃત્તિ :- धाते धात्वादेर्ण: न: २/३/९७ थी धाते धात्वादे: લેવું

卐 વિશેષ - 0 આદિમાં ष् કેમ કહ્યું ?
कषति - ને અભિપ્રાય કરે છે અહીં આદિમાં ष નથી.
0 अष्ट्यैष्ठिव કેમ કહ્યું ?
ष्ठ्यायति - ने अमी अव છે.. અહીં ष् નો स् ન થયો.
0 ધાતુ પરિચય -
(१) ष्ट्यै - शब्द स - ભમવું १-ભ્વાદિ પરસ્મૈ 39
(२) ष्ठिवू-निर सने-થુંકવું १-ભ્વાદિ-પરસ્મૈ 463
(३) ष्वष्क - गतौ = જવું १-ભ્વાદિ-પરસ્મૈ 629
0 अद्यतनी स्था ની સાધનિકા :-
स्था+दि (त) - अद्यतनी ५/२/४
स्था + त् - ष: सो.. ...२/३/९८
स्था + सिच् + त् - सिजद्यतन्याम् ३/४/५३
स्था + त् - पिबैति दा......४/३/६६
अस्थात् - अड् धातोरादि ४/४/२९
બાકી સાધનિકા भू ની જેમ સમજવી ત્રી પુ બ વ માં सिजविदो ऽभुव: ४/२/९२ थी पुस् પ્રત્યય થતા - (५-अद्य) अस्थात् - अस्थाताम् - अस्थुः

[७०८]

(५८) स्थासेनिसेध सिचसञ्जां द्वित्वेऽपि २/३/४०

★ સૂત્રપૃથ૦ :- स्था सेनि सेध् सिच् सञ्जां द्वित्वे अपि
★ વૃત્તિ :- उपसर्गान्नाम्यन्तस्थाकवर्गात् परेषां स्थादीनां स: ष: स्यात् द्वित्वे ऽपि । अधिष्ठात्, अधिष्ठाताम् अधिष्ठुः
卐 સૂત્રાર્થ :- ઉપસર્ગમાં રહેલાં નામીસ્વર અંતસ્થા અને क વર્ગ પછી આવેલા स्था,सेनि,सेध्,सिच्,

○○○○○○○○○○○○○○○○
* निमित्तामावे - न्याय २८, पृ. २७

सज्ज ધાતુઓના स् નો પણ ष् થાય છે. દ્વિત્વ થયેલા स् નો પણ ष् થાય છે. (ઉપસર્ગ અને ધાતુની વચ્ચે આવેલા अट् આગમ છતાં स् નો ष् થાય છે.)

0 अधि + स्था (१) અદ્યતની ત્રી.પુ. એ.વ. अधि+स्था + त् (२) अधि + स्था + सिच् + त् (३) अधि + अ + स्था + त् આ સૂત્રથી स् નો ष् થતાં :-

अध्यष्ठात्, अध्यष्ठातात्, अध्यष्ठुः

★ **અનુવૃત્તિ** :- उपसर्गात् सुग् सुवसोस्तु-स्तु-भोऽट्यप्य द्वित्वे २/३/३९ થી उपसर्गात् ..अट्यपि नाम्यन्तस्था क वर्गात् २/३/१५ नामिनस्तयोः षः २/३/८ થી षः

卐 **વિશેષ** :- 0 દ્વિર્ભાવ - (પરોક્ષા ત્રી પુ એ.વ.) अधि + स्था નું अधितष्ठौ

0 ધાતુ પરિચય :-

षिधू गत्याम् (सिध्) ગતિ કરવી. ૧-ભ્વાદિ પરસ્મૈ 320

षिचींत् क्षरणे (सिच्)-ઝરવું ६-તુદાદિ-પરસ્મૈ 1321

षञ्जं सङ्गे (सञ्ज)-સંગ કરવો. ૧-ભ્વાદિ પરસ્મૈ 173

[७०९]

(५९) अघोषे शिटः ४/१/४५

★ **વૃત્તિ** :- द्वित्वे पूर्वस्य शिटस्तत्संबंधीन्येवाघोषे लुक् स्यात्। तस्थौ अधितष्ठौ

■ तस्थतुः तस्थुः ६। स्थेयात्, स्थेयास्ताम्, स्थेयासुः ७। स्थाता, अधिष्ठाता ८। स्थास्यति, अधिष्ठास्यति ९। अस्थास्यत्, अध्यष्ठास्यत् १०।

म्नां अभ्यासे। मनति १। मनेत् २। मनतु / मनतात् ३। अमनत् ४। अम्नासित् ५। मम्नौ ६। म्नेयात् / म्नायात् ७। म्नाता ८। म्नास्यति ९। अम्नास्यत् १०।

दाम् दाने। यच्छति १। यच्छेत् २। यच्छतु ३। अयच्छत् ४।

卐 **વૃત્ત્યર્થ** :- દ્વિત્વ થયે છતે પૂર્વના શિટ્ વ્યંજનનો પછી અઘોષ વ્યંજન આવે તો લોપ થાય છે. - દ્વિત્વનો જ અઘોષ વ્યંજન પરમાં આવતા લોપ કરવો જેમકે स्था નું દ્વિત્વ स्था स्था, ह्रस्वः સૂત્રથી स्थस्था અને આ સૂત્ર મુંજબ પરમાં અઘોષ છે જેને તેવા (શિટ્) स् નો લોપ થશે તેથી थस्था થશે.

(६-પરોક્ષા) स्था + णव् = तस्थौ - તે ઉભો હતો.
अधि + स्था = अधितष्ठौ થશે.

★ **અનુવૃત્તિ** :- व्यञ्जनस्यानादेर्लुक् ४/१/४४ થી लुक् द्विर्धातु परोक्षा ४/१/१

卐 **વિશેષ** :- 0 व्यञ्जनस्य...४/१/४४ સૂત્રનું આ અપવાદ સૂત્ર છે

0 अघोष કેમ કહ્યું ?

सस्नौ - स्ना + णव् - પરમાં न् છે તે અઘોષ નથી.

0 शिट् એમ કેમ કહ્યુ ?

पप्सौ - प्सा + णव् - આદિમાં शिट् નથી.

■ **શેષવૃત્તિ** :- अधि + स्था + णव्
પરોક્ષા ત્રી પુ એ.વ. ની સાધનિકા.

(१) अधि + स्थास्था + णव्
(२) शिट् લોપ अधि + थास्था + णव्
(३) પૂર્વ વ્યંજન अधि + तास्था + णव्
(४) હ્રસ્વ अधि + तस्था + णव्
(५) स्थसेनि...२/३/४० થી अधि + तष्ठा + णव्
(६) आतो णव औ થી अधि + तष्ठा + औ
(७) अधितष्ठौ - एदैत् १/२/१२
(७) આશીર્વિભક્તિ :- स्थेयात्
स्था + यात् (गापास्था...४/३/९६ થી नित्य ए થતાં स्थेयात् વગેરે
(८) શ્વસ્તની: स्थाता - स्था + ता
(९) ભવિષ્યન્તી :- स्थास्यति - स्था + स्यति
(१०) ક્રિયાતિપત્તિ :- अस्थास्यत् - स्था + स्यत्

0 म्नां अभ्यासे - म्ना - **ધાતુ મનન કરવું, વિચારવું (१) ભ્વાદિ પરસ્મૈ ક્રમાંક 6**

* अभ्यासः पारम्पर्येण वृत्तिः
म्ना ના રૂપો ध्मा ધાતુ જેવા થશે. વૃત્તિના ક્રમ મુજબ (१) વર્તમાના થી (१०) ક્રિયાતિપત્તિ સમજવા

दाम् - दाने - दा - **ધાતુ - આપવું ગણ : ૧ ભ્વાદિ-પરસ્મૈ. ક્રમ 7**

શિતકાળમાં स्था ની જેમ श्रौति कृ...४/२/१०८ થી दा નો यच्छ् આદેશ

(१) - यच्छति-यच्छतः - यच्छन्ति એ રીતે ચારે કાળના રૂપો થાય.

[७१०]

(६०) अवौ दाधौ दा ३/३/५

★ **વૃત્તિ** :- अविनौ दाधारूपौ धातू दा संज्ञौ स्यातामिति

o o o o o o o o o o o o o o o o o o o o

* अभ्यासः - હૈમપ્રકાશ ઉત્તરાર્ધ - પૃ. ५०७

दा संज्ञत्वात् पिबैतिदादिना सिच् लुप् । अदात् । पिबर्जनात् दाप् दैप् इत्यादेर्न दासंज्ञा

☐ ददौ ६ । गापास्थासादामिर्येन, देयात् ७ । दाता ८ । दास्यति ९ । अदास्यत् १०

जि अभिभवे । जयति १ । जयेत् २ । जयतु/जयतात् ३ । अजयत् ४ ।

卐 વૃત્યર્થ :- અવિત્ (વ જેમાં ઇત્ નથી તે) એવા दा અને धा સ્વરૂપ ધાતુઓની दा સંજ્ઞા થાય છે દા સંજ્ઞા થવાથી - (પિબૈતિદા ૪/૩/૬૬ સૂત્રથી) અદ્યતનીના સિચ્ પ્રત્યયનો લોપ થશે અदात् - રૂપ આપ્યું दा + सिच् + त - લોપ થતા दा + त् મૂળરૂપ દર્શાવતા अ + दात् થયું

पित् નું વર્જન કરવાથી दाप् અને दैप् બન્ને ધાતુની दा સંજ્ઞા ન થાય

卐 વિશેષ :- 0 * दा સંજ્ઞક ધાતુઓ :-

(૧) दा-दान-આપવું (૧) ભ્વાદિ-પરસ્મૈ 7
(૨) डुदाञ् दान आपवुं (૩) હ્વાદિ પરસ્મૈ 1138
(૩) देङ् दं पालन-પાળવું (૧) ભ્વાદિ-આત્મને 604
(૪) दोंच्-छेदन કાપવું/છેદન કરવું (૪) દિવાદિ પરસ્મૈ 1148
(૫) धेंट् पान-પીવું (૧) ભ્વાદિ-પરસ્મૈ 28
(૬) डुधाञ् (धा) ધારણ કરવું (૩) હ્વાદિ-પરસ્મૈ 1139

0 दा ધાતુના રૂપો ज्या જેવા છે તેથી તેની સાધનિકા ज्या ની જેવી થશે. માત્ર સંયોગ ન હોવાથી ક્રિયામાં લોપ ન થાય - વૃત્તિમાં (૬ થી ૧૦) - અદ્યતનીથી ક્રિયાતિપત્તિનું ત્રી. પુ એ વ નું રૂપ આપેલ છે

0 जि - अभिभवे - જય પામવું - (પરાજય કરવો) ૧-ભ્વાદિ-પરસ્મૈ ક્રમાંક ૪ (અનુસ્વાર इत् હોવાથી इट् (સેટ્) થશે નહીં.

0 શીત્ કાળના રૂપો भू-भवति જેવા થશે. જેમકે :-
(૧) વર્તમાના - जयति

[૭૧૧]

(૬૧) सिचिपरस्मै समानस्याङिति ४/३/४४

★ સૂત્રપૃથ૦ :- सिचि परस्मै समानस्य अ - ङिति

★ વૃત્તિ :- समानान्तस्य धातोः परस्मैपदविषये सिचि अङिति वृद्धिः स्यात् अजैषीत्, अजैष्टाम्, अजैषुः । अजैषीः अजैष्टम्, अजैष्ट । अजैषम्, अजैष्व, अजैष्म ५ ।

卐 વૃત્યર્થ :- સમાન સંજ્ઞાવાળો સ્વર જેને અન્તે હોય તેને પરસ્મૈપદી વિષયમાં અઙિત્ એવો સિચ્ પ્રત્યય લાગ્યો હોય તો તે સમાન સ્વરની વૃદ્ધિ થાય છે. अजैषीत् जि+दि (त्) અદ્યતની ત્રી પુ એ વ अ+जि+सिच्+त्-અહીં સિચ્ લાગ્યો હોવાથી जि ના इ ની વૃદ્ધિ થતા (ऐ થશે) अ+जै+सिच्+त् (सः सिजस्तेर्दिस्योः ४/३/६५ થી ईत्) - अ+जै+स्+ईत्=अजैषीत् એ જ રીતે अजैष्टाम्-ત્રી પુ દ્વિ વ जि+ताम् अ+जि+सिच्+ताम् વગેરેમાં जि ની વૃદ્ધિ આ સૂત્ર વડે થઈ

★ અનુવૃત્તિ :- नामिनोऽकलिहलेः ४/३/५१ થી વૃદ્ધિ

卐 વિશેષ :- 0 વૃદ્ધિ :- वृद्धिरारैदौत् ३/१/१
आ - आर् - ऐत् - औत्

0 સમાન :- लृदन्ताः समानाः १/१/७ થી अ-आ लृ (૧૦) સ્વરો

0 આ સૂત્રની વૃત્તિમાં અદ્યતની ના जि ધાતુના રૂપો આપેલા છે જેમાં વૃદ્ધિ થવાનું સૂત્ર જ નવું છે.

0 આગમ પરિભાષા મુજબ વૃધ્ધિ લેવી તેથી इ નો ऐ થશે.

[૭૧૨]

(૬૨) जेर्गिः सन् परोक्षयोः ४/१/३५

★ સૂત્રપૃથ૦ :- जेः गिः सन्-परोक्षयोः

★ વૃત્તિ :- सन् - परोक्षयोः परयोर्द्वित्वे सति पूर्वात् परस्य जेर्गिः स्यात् । (नामिनोऽकलिहलेरिति वृद्धिः) जिगाय

☐ योऽनेकस्वरस्य । जिग्यतुः । जिगयिथ जिगेथ, जिग्यथुः जिग्य ।

卐 વૃત્યર્થ :- सन् પ્રત્યય અને પરોક્ષાના પ્રત્યયો લાગ્યા હોય ત્યારે દ્વિત્વ થયેલા અને પૂર્વથી પર રહેલા એવા जि નો गि થાય છે. (नामिनो ..૪/૩/૫૧ થી વૃધ્ધિ થઈ ऐ નો आय् થશે) जि + णव् પરોક્ષા ત્રી.પુ એ વ - દ્વિત્વ થતા जिजि + अ આ સૂત્ર લાગી પછીના जि નો गि થશે તેથી जिगि + अ - વૃધ્ધિ થતા जिगै + अ = जिगाय - તે રૂપ થયું.

卐 વિશેષ :- 0 सन् નું ઉદાહરણ :-
जेतुम् इच्छति-जिजि+सन्+ति આ સૂત્રથી जिगिषति થશે

0 सन्-परोक्षयोः કેમ કહ્યું ?
जेजियते

☐ શબ્દજ્ઞાન :- जि પરોક્ષાની સાધનિકા जिगाय- जि + णव् ત્રી. પુ એ. વ ......

* दा संज्ञावृत्ति - અવચૂરિ - ભા ૨, પૃ. ૩.

(१) जिजि + णव् – द्विधातु परोक्षा ४/१/१
(२) जिगि + णव् – जेर्गिः सन् ४/१/३५
(३) जिगै + अ – नामिनो...४/३/५१
(४) जिगाय – एदैतोयाय् – १/२/२३
जिगयिथ / जिगेथ બી. પુ. એ. વ.
(१) जि + थव्
(२) जिगि + थ – ઉપર મુજબ
(३) जिगि + इट् + थ – सृजिदृशि...४/४/७८
પક્ષે – इट् ન લાગે તો जिगि + थ જ રહે.
(४) जिगे+इथ પક્ષે जिगे+थ-नामिनो...४/३/१
(५) जिगयिथ પક્ષે जिगेथ.
जिग्य – બી. પુ બ. વ. – जि+अ
(१) जिगि + अ – ઉપર મુજબ
(२) जिग्य – योऽनेकस्वरस्य २/१/५६

[७२३]

(६३) णिद्वान्त्यो णव् ४/३/५८

★ **સુત્રપૃથ૦ :–** णिद् वा अन्त्यः णव्
★ **वृत्ति :–** परोक्षाया अन्त्यो णव् णिद्वा स्यात् । जिगाय / जिगय

■ जिग्यिव, जिग्यम ६ । दीर्घश्च्वीति दीर्घे जीयात् जीयास्ताम् जीयासुः ७ । जेता ८ । जेस्यति ९ । अजेष्यत् १० ।

स्मृ चिन्तायाम् । स्मरति १ । स्मरेत् २ । स्मरतु/ स्मरतात् ३ । असरत् ४ । अस्मार्षीत्, अस्मार्ष्टाम्, अस्मार्षुः । अस्मार्षीः, अस्मार्ष्टम्, अस्मार्ष्ट । अस्मार्षम्, अस्मार्ष्व, अस्मार्ष्म

卐 **વૃત્યર્થ :–** પરોક્ષા વિભક્તિના અન્ત્ય પ પુ. એ.વ. णव् વિકલ્પે णित् થાય છે. (વિકલ્પે વૃધ્ધિ પામે છે.) जिगाय પક્ષે जिगय જો णित् છે તેમ ગણીએ તો (नामिनो...४/३/६१ થી) વૃધ્ધિ થતાં गि નું गै થઇ जिगाय બને. જો णित् ન હોય તો गि નો ગુણ થઇ गे થતા जिगय બને.

卐 **વિશેષ :–** 0 પરોક્ષા ત્રી.પુ એ.વ. મા णव् ની પ્રાપ્તિ જે નિત્ય હતી તે આ સુત્રથી પ પુ. એ વ. માં વિકલ્પે થઇ.
0 અન્ત્ય કેમ કહ્યું ?
स पपाच = તેણીએ રાંધ્યુ – અહીં ત્રી.પુ. છે. અન્ત્ય (પ.પુ) નહીં.

0 जिगाय / जिगय ની સાધનિકા :–
जि + णव् – પ.પુ એ વ.
(१) जिजि + णव् – द्विर्धातु परोक्षा ४/१/१
(२) जिगि + णव् – जेर्गि सन्–परोक्षयो: ४/१/३५
(३) जिगै + णव् – णिद्वान्त्यो ४/३/५८ नामिनोऽकलिहले
(४) जिगाय् + अ – ओदौतोवाव्
(३) जिगे + णव् – વિકલ્પે णित् ન થાયતો
(४) जिगय् + अ – एदैतोयाय् १/२/२६

■ **શેષરૂપો :–** સાધનિકા
0 जिग्यिव + जि + व – પ.પુ દ્વિ વ.
(१) जिगि + व – ઉપર મુજબ
(२) जिगि + इ + व – स्क्रसृवृ...४/४/८१
(३) जिग्य् + ई + व – योऽनेक...२/१/५६
(४) जिग्यिव
આજ રીતે વૃતિ મુજબ – ७ આશી દીર્ઘશ્ચ્વિ ४/३/१०८ થી जी દીર્ઘ ८ શ્વસ્તની
0 जि + ता – ગુણ થતા जेता (एक स्वरात् ४/४/५६ થી इ આગમ ન થયો.
स्मृ चिन्तायाम्–ચિંતન કરવું. સ્મરણ કરવું (१) ભ્વાદિ પરસ્મૈ–18 (ઋન્ત ધાતુ) (१) વર્તમાના–स्मरति–તે સ્મરણ કરે છે. એજ રીતે (२) સપ્તમી–स्मरेत् વગેરે
(५) स्मृ અદ્યતનીના રૂપો
स्मृ + दि (त्) – स्मृ + सिच् + त्
(सः सिजस्ते ४/३/३५) – स्मृ + स् + ई + त्
(सिचि परस्मै ४/३/४४) स्मार् + ष् + ईत्
(अड्‌घातो – ४/४/२९) अस्मार्षीत्
આ રીતે જ अस्मार्ष्टम् વગેરે રૂપો થાય.

[७२४]

(६४) ऋतोऽत् ४/१/३८

★ **સૂત્રપૃથ૦ :–** ऋतः अत्
★ **वृत्ति :–** द्विरवेसति पूर्वस्य ऋतोऽत् । सस्मार ।

卐 **વૃત્યર્થ :–** દ્વિત્વ થયા પછી પૂર્વના ऋ કારનો अ થાયછે જેમકે स्मृ ધાતુ – દ્વિત્વ થતા स्मृस्मृ થશે. (द्वित्वे व्यंजनस्य...४/१/४४) सुस्मृ થયુ. આ સૂત્ર લાગી ऋ નો अ – सस्मृ + णव् વૃદ્ધિ થતાં – सस्मार् + अ = सस्मार થશે.

★ **અનુવૃત્તિ :–** पूर्वस्या स्वे स्वरे...४/१/३७ થી पूर्वस्य

卐 **વિશેષ :–** 0 સ્પષ્ટ

[७२५]

(૬૫) म संयोगादृदर्त्तो ४/३/९

★ સૂત્રપૃથ૦ :- संयोगात् ऋत् अर्तो:

★ વૃત્તિ :- संयोगात् परो य ऋत् तदन्तस्यार्तेश्चाक्ति परोक्षाया गुणः स्यात् । सस्मरतुः, सस्मरुः ।

卐 વૃત્યર્થ :- ધાતુને અંતે સંયોગ(જોડાક્ષર) પછી જે (હ્રસ્વ) ऋ હોય અથવા ऋ ધાતુ હોય તેને પરોક્ષાનો અકિત્ (कित् ન હોય તેવો) પ્રત્યય લાગેલો તેનો ગુણ થાયછે 0 स्मृ + अतुस् પરોક્ષા ત્રી પુ દ્વિ વ. = सस्मृ + अतुस् = सस्मर् + अतुस् (આ સૂત્ર લાગી અન્ત્ય ऋ નો ગુણ થયો) + सस्मरतुः - તે બેએ સ્મરણ કર્યું - અહી अतुस् પ્રત્યય कित्

0 स्मृ + उस् = सस्मर् + उस् = सस्मरुः તેઓએ સ્મરણ કર્યુ.

★ અનુવૃત્તિ :- (૧) ऋत्-ऋत्वर्त्त अति परोक्षायाम् ४/३/८ - अकि परोक्षायाम्

(૨) नामिनो ४/३/१ થી गुणः

卐 વિશેષ :- 0 સંયોગાત્ કેમ કહ્યું ?

चक्रे: તેણે કર્યું. कृ-ધાતુ-સંયોગ નથી

0 कित् ન હોય પરોક્ષા પ્રત્યયો-કાન ક્વસુ

0 ગુણપ્રતિષેધને અટકાવવા આ સૂત્ર છે.

0 ઉદાહરણ - ऋ ધાતુ - ऋ+उस् = अर+उस् आरुः તેઓ ગયા.

0 सस्मरतुः પરોક્ષા ત્રી પુ દ્વિ વ આર્ષનિકા स्मृ+अतुस्

(૧) દ્વિત્વ થતા-स्मृस्मृ + अतुस्

(૨) सस्मृ+अतुस् - व्यञ्जनस्य...४/१/४४

(૩) सस्म + अतुस् - ऋतोऽत् ४/१/३८

(૪) सस्मर् + अतुस् - संयोगा...४/३/९

(૫) सस्मरतुः - सोरुः - रः पदान्ते

[૭૨૬]

(૬૬) ऋतः ४/४/७९

★ વૃત્તિ :- ऋदन्ता तृजि नित्या S निटो विहितस्य थव आदिरिट् न स्यात् । सस्मर्थ

☐ सस्मरथुः, सस्मर । सस्मार / सस्मर, सस्मरिव, सस्मरिम ।

卐 વૃત્યર્થ :- तृच् પર છતાં નિત્ય અનિટ્ (જેને इट् લાગતો જ નથી) તેવા હ્રસ્વ ऋ કારાન્ત ધાતુથી વિહિત थव् (પરોક્ષા બી પુ એ વ)ની આદિમાં इट् થતો નથી. सस्मर्थ-स्मृ-थव् (વ્યંજનાદિ પ્રત્યય પૂર્વે इट् ની પ્રાપ્તિ હતી તેનો અહીં નિષેધ થયો.)

★ અનુવૃત્તિ :- (૧) ऋवृव्येऽदइटः क्रादिज्ञानतः वृत्तनित्यानिटः थवः ४/४/७८ થી तृन्नित्यानिटः थवः (૨) न वृद्भ्यः ४/४/५५ થી न

卐 વિશેષ :- 0 નિત્ય અનિટ્ કેમ ? (નોંધ-પરિશિષ્ટમા નટ અનિટ્ કારિકા જોવી)-स्वर+थव=द्वित्व सस्वर+इ+थ=सस्वरिथ-તેં અવાજ કર્યો. - અહીં स्वर ધાતુ ऊ-અનુબંધવાળી છે તેથી વિકલ્પે इट् થાય છે. (જુઓ સૂત્ર धूगौदितः ४/४/३८)

0 ऋतः કેમ કહ્યુ ?

बिभेदिथ-તે ભેદ્યુ હતું - भिद् ધાતુ ऋ કારા નથી.

0 थव् કેમ કહ્યું ?

सस्मरिव-स्मृ+व-व પ્રત્યયનુ વર્જન નથી માટે इ લાગ્યો

0 પરોક્ષા - स्मृ थव् = આર્ષનિકા

सस्मर्थ - બી પુ એ.વ. - स्मृ + थव्

(૧) सस्मृ + थ - ઉપર મુજબ

(૨) सस्मर् + थ - संयोगा ..४/३/९

(૩) सस्मर्थ - ऋतः ४/४/७९ થી इट् ન લાગે

सस्मार પક્ષે सस्मर - स्मृ + णव् - ૫ પુ. એ.વ.

(૧) स्मृ - स्मृ + णव् सस्मृ + णव् सस्मृ + ण

(૨) णिद्वान्त्यो णव् થી વિકલ્પે થતાં, વૃધ્ધિ થાય તે सस्मार+अ અને વૃધ્ધિ ન થાય તો ગુણ થતાં-सस्मार+अ થશે

सस्मरिव - ૫ પુ દ્વિ.વ. - स्मृ +व

सस्मर् + व - (ઉપર મુજબ), सस्मर् + इ + व (स्क्र स्तृ...४/४/८१ થી इट्

-: स्मृ પરોક્ષાના રૂપો પૂરા સૂત્ર ૬૩ થી ૬૬ :-

[૭૨૭]

(૬૭) क्ययङाशीर्ये ४/३/१०

★ સૂત્રપૃથ૦ :- क्य-यङ्-आशी: ये

★ વૃત્તિ :- संयोगात् परो य ऋत् तदन्तस्यार्तेश्च क्ये यङि आशीर्ये च गुणः स्यात् । स्मर्यात्, स्मर्यास्ताम् स्मर्यासुः

☐ स्मर्ता ८ ।

卐 વૃત્યર્થ :- સંયોગથી પર એવો ऋदन्त ધાતુ તથા કેવળ ऋ ધાતુનો क्य (કર્મણિ-ભાવે) પ્રત્યય, यङ् પ્રત્યય અને આશી: વિભક્તિનો યકારાદિ પ્રત્યય લાગે તો ऋ નો ગુણ થાય છે (૭) આશી स्मृ + यात् ત્રી પુ એ.વ. આ સૂત્રથી ગુણ स्मर्+यात्

स्मर्यान् – ते स्मरण करे એજ રીતે ત્રી પુ. દ્વિ.વ. स्मर्यास्ताम् , બ.વ. स्मर्यासुः

★ અનુવૃતિ :- संयागादर्तो: ४/३/९

卐 વિશેષ :- 0 नामिनो गुणो ४/३/१ સૂત્રથી किंद् પ્રત્યયનો પ્રતિષેધ હતો તેનો અહીં અપવાદ કરેછે.
0 * अर्ते: માં तिव् નિર્દેશ કર્યો તેથી યઙ્-લુબન્તમાં આ સૂત્ર ન લાગે.
0 ઉદાહરણ :-
ऋ + यात् = अर्यात्
0 आशीः नो य કેમ કહ્યું ?
स्मृषीष्ट – આશીર્વિભક્તિ છે – य નથી.

■ શેષવૃત્તિ :- स्मर्ता – स्मृ + ता શ્વસ્તની ત્રી પુ. એ.વ. – ऋनो ગુણ अर् થયો.

[૭૨૮]

(૬૮) हनृतः स्यस्य ४/४/४९

★ સુત્રપૃથ૦ :- हन् ऋतः स्यस्य

★ વૃત્તિ :- हन्तेऋ'दन्ताच्च परस्य स्यस्यादिरिट् स्यात् । स्मरिष्यति ९ । अस्मरिष्यत १० ।

■ तॄ प्लावन तरणयोः तरति ४ । अतारीत् , अतारिष्टम् । अतारिषुः ५ । ततार ।

卐 વૃત્યર્થ :- हन् ધાતુ અને હ્રસ્વ ऋકારાન્ત ધાતુને (ભવિષ્યન્ત અને ક્રિયાતિપત્તિના) स्य આદિવાળા પ્રત્યય લાગતા इट् થાય છે.
(૯–ભવિષ્યન્તી) स्मरिस्यति ત્રી.પુ એ.વ स्मृ+स्यति– આ સૂત્રથી इट् લાગતા स्मृ + इ + स्यति – ऋ નો ગુણ स्मर् + इ + स्यति – તે યાદ કરશે.
(૧૦-ક્રિયાતિપત્તિ)–अस्मरिस्यत् ત્રી પુ. એ.વ. स्मृ+स्यति –(ઉપર મુજબ)

★ અનુવૃતિ :- स्ताद्यशितो ऽत्रोणादेरिट् ४/४/३२ થી इट्

卐 વિશેષ :- 0 तृ કારનો સૂત્રમાં નિર્દેશ કરવાથી (अर्ते) ऋ નું ગ્રહણ થશે નથી.
0 हन्–हनं'क्–हिंसागत्योः હણવું ગણ : २ – અદાદિ ક્રમ 1100.
हनिष्यति – हन् + स्यति – આ સૂત્રથી इ

■ અર્થવૃત્તિ :- तॄ – प्लवन – तरणयोः = તરવું– કુદવું ગણ - ૧ ભ્વાદિ – પરસ્મૈ. – 27
(૧) વર્તમાના – तरति (૨) સપ્તમી – तरेत्
(૩) પંચમી – तरतु, (૪) હ્યસ્તની – अतरत्
(૫) અદ્યતનીની સાધનિકા :-
अतारीत् – ત્રી.પુ. એ વ. – तॄ + दि (त्)
(૧) तॄ + सिच् + त् – सिजद्यतन्याम् ३/४/५३
(૨) तॄ + सिच् + ईत् + त् – सः सिजस्ते ४/३/६५
(૩) तॄ + इट् + सिच् + ईत् + त् – स्ताद्यशितो ४/४/३२
(૪) तॄ + इट् + ईत् + त् – इट्ट ईति ४/३/७१
(૫) तार् + इ + ई + त् – सिचिपरस्मै ४/३/४४
(૬) अतारीत् अड्धातो ४/४/२९
0 अतारिष्टाम् – अ + तॄ + इट् + सिच् + ताम् – ઉપર મુજબ સાધનિકા
0 अतारिषु : तॄ + अन् – अ + तॄ + इट् + सिच् + उस्
(सिज्विदो...४/२/९२ थी पुस् – उस)
(૧) ततार – પરોક્ષા ત્રી.પુ. એ.વ. तॄ+णव् – तॄ तॄ+ णव् तगर – (ससार – ની જેમ થશે.)

[૭૨૯]

(૬૯) स्कृच्छतोऽकि परोक्षायाम् ४/३/८

★ સુત્રપૃથ૦ :- स्कृ ऋच्छ् ऋतः अ – कि परोक्षायाम्

★ વૃતિ :- स्कृ ऋच्छोऋ'दन्तानां च परोक्षायां गुणः स्यान्न तु कोपलक्षितायां तस्याम् । तर् इति जाते

卐 વૃત્યર્થ :- स्कृ (स् યુક્ત कृ), ऋच्छ् અને દીર્ઘ ॠ કારાન્ત ધાતુઓનો (અન્ત્ય સ્વરનો) પરોક્ષા ના પ્રત્યયો લાગતા ગુણ થાયછે. પણ क ઉપલક્ષિત (कित् સંજ્ઞક પરોક્ષાના પ્રત્યયો હોયતો નહી
(कित् – क्वसु, कान)
0 तॄ – ધાતુનો ગુણ तर् થશે. (જુઓ સૂત્ર-૭૦ તેઃ – તેઓ तर्या

★ અનુવૃતિ :- नामिनो गुणो ४/३/१

卐 વિશેષ :- 0 ધાતુઓ :- स्कृ–स्कुं'ग् करणे– कृ–કરવું (૧) ભ્વાદિ–888 स् પૂર્વક कृ
ऋच्छ् – (ऋच्छत् – इन्द्रिय प्रलय) મન્દિર પ્રલય-(૬) તુદાદિ – 1342

* अर्ते: = બૃહદ્વૃત્તિ ભા. ૧, પૃ. ૨૯૨

0 ક્ત્વા ની આદિમાં ઇ_ટ_ ... ક્ત્વા: સ્કન્દ ૪/૪/૬૧ થી થયો છે

0 ઉદાહરણ :-

સ્કન્ન્ – સ્કન્ત્વા:, સ્યન્દ્ – સ્યન્ત્વા

[૭૨૦]

(૭૦) તૄત્રપફલભજામ્ ૪/૧/૨૫

★ સૂત્રપૃથ૦ :- તૄ ત્રપ ફલ ભજામ્

★ વૃત્તિ :- એષા મધ્યસ્થસ્યાસંયોગ-સ્થસ્ય અતઃ એત્વં ... સ્યાત્ ન દ્વિઃ । તેરુ: ત્રેપ. । ભેજિથ ६

卐 સૂત્રાર્થ :- તૄ–ત્રપ ફલ ભજ્ ધાતુઓને અવિત્-(ઉ ઇત્ ન હોય તેવા) પરોક્ષાના પ્રત્યયો અને થવ્ પ્રત્યયો લાગેલા હોય ત્યારે ધાતુઓના મધ્યસ્થ અ નો એ થાય છે અને ધાતુઓનો દ્વિર્ભાવ થતો નથી

જેમકે :- (૧–૫) ત્રી પુ બ વ – તેરુ: – તૄ + ઉસ્ (પુસ્) તર્+ઉસ્–આ સૂત્રથી અ નો એ થતા તેરુ: થયુ – એજ રીતે –

0 તૄ + ણવ્ = તતાર – તેઓ તર્યા (૬–૫) બી પુ એ વ તેરિથ – તૄ તર્યો અહીં થવ્ પ્રત્યય છે. સ્કૃ સૃ વૃ ઋ ૪/૪/૮૧ થી ઇટ્ અગમ થતા ઇથ પ્રત્યય બન્યો છે તેથી અ નો એ થયો

★ અનુવૃત્તિ :- અવિતિ પરોક્ષા સેટ્ થવોઃ ૪/૧/૨૩

卐 વિશેષ :- 0 ઉદાહરણ :-

ફલ્ – ફેલ+ઉસ્ – તેઓ ફળ્યા ભેજિથ – ભજ્+થવ્ – તે સેવા કરી.

0 ધાતુઓ –

ત્રપ – (વિશેષ લજ્જાયામ્) શરમાવું (૧) ભ્વાદિ આત્મને 762, ફલ – (નિષ્પત્તૌ વિશરણે) –વિખરાવું (૧) ભ્વાદિ, પરસ્મૈ – 414 તથા

(ફલ – નિષ્પત્તૌ) – ફળવું (૧) ભ્વાદિ 428

ભજ્ – (ભજ – સેવાયામ્) – ભજવું (૧) ભ્વાદિ પરસ્મૈ – 895

0 *સૂત્રમાં જે બ.વ. મુક્યું છે તે બન્ને ફલ ધાતુમાં ગ્રહણને માટે છે.

[૭૨૧]

(૭૧) ઋતાં ક્ઙિતીર્ ૪/૪/૧૧૬

★ સૂત્રપૃથ૦ :- ઋતાં ક્ઙિતિ ઇર્

★ વૃત્તિ :- સ્પષ્ટમ્

卐 સૂત્રાર્થ :- સ્પષ્ટ છે (*દીર્ઘ ઋ કારાન્ત ધાતુને ક્ઙિત્ (ક્ અથવા ઙ્ ઇત્ હોય તેવા) પ્રત્યયો લાગે ત્યારે ઋ નો ઇર્ થાય છે તૄ+ક્યાત=તિર્+યાત્ થાય જેમકે તૄ – ઋપ્રયોગી છે)

卐 વિશેષ :- 0 ક્ઙિતિ કેમ કહ્યું ?

તરતિ – અહીં તૄ ને શિત્ પ્રત્યય લાગ્યો તેથી ગુણ થયો

0 * ઋતામ્ એવું બહુવચન વ્યાપ્તિ ઋ ના સંગ્રહ માટે છે તેનાથી તિર્તિ થઇ શક્યું જેમકે ભ્વાદેર્નામિનો દુરિ ૪/૧/૧૦૮ થી દીર્ઘ થયેલ છે.

[૭૨૨]

(૭૨) ભ્વાદેર્નામિનો દીર્ઘોર્વ્યઞ્જને ૨/૧/૬૩

★ સૂત્રપૃથ૦ – ભૂ આદેઃ નામિનઃ દીર્ઘઃ ર્ વોઃ વ્યઞ્જને

★ વૃત્તિ :- ભ્વાદેર્ધાતોઃ ર્વો: પદાન્તસ્થ નામિનો દીર્ઘઃ સ્યાત્ વ્યઞ્જને પરે । તીર્યાત્ ।

卐 સૂત્રાર્થ – ભૂ વગેરે જે સમગ્ર ધાતુઓમાં જે ધાતુમા ર્ અથવા વ્ વ્યંજન આવેલો હોય અને ત્યારબાદ કોઇ વ્યંજન આવેલો હોય તો ર્ કે વ્ પૂર્વેનો નામિ સ્વર દીર્ઘ થાય છે જેમકે :- તીર્યાત્– તૄ+ક્યાત્–તૄ નો સૂત્ર ૧૭ થી તિર્ થયો આ સૂત્રથી તીર્ એવું દીર્ઘ થયું કેમકે ર્ પછી ય વ્યંજન છે.

卐 વિશેષ :- 0 ઉદા. :- દીવ્યતિ – તે ક્રીડા કરે છે – દિવ્ + ય + તિ

0 ભ્વાદિ કેમ કહ્યુ ?

કુર્કુરીયતિ – કુકુરીયાને ઇચ્છે છે. કુર્કુર નામ પરથી ધાતુ બન્યો છે માટે કુ દીર્ઘ ન થાય.

0 નામિનઃ કેમ કહ્યુ ?

સ્મર્તન – પૂર્વેનો સ્વર અ – નામિ નથી.

0 ર્વ કેમ કહ્યુ ?

કુક્ષતે અહીં ષ્ અને ક્ નો સંયોગ છે ર્ વ્ નહીં

0 સાધનિકા :-

(૭–આ) તૄ + ક્યાત્ ત્રી પુ. એ વ.

(૧) ઋતાં ક્ઙિતીર્ ૪/૪/૧૧૬ થી તિર્ + યાત્

* લઘુપ્રક્રિયા – ટીકાનુસારે – અર્થ

* ઋતામ્...હેમપ્રકાશ – ઉત્તરાર્ધ – ૫૧૨.

(૨) ભ્વાદેર્નામિનો ૨/૧/૬૩ થી તીર + यात्
એજ રીતે तीर्यास्ताम् વગેરે બધાં રૂપો થશે.

[૭૨૩]

(૭૩) वृतो नवाऽनाशीः सिच्परस्मै च ४/४/३५

★ **સુત્રપૃથ૦** :- वृ-ऋतः नवा अन् - आशीः सिच् परस्मै च

★ **વૃતિ** :- वृभ्यामृदन्तेभ्यश्च परस्येटो दीर्घो वा स्यात् न तु परोक्षाशिषोः सिचि परस्मैपदे च तरिता-तरीता तरिष्यति । तरीष्यति । अतरिष्यत्-अतरीष्यत्

■ ट्धे पाने । धयति

卐 **વૃત્યર્થ** :- वृभ्याम् - वृग् - वृङ् (ઓઢવું વરવું) ધાતુઓને તથા દીર્ઘ ऋ કારાન્ત ધાતુઓને લાગેલા इ નો દીર્ઘ વિકલ્પે થાય છે પણ परोक्षा તથા आशी. ના પ્રત્યયોમાં અને પરસ્મૈપદનો सिच् હોય તો આ નિયમ ન લાગે

(૮-શ્વ.) तरीता પક્ષે तरिता - તે તરશે.

(૯-ભ.) तरिष्यति પક્ષે तरीष्यति

(૧૦-ક્રિ.) अतरिष्यत् પક્ષે अतरीष्यत्

ત્રણે ઉદાહરણોમાં ધાતુ સેટ હોવાથી इ લાગ્યો છે તે વિકલ્પે દીર્ઘ થયો.

★ **અનુવૃતિ** :- गृहणोऽ परोक्षायां दीर्घः ४/४/३४ થી अपरोक्षायां दीर्घः

卐 **વિશેષ** :- 0 ધાતુ - वृंगट्र - वरणे (वृ)- વરવું. ગણ - (૫) સ્વાદિ - પરસ્મૈ - 1294

0 वृङ्-शॄ - सम्भक्तौ - સેવા કરવી. (૯) क्रयादि આત્મને - 1567

0 પરોક્ષાદિનું વર્જન કેમ કર્યું ?

तेरिथ - પરોક્ષા બી. પુ. એ. વ. છે.

वरिषीष्ट - આર્શીવિભક્તિ છે.

0 દીર્ઘ ॠ કારા કેમ કહ્યું :

कृ - करिष्यति - હ્રસ્વ ઋ કારા છે.

0 સાધનિકા :-

શ્વ :- तॄ + ता (ત્રી. પુ. એ. વ.)

(૧) नामिनो गुणो ४/३/१ तर् + ता

(૨) स्ताद्यशितो...इट् ४/४/३२ तर् + ई + ता

(૩) वृतोनवा...... ४/४/३५ થી વિકલ્પે દીર્ઘ થતા तरिता પક્ષે तरीता

0 * સૂત્રમાં ॠत् એવો त् કાર નિર્દેશ કરવાનું કારણ એ છે કે માત્ર ऋ ના ગ્રહણથી वृ ના સાહચર્યને કારણે ऋश् ગતૌ ધાતુનું ગ્રહણ થાત પણ ऋ કારાન્ત ધાતુ નહીં તેથી ॠत् એવા પ્રયોગથી ऋदन्त् ધાતુનું ગ્રહણ થશે.

■ શબ્દવૃત્તિ :- ट्धे पाने - (धे) પીવું. ધાવવું (૧) ભ્વાદિ-28 પરસ્મૈ. (૧-વ.) धयति-તે પીએ છે. धे+अ+तिव् = धय्+अ+ति = धयति - ચારે શિત્ કાળના રૂપો भू - भवति માફક સમજવા.

0 નોંધ :- न शिति ४/२/२ સૂત્રથી શિત્ કાળમાં સન્ધ્યક્ષરનો आ ન થાય.

[૭૨૪]

(૭૪) आत्सन्ध्यक्षरस्य ४/२/१

★ **સૂત્રપૃથ૦** :- आत् सन्ध्यक्षरस्य

★ **વૃત્તિ** :- धातोः सन्ध्यक्षरान्तस्य आः स्यात् न तु शिति પરે । ततश्च दा संज्ञा

卐 **વૃત્યર્થ** :- (ધાતુપાઠમાં) જે ધાતુ અને સન્ધ્યક્ષર વાળા જે. (તેને પ્રયોગમાં લેતા) સન્ધ્યક્ષરનો આ થાયછે.

(૨૦) न शिति ४/२/२ શિતકાળના પ્રત્યયો લાગ્યા હોય ત્યારે આ ન થાય. [૪૭૮]

તેની (अवौ दाधौ दा ३/३/५ થી) दा સંજ્ઞા થાયછે.

- ઉદા. માટે જુઓ સૂત્ર - ૭૫

卐 **વિશેષ** :- 0 સન્ધ્યક્ષર - ए ऐ ओ औ

0 શિત્ :- વર્તમાના, સપ્તમી, પંચમી, હ્યસ્તની

0 ધાતુને પહેલા આ કારા કરી ત્યારપછી આ કારાને આશ્રીને તમામ કાર્યો થાય.

0 ધાતુ જ કેમ ? गोभ्याम् - गो નામ છે.

[૭૨૫]

(૭૫) ट्धे श्वेर्वा ३/४/५९

★ **સુત્રપૃથ૦** :- ट्धे श्वेः वा

★ **વૃત્તિ** :- आभ्यां कर्तर्यद्यतन्यां ङोवा स्यात् । द्विर्धातुरिति द्वित्वे पूर्वे ह्रस्वत्वे दत्वे च । अदधत् अदधताम् अदधन् ।

■ ट्धेघ्राशाच्छासो वेति सिज्लोप विकल्पे अधात् अधाताम् अधुः પક્ષે अधासीत् अधासिष्टाम् अधासिषुः ५ । दधौ ६ ।

○ ○ ○ ○ ○ ○ ○ ○ ○ ○ ○ ○ ○ ○ ○ ○ ○ ○ ○

* ॠत् - બૃહદ્વૃત્તિ ભા ૨ લઘુન્યાસ

धेयात् ७ । धाता ८ । धास्यति ९ । अधास्यत् १० ।
ध्यै चिन्तायाम् ध्यायति ४ अध्यासीत् ५ दध्यौ, दध्यतुः, दध्युः ।
दध्यिथ ६ । ध्येयात् ध्यायात् ७ । अर्च पूजायाम् । अर्चति

卐 સૂત્રાર્થ :- ધે અને શ્વિ ધાતુને કર્તરિ પ્રયોગમાં અદ્યતની ના પ્રત્યયો લાગે ત્યારે પ્રત્યય પૂર્વે ङ (अ) વિકલ્પે થાય છે... જો ङ થાય તો –
(૧) દ્વિર્ધાતુ પરોક્ષા ૪/૧/૧ થી દ્વિત્વ થતા ધા નુ ધાધા
(૨) હ્રસ્વઃ ૪/૧/૩૯ થી ધધા (૩) દ્વિતીય તુર્યયો ૪/૧/૪૨ થી દધા – આ સૂત્રથી ङ લાગતા अदधत् (તેણે પીધું) રૂપ થયું અહી આ નો લોપ ઇટેત્પુસિ ચાતો ૪/૩/૯૪ થી થયો છે

★ અનુવૃત્તિ :- (૧) णि श्रि द्रु स्रु कमः कर्तरि ङः ૪/૩/૫૮ થી कर्तरि ङः
(૨) सिजद्यतन्याम् ૩/૪/૫૩ થી अद्यतन्याम्

卐 વિશેષ – 0 ધાતુ :- श्वि-टुओश्वि गति-वृद्ध्योः :- ગતિ વૃદ્ધિ અર્થ (૧) ભ્વાદિ–પરસ્મૈ 997

▣ શેષવૃત્તિ :- અદ્યતની ના રૂપો ધે ધાતુમા વિકલ્પે ત્રણ પ્રકારે છે
(૧) ङ લાગે–દ્વિત્વ થાય (૨) सिच् લાગે (૩) सिच् લાગીને લોપાય.
अदधत् પક્ષે अधासीत् પક્ષે अधात्

0 સાધનિકા :- धे+दि (त्)–आत् सन्ध्य ૪/૨/૧થી धा + त – ત્રણ વિકલ્પો (૧) ङ લાગે – धा+ङ-(अ)+त्
(૨) દ્વિર્ધાતુ.. ડે. ૪/૧/૧ धाधा + अत् (૩) હ્રસ્વઃ ૪/૧/૩૯ થી धधा+अत् (૪) द्वितीय तुर्ययो ૪/૧/૪૨ થી दधा+अत् (૫) इटेत्पुसि चातो ૪/૩/૯૪ થી दध्+ अत् (૬) अट्धातो ૪/૪ २९ થી अदधत् . વિકલ્પે (૨) अधासीत् વિકલ્પ (૩) अधात् બન્નેની સાધનિકા ધ્રા ની જેમ સમજવી.
વિકલ્પ – ૨ :- अधासीत् अधासिष्टाम् अधासिषुः
વિકલ્પ – ૩ :- अधात् अधाताम् अधुः
(૧-૫) दधौ – धा + णव् ત્રી પુ એ વ
(૭–આ) धेयात् – धा + क्यात् ત્રી. પુ એ વ
(૮–શ્વ) धाता – धा + ता – ત્રી પુ એ. વ.
(૯–ભ) धास्यति – धा + स्यति – ત્રી પુ એ વ.
(૧૦–ક્રિ) अधास्यत् – अ+धा+स्यत् ત્રી પુ એ વ
ઉપરોક્ત બધા રૂપો ક્યાં જેવા થશે પ્રત્યયની માંપિમાં इट् ન ઉમેરાય કારણ કે एकस्वरादनुस्वारेतः ૪/૪/૫૬

ध्यै चिन्तायाम्- ધ્યાન-ચિંતન કરવું (૧) ભ્વાદિ પરસ્મૈ – 30

0 ध्यायति–ध्यै+अ+ति=(૧–વ ત્રી પુ એ.વ.)=ध्याय्+ अ+ति = ध्यायति શીતકાળના રૂપો "શેષવૃત્તિ" મુજબ અને આદિત કાળના રૂપો ધ્રા ધાતુની જેમ જાણવા)

"સ્વરાન્ત ભ્વાદય ધાતુઓ પૂર્ણ"

अर्च् पूजायाम्–પૂજા કરવી–(૧) ભ્વાદિ પરસ્મૈ–104
अर्चति – તે પૂજા કરે છે.
(૧–વ) अर्चति (ર + ર) अर्चन्
(૩-પં) अर्चतु / तात् – વગેરે મૂ જેવા થશે.

[૭૨૫]

(૭૬) स्वरादेस्तासु ૪/૪/૩૧

★ સૂત્રપૃથ૦ :- स्वरादेः तासु
★ વૃત્તિ :- स्वरादेर्धातोरादेस्वरस्याद्यतनी-ह्यस्तनी क्रियातिपत्तिषु वृद्धिः स्यात् । आर्चत्

卐 સૂત્રાર્થ :–સ્વરાદિ ધાતુને અદ્યતની,હ્યસ્તની અને ક્રિયાતિપત્તિ ના પ્રત્યયો લાગે ત્યારે આદ્ય સ્વરની વૃદ્ધિ થાયછે. જેમકે :- अर्च + दिव् (त्) = आर्चत् તેણે પૂજા કરી – આદ્યસ્વર अ નો आ થયો
0 (૫ ભ.) अर्च्+दि (त्) ત્રી પુ. એ વ.=आर्चीत् । अर्च् + ताम् ત્રી પુ દ્વિ વ. आर्चिष्टाम्

★ અનુવૃત્તિ :- स्वरस्य वृद्धिः ૪/૪/૩૦
(૨) अड् धातोरादिः ह्यस्तन्या चामाङा ૪/૪/૨૯
(૩) (वा) अद्यतनी – क्रियातिपत्त्योः ૪/૪/૨૮

卐 વિશેષ :- 0 વૃદ્ધિ આસન્ન પરિભાષાથી નીકટના સ્વરમાં થાય જેમકે अ ની आ, इ ની ऐ વગેરે
0 સૂત્રમાં अमाङा ની નોંધ થઇ નથી પણ સિદ્ધહેમ વ્યા. ની વૃત્તિમાં નોંધ છે. તેથી मा स्म भवान् अर्चत् માં अ નો आ ન થાય.

0 સાધનિકા :-
(૫–અ) (૧) अर्च + दि (त्) =
(૨) सिजद्यतन्याम् ૩/૪/૫૩ થી अर्च + रा (૩) सः सिजस्ते...૪/૩/૬૫ अर्च + स् + ई + त् (૪) स्ताशितो ૪/૪/૩૯ – अर्च् + इ + स् + ई + त्
(૫) इट ईति ૪/૩/૭૧ – अर्च् + इ + ईत्
(૬) स्वरादे...૪/૪/૩૧ – आर्चीत्

[૭૨૭]

(૭૭) अनातो नश्चान्त ऋदाद्यशौ संयोगस्य ४/१/६९

★ સૂત્રપૃથ૦ :– अन् – आत: न: च अन्त: ऋत् – आदि – अशौ संयोगस्य

★ वृत्ति :– ऋदादेरश्नोतेः संयोगान्तस्य च परोक्षायां द्वित्वे पूर्वस्यादेरत आत्स्थानादन्यस्य आः स्यात् कृताते नान्तश्च । आनर्च आनर्चतुः आनर्चु: ६ ।

■ अर्च्यात् ७ । अर्चिता ८ । अर्चिष्यति ९ आर्चिष्यत् १० त्यज हानौ । त्यजति ४ ।

卐 વૃત્ત્યર્થ :– જેની આદિમાં ઋ છે તેવા ધાતુ, પાંચમાગણનો अश् ધાતુ તથા સંયોગાન્ત ધાતુનો પરોક્ષામાં દ્વિત્વ થયે છતે પૂર્વમાં–આદિમાં રહેલા अ નો आ થાય છે... પણ તે अ એ ह्रस्व: સૂત્રથી કરાયેલ आ નો अ ન હોવો જોઈએ. આ કરાયેલ आ ને અન્તે न् વ્યંજનનો આગમ થાય છે. (ટુંકમાં आन् પ્રત્યય થશે.)
(૬-પ) अर्च् ધાતુ – દ્વિત્વ अर्च्अर्च्+णव् – અનાદિ લોપ – अ अर्च् + अ આ સૂત્રથી आनर्च थशे. એજ રીતે પરોક્ષા ત્રી પુ. દ્વિ. વ. आनर्चतुः બ. વ. आनर्चु: થશે.
(અહીં પૂર્વનો अ દ્વિત્વનો જ છે તેથી आन् મુક્યું.)

★ અનુવૃત્તિ :– अस्यादेरा: परोक्षायाम् ४/१/६८

卐 વિશેષ :– 0 ઉદાહરણ :–
